અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૩ મે ૨૦૨૪, ગુરુવાર
વિક્રમ સંવત ૨૦૮૦, વૈશાખ સુદ પૂનમ

વર્ષ : ૧૫
અંક : ૨૯૨

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ચારધામ તીર્થયાત્રાને લઈને મોટા સમાચાર | શ્રદ્ધાળુઓની આરોગ્ય તપાસ ફરજિયાત એપ પર મેડિકલ ડેટા અપલોડ કરવાનો રહેશે

# ૫૦ વર્ષથી વધુ ઉંમરના શ્રદ્ધાળુઓની આરોગ્ય તપાસ ફરજિયાત બનાવાઈ

। (એજન્સી) દેહરાદૂન, તા.૨૨ ।

ચારધામ તીર્થયાત્રા પર જઈ રહેલા ૫૦ વર્ષથી વધુ ઉંમરના લોકો માટે એક મોટા સમાચાર આવી રહ્યા છે. અહેવાલો અનુસાર, યાત્રા રૂટ પર સ્વાસ્થ્યના કારણોસર શ્રદ્ધાળુઓના મૃત્યુથી ચિંતિત, ઉત્તરાખંડ સરકારે ૫૦ વર્ષથી વધુ ઉંમરના શ્રદ્ધાળુઓની આરોગ્ય તપાસ ફરજિયાત બનાવી છે. જણાવી દઈએ કે ૧૦ મેના રોજ ચારધામ યાત્રાની શરૂઆતથી અત્યાર સુધીમાં ૨૦ થી વધુ શ્રદ્ધાળુઓ સ્વાસ્થ્ય સંબંધિત કારણોસર મૃત્યુ પામ્યા છે. ઉત્તરાખંડના મુખ્ય સચિવ રાધા રતુરીએ દેહરાદૂનમાં જણાવ્યું હતું કે આરોગ્ય વિભાગ વિવિધ સ્થળોએ ચારધામ યાત્રા પર આવતા શ્રદ્ધાળુઓની આરોગ્ય તપાસ કરશે. તેમણે કહ્યું કે ખાસ કરીને ૫૦ વર્ષથી વધુ ઉંમરના મુસાફરો માટે આરોગ્યની તપાસ ફરજિયાત પણે કરવામાં આવશે, રતુરીએ કહ્યું કે શ્રદ્ધાળુઓને શ્રેષ્ઠ સ્વાસ્થ્ય સુવિધાઓ પૂરી પાડવા માટે, આરોગ્ય વિભાગ, 'વિશ ફાઉન્ડેશન' અને હંસ ફાઉન્ડેશને 'ઈ-સ્વસ્થ્ય ધામ' એપ લોન્ચ કરી છે જેના પર તેઓએ તેમનો સ્વાસ્થ્ય ડેટા



અપલોડ કરવાનો રહેશે. રતુરીએ આરોગ્ય અને પર્યટન વિભાગના અધિકારીઓને ચારધામ યાત્રા પર આવતા ભક્તોને નોંધણી દરમિયાન તેમના 'તબીબી ઈતિહાસ' (સ્વાસ્થ્ય પૃષ્ઠભૂમિ) વિશે માહિતી આપવા માટે જાગૃત કરવા જણાવ્યું છે. તેમણે કહ્યું કે જો શ્રદ્ધાળુઓ તેમનો સાચો તબીબી ઈતિહાસ પ્રદાન કરે છે, તો વહીવટીતંત્ર માટે કોઈપણ કટોકટીની સ્થિતિમાં તેમને તબીબી સહાય પૂરી પાડવાનું સરળ બનશે. તેમણે કહ્યું કે આ ઉપરાંત, તબીબી વિભાગ માટે તબીબી સંસાધનોનું વધુ સારી રીતે સંચાલન કરવું પણ સરળ બનશે. રતુરીએ કહ્યું કે વહીવટીતંત્ર શ્રદ્ધાળુઓને સુરક્ષિત અને સરળ ચારધામ યાત્રા આપવા માટે પ્રતિબદ્ધ છે. સત્તાવાર આંકડાઓ અનુસાર, ચારધામ યાત્રા રૂટ પર સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓના કારણે અત્યાર સુધીમાં ૨૦થી વધુ શ્રદ્ધાળુઓના મૃત્યુ થયા છે. ઉચ્ચ હિમાલય પ્રદેશમાં ચારધામોના સ્થાનને ધ્યાનમાં રાખીને, રાજ્ય સરકારે હિન્દી અને અંગ્રેજી સહિત ૧૪ ભાષાઓમાં આરોગ્ય સલાહ જારી કરી છે અને ભક્તોને તેનું પાલન કરવા વિનંતી કરી છે.

## ન્યૂઝ બ્રિફ

### ભાજપ દ્વારા દિગજ ભોજપુરી સ્ટારની પાર્ટીમાંથી હકાલ પટ્ટી

। (એજન્સી) કારાકાટ, તા.૨૨ ।

બિહારની કારાકાટ લોકસભા બેઠકથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહેલા ભોજપુરીસ્ટાર પવન સિંહની ભાજપે પાર્ટીમાંથી હકાલપટ્ટી કરી દીધી છે. વડાપ્રધાન મોદીની કારાકાટમાં એનડીએ ઉમેદવાર રાષ્ટ્રીય લોક મોર્ચાના અધ્યક્ષ ઉપેન્દ્ર કુશવાહાના સમર્થનમાં જાહેર સભા પહેલા જ ભાજપે આ મોટી કાર્યવાહી કરી હતી. બિહારના ભાજપ અધ્યક્ષ સમ્રાટ ચૌધરીના નિર્દેશ બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ભાજપમાં બળવો પોકાર પવન સિંહે કારાકાટથી અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી હતી જેનાથી એનડીએ ઉમેદવાર ઉપેન્દ્ર કુશવાહાની મુશ્કેલી વધી ગઈ હતી.

### બાબા રામદેવ અને બાલકૃષ્ણને ત્રીજી જૂને હાજર રહેવા નોટિસ

। (એજન્સી) થિરૂવનંતપૂરમ, તા.૨૨ ।

યોગગુરુ બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણની મુશ્કેલીઓ ઘટવાના બદલે વધી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. અંગ્રેજી અને મલયાલમ ન્યુઝ પેપર્સમાં ભ્રામક જાહેરાત આપવાના કેસમાં કાઝિકોડાની કોર્ટે તેમને ૩ જૂન હાજર રહેવા કહ્યું છે. ઉલ્લેખનીય છે કે થોડા દિવસો પહેલા જ બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણને સુપ્રીમ કોર્ટમાં ભ્રામક જાહેરાત આપવાના કેસમાં કોર્ટ સમક્ષ હાજર થવામાંથી મુક્તિ મળી છે. તે પહેલા યોગગુરુ અને તેમના શિષ્યએ કોર્ટમાં ભ્રામક જાહેરાતના કેસમાં માફી માંગી હતી.

### રેલીમાં વડાપ્રધાન મોદીએ વિપક્ષને આડે હાથ લીધું

# કોંગ્રેસે જ ઈમરજન્સી લાદીને બંધારણનો નાશ કર્યો હતો : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

**સપાના લોકો દલિતો માટે અનામતની વિરુદ્ધ છે : સપા સરકારના શાસનમાં યુપીમાં માફિયાઓનું શાસન હતું : મોદી**

। (એજન્સી) બસ્તી, તા.૨૨ ।

લોકસભા ચૂંટણીને લઈ વડાપ્રધાન મોદીએ ઉત્તર પ્રદેશના બસ્તીમાં જાહેરસભા સંબોધી હતી. આજે બસ્તીમાં જનસભાને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફરી એકવાર વિપક્ષી પાર્ટીઓના ગઠબંધન પર આકરા પ્રહારો કર્યા હતા. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આજે જે કોંગ્રેસી નેતાઓ બંધારણ બચાવોના નારા લગાવી રહ્યા છે તેઓને ખબર નથી કે કોંગ્રેસે જ ઈમરજન્સી લાદીને બંધારણનો નાશ કર્યો હતો. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, તેમની વચ્ચે ઘણા એવા નેતાઓ છે જેમણે કોંગ્રેસના બંધારણને પણ સ્વીકાર્યું નથી. ઉત્તર પ્રદેશના બસ્તીમાં જાહેરસભા સંબોધતાં વડાપ્રધાન મોદીએ સમાજવાદી પાર્ટીને દલિત વિરોધી ગણાવીને તેના પર નિશાન સાધ્યું અને કહ્યું કે, સપાના લોકો દલિતો માટે અનામતની



વિરુદ્ધ છે. સપા સરકારના શાસનમાં યુપીમાં માફિયાઓનું શાસન હતું, મહિલાઓની સુરક્ષા જોખમમાં હતી. તોફાનીઓને ખાસ પ્રોટોકોલ મળતો હતો. આતંકવાદીઓને જેલમાંથી મુક્ત કરવાના આદેશ જાહેર કરવામાં આવ્યા હતા.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, INDIA ગઠબંધનના પરિવારલક્ષી પક્ષોએ તુષ્ટિકરણની તમામ હદો વટાવી દીધી છે. આપણો દેશ ૫૦૦ વર્ષથી રામ મંદિરની રાહ જોઈ રહ્યો હતો પરંતુ વિરોધ પક્ષોને રામ મંદિર અને રામને લઈને સમસ્યા છે. તેમણે કહ્યું કે, INDIA ગઠબંધનના લોકોના દરેક નિવેદનને જુઓ. તેમને યાદ પણ નથી કે તેમણે બે દિવસ પહેલા શું કહ્યું હતું અને આજે શું કહી રહ્યા છે. બસ્તીની રેલીમાં વડાપ્રધાન મોદીએ પાકિસ્તાનનો ઉલ્લેખ કરતાં સપા-કોંગ્રેસ પર પણ આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, પાકિસ્તાનની હાર થઈ છે પરંતુ અહીં તેના હમદર્દ દેશના લોકોને ડરાવવામાં વ્યસ્ત છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આ લોકો કહે છે કે પાકિસ્તાનથી ડરો, તેની પાસે એટમ બોમ્બ છે. વડાપ્રધાને સવાલ ઉઠાવ્યો કે ભારત શા માટે ડરવું જોઈએ? તેમણે કહ્યું કે, આજે ભારતમાં કોંગ્રેસની નબળી સરકાર નથી, મજબૂત મોદી સરકાર છે. આજે ભારત ઘરમાં ઘૂસીને મારે છે.

### મોંઘવારી અને બેરોજગારીપર વાત નથી કરતા પીએમ : કોંગ્રેસ

# અગ્નિવીર યોજનાને કચરામાં ફેંકી દઈશું : કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી

। (એજન્સી) મહેન્દ્રગઢ, તા.૨૨ ।

આજે હરિયાણાના મહેન્દ્રગઢમાં જનસભાને સંબોધિત કરતા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદી અને ભાજપ પર નિશાન સાધ્યું હતું. તેમણે અગ્નિવીર યોજના અને સરકાર પર પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીએ કહ્યું કે, 'પીએમ નરેન્દ્ર મોદીની સરકારે ભારતના સૈનિકોને મજૂર બનાવી દીધા છે. નવી નીતિમાં બે પ્રકારના સૈનિકો બનાવવામાં આવ્યા છે. એક એવા



શહીદ જેના પરિવારને પેન્શન મળશે, શહીદનો દરજ્જો મળશે અને બધી જ સુવિધાઓ મળશે. જયારે બીજા પ્રકારના શહીદ એટલે કે ગરીબ ઘરનો દીકરો જેને અગ્નિવીર નામ આપવામાં આવ્યું છે. આ અગ્નિવીરને ન તો શહીદનો દરજ્જો મળશે, ન તેને પેન્શન મળશે, ન તો તેને કોઈ સુવિધા મળશે, ન તો તેને કેન્ટીન મળશે. આ યોજના નરેન્દ્ર મોદીની યોજના છે. આ સેનાની યોજના નથી. સેનાને તે જોઈતી નથી. આ યોજના પીએમઓ તરફથી બનાવવામાં આવી છે, 'I.N.D.I.A.' ગઠબંધન સરકાર આવશે, ત્યારે અમે અગ્નિવીર યોજનાને કચરામાં ફેંકી દઈશું.'

રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું હતું કે, 'જો કોઈપણ યુવાન શહીદ થશે પછી ભલે તે હરિયાણાનો હોય કે અન્ય કોઈ જગ્યાનો બધા એક જ પ્રકારના શહીદ હશે. બધાને સમાન સુવિધાઓ મળશે. ઈન્ડિયા સરકાર બધાની રક્ષા કરશે, બધાના પરિવારને પેન્શન મળશે, શહીદનો દરજ્જો બધાને મળશે. અમે અગ્નિવીર યોજનાને કચરામાં ફેંકી દઈશું.' 'I.N.D.I.A.'ની ગઠબંધન સરકારમાં આવશે તો બધાને સમાન સુવિધા મળશે એવો દાવો પણ કરવામાં આવ્યો હતો. સેનામાં કોઈની સાથે ભેદભાવ કરવામાં આવશે નહીં. માત્ર એક જ પ્રકારના શહીદો હશે, એક જ પ્રકારની સેવા શરતો લાગુ પડશે. તમામ પરિવારોને કોઈને કોઈ પ્રકારનું પેન્શન મળશે, દરેકને શહીદનો દરજ્જો મળશે.

### મોદીના ભારતમાં મુસ્લિમો ભયમાં હોવાના મીડિયા અહેવાલ અંગે અમેરિકાની પ્રતિક્રિયા

# તમામ ધર્મના લોકો સાથે સમાન વ્યવહાર માટે ભારત સહિતના દેશો સાથે ચર્ચા : US

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

મોદીના ભારતમાં મુસ્લિમો ભય અને અનિશ્ચિતતા વચ્ચે જીવી રહ્યો હોવાનો આક્ષેપ કરતાં ન્યૂ યોર્ક ટાઈમ્સના એક રીપોર્ટ અંગેના સવાલના જવાબમાં અમેરિકાએ જણાવ્યું હતું તે ભારત સહિત વિશ્વના ઘણા દેશો સાથે તમામ ધર્મના લોકો માટે સમાન વ્યવહારના મહત્વ અંગે વિચારવિમર્શ કરી રહ્યું છે. બાઈડન સરકાર ધાર્મિક સ્વતંત્રતાના અધિકાર માટે સાર્વત્રિક સન્માનને પ્રોત્સાહન આપવા અને તેનું રક્ષણ કરવા માટે પ્રતિબદ્ધ છે. 'સ્ટ્રેન્જર્સ ઈન ધેર ઓન લેન્ડ: બીઈંગ મુસ્લિમ ઈન મોદીના ઈન્ડિયા' શીર્ષક હેઠળના આ રીપોર્ટ અંગેના સવાલના જવાબમાં અમેરિકાના વિદેશ વિભાગના પ્રવક્તા મેથ્યૂ મિલરે સોમવારે ડેઈલી ન્યૂઝ કોન્ફરન્સમાં



આ ટીપ્પણી કરી હતી. મિલરને સવાલ કરાયો હતો કે "શું તમે આ મુદ્દાઓમાં ભારતીય અધિકારીઓ સાથે વિચારવિમર્શ કરી છો?" ન્યૂ યોર્ક ટાઈમ્સના આ અહેવાલમાં આક્ષેપ કરાયો હતો કે ભારતમાં વિશ્વનો સૌથી મોટો મુસ્લિમ સમુદાય ભય અને અનિશ્ચિતતા વચ્ચે તેમના પરિવાર અને બાળકોનો ઉછેર કરી રહ્યો છે. સપ્તાહના અંતે પ્રકાશિત થયેલા લેખમાં આક્ષેપ કરાયો હતો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સત્તા સંભાળ્યા બાદથી ધર્મનિરપેક્ષ માળખા અને મજબૂત લોકશાહીને દૂર કરી દીધી છે. જોકે ભારત ભૂતકાળમાં દેશની ખોટી માહિતી અને ખામીયુક્ત સમજણ પર આધારિત આવા આક્ષેપોને ફગાવી ચુક્યું છે. મિલરે જણાવ્યું હતું કે "હું ખાનગી રાજદ્વારી વાર્તાલાપ અંગે કંઈ કહેવા માગતો નથી, પરંતુ અમે સમગ્ર વિશ્વમાં ધર્મ અથવા આસ્થાની સ્વતંત્રતાના અધિકાર માટે સાર્વત્રિક સન્માનને પ્રોત્સાહન આપવા અને તેનું રક્ષણ કરવા માટે પ્રતિબદ્ધ છીએ."

### PFIને સુપ્રીમ કોર્ટનો ઝટકો

# મદ્રાસ હાઈકોર્ટના નિર્ણયને પલટાવ્યો ૮ આરોપીઓના જામીન રદ્દ કરાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

પ્રતિબંધિત સંગઠન પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (PFI)ના સભ્યોને સુપ્રીમ કોર્ટ તરફથી આજે બુધવારે મોટો ઝટકો લાગ્યો છે. સુપ્રીમ કોર્ટે મદ્રાસ હાઈકોર્ટના નિર્ણયને પલટી નાખ્યો છે અને તમામ ૮ આરોપીઓના જામીન રદ્દ કરી દીધા છે. આ આઠ લોકો પર આતંકવાદી ઘટનાઓનું ષડયંત્ર રચવાનો આરોપ લગાવવામાં આવ્યો છે અને કેસ ચાલી રહ્યો છે. હકીકતમાં, મદ્રાસ હાઈકોર્ટે ગયા વર્ષે આ ૮ આરોપીઓને જામીન આપ્યા હતા. જે બાદ આરોપીઓને જામીન મળવાનો મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. આ મામલે કોર્ટમાં સુનાવણી થઈ અને જસ્ટિસ ત્રિવેદીએ પોતાનો નિર્ણય સંભળાવ્યો હતો. જસ્ટિસ ત્રિવેદીએ કહ્યું કે, આ PFI સભ્યો પર દેશ વિરુદ્ધ ષડયંત્ર રચવાનો અને આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ હોવાનો આરોપ છે. તેણે માત્ર ૧.૫ વર્ષ (દોઢ વર્ષ) જેલમાં વિતાવ્યા છે. આ કારણોસર અમે તેને જામીન પર મુક્ત કરવાના હાઈકોર્ટના નિર્ણયમાં દખલ કરી રહ્યા છીએ.

### રેતીમાં પાપડ શેક્યાનો વિડીયો બહાર આવ્યો

# એટલી ગરમી કે BSF જવાને ગરમ રેતી પર શેક્યો પાપડ

## બીકાનેરમાં BSF સૈનિકો ગરમી વચ્ચે પણ દેશની પાકિસ્તાન બોર્ડર પર તૈનાત : અહીં તાપમાન ૪૭ ડિગ્રી

। (એજન્સી) બીકાનેર, તા.૨૨ ।

દેશના અનેક રાજ્યોમાં ભીષણ ગરમી થી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે ત્યારે અંગદઝાડતી ગરમી વચ્ચે દેશના જવાનો દેશની સરહદ પર ઉભા રહી રક્ષા કરી રહ્યા છે ત્યારે એટલી બધી ગરમી કે ગરમ રેતીમાં પાપડ શેકાઈ જાય જેનો વિડીયો સામે આવ્યો છે. ત્યારે હવામાન વિભાગનું કહેવું છે કે પંજાબ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, ગુજરાત અને ઉત્તર-પશ્ચિમ મધ્ય પ્રદેશમાં આગામી ૫ દિવસ સુધી ગરમીથી રાહત મળવાની કોઈ આશા નથી. દિલ્હી-એનસીઆર સહિત સમગ્ર ઉત્તર ભારતમાં આકરી ગરમી પડી રહી છે. ઘણી જગ્યાએ તાપમાન ૪૭ ડિગ્રી સુધી પહોંચી ગયું છે. હવામાન વિભાગનું કહેવું છે કે પંજાબ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, ગુજરાત અને ઉત્તર-પશ્ચિમ મધ્ય પ્રદેશમાં આગામી ૫ દિવસ સુધી ગરમીથી રાહત મળવાની કોઈ આશા નથી. રાજસ્થાનમાં પણ આકરી ગરમીએ તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. બિકાનેરથી જે તસવીર સામે આવી છે તે આશ્ચર્યજનક છે. અહેવાલ મુજબ, બીકાનેરમાં BSF સૈનિકો આકરી ગરમી વચ્ચે પણ દેશની સુરક્ષા માટે પાકિસ્તાન બોર્ડર પર તૈનાત છે. અહીં તાપમાન ૪૭ ડિગ્રીએ પહોંચી ગયું છે. અહીં તૈનાત સૈનિકો ગરમ રેતી પર પાપડ શેકતા જોવા મળ્યા હતા. રેતી પર પાપડ શેકતા સૈનિકનો વીડિયો સામે આવ્યો છે. મળતા અહેવાલ અનુસાર, હવામાન વિભાગે પંજાબ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, ગુજરાત અને ઉત્તર-પશ્ચિમ મધ્ય પ્રદેશ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે.

### સ્વાતિ માલીવાલ કેસમાં શશિ થરૂરનું નિવેદન

# ભાજપ મુદ્દાને વારંવાર ઉઠાવીને અન્ય મોટા મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવા માંગે છે

## આમ આદમી પાર્ટી સંપૂર્ણ પૃષ્ઠભૂમિ જાણે છે : શશિ થરૂર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ઘરે AAP સાંસદ સ્વાતિ માલીવાલ સાથે ગેરવર્તણૂકના મામલામાં રાજકારણ ગરમાયું છે. ત્યારે હવે આ મામલે કોંગ્રેસના સાંસદ શશિ થરૂરનું નિવેદન સામે આવ્યું છે. સાંસદ અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા શશિ થરૂરે કહ્યું કે સ્વાતિ માલીવાલ મુદ્દે આમ આદમી પાર્ટીના નેતાઓ સતત નિવેદન આપી રહ્યા છે. તેઓ આ બાબતથી સારી રીતે પરિચિત છે. આમ આદમી પાર્ટી સંપૂર્ણ પૃષ્ઠભૂમિ પણ જાણે છે. આવી સ્થિતિમાં અમારે કંઈ કહેવાની જરૂર નથી. શશિ થરૂરે એમ પણ કહ્યું કે ભાજપ આ મુદ્દાને વારંવાર ઉઠાવીને દેશના અન્ય મોટા મુદ્દાઓ પરથી ધ્યાન હટાવવા માંગે છે. પ્રદેશ કોંગ્રેસ કાર્યાલયમાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન થરૂરે એમ પણ કહ્યું કે AAP અને કોંગ્રેસના નેતાઓ ચૂંટણી પ્રચારને લઈને સાથે છે. સ્ટેજ શેર ન કરવા પાછળનું કારણ સમયપત્રક મેચ ન થવાનું છે. જો કે પાર્ટીના અન્ય નેતાઓ પણ સ્ટેજ શેર કરી રહ્યા છે. અન્ય એક પ્રશ્નના જવાબમાં શશિએ કહ્યું કે ઈન્ડી ગઠબંધન સમાજના તમામ વર્ગોને સાથે લઈ જાય છે. તમામ વર્ગોના હિતની વાત કરે છે. કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં પણ દરેક વર્ગને ન્યાય આપવાની વાત કરવામાં આવી છે. સ્વાતિ માલીવાલે પોલીસને આપેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, જ્યારે તે ૧૩ મેના રોજ સવારે દિલ્હીના CM અરવિંદ કેજરીવાલને મળવા તેમના ઘરે પહોંચી ત્યારે તેને ડ્રોઈંગ રૂમમાં બેસાડવામાં આવી હતી. આ પછી CM કેજરીવાલના પીએસ વિભવ કુમારે તેમના પર ખરાબ રીતે હુમલો કર્યો હતો. વિભવે સ્વાતિ સાથે માત્ર ગેરવર્તણૂક જ નહીં પરંતુ તેણીને ખરાબ રીતે માર પણ માર્યો.

### ઇફ્કો બાદ નાફેડમાં પણ ગુજરાતી ચેરમેન

# નાફેડના ચેરમેન તરીકે જેઠા ભરવાડ બિનહરીફ ચૂંટાયા

## ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ પંચમહાલ ડેરીના ચેરમેન અને પીડીસી બેંકના છે ચેરમેન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

નેશનલ એગ્રિકલ્ચર કો ઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા એટલે નાફેડના ચેરમેન તરીકે જેઠાભાઈ ભરવાડ બિનહરીફ ચૂંટાયા છે. દિલ્હીમાં દેશના સહકારી ક્ષેત્રની મહત્ત્વની ગણાતી નાફેડની ચૂંટણી યોજાઈ હતી. ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠાભાઈ ભરવાડ કે જેમના માટે દિલીપ સંઘાણીએ તેમની બેઠક ખાલી કરી હતી, તેઓ નાફેડની ડિરેક્ટરોની બોર્ડ મીટિંગમાં ચેરમેન તરીકે બિનહરીફ ચૂંટાયા હતા. નોંધનીય છે કે જેઠાભાઈ ભરવાડ પંચમહાલ ડેરીના ચેરમેન અને પીડીસી બેંકના ચેરમેન પણ છે. મોહન કુંડારિયાને નાફેડના ચેરમેન પદ માટેના પ્રબળ દાવેદાર માનવામાં આવી રહ્યા હતા. દિલ્હી ખાતે નાફેડના ચેરમેન પદ માટે મતદાન યોજાયું હતું. જેમાં ગુજરાતના બે સહિત કુલ ૨૧ ડિરેક્ટરોએ આ ચૂંટણીમાં મતદાન કર્યું છે. જેમાં રાજકોટના સાંસદ મોહનભાઈ કુંડારિયા સહિત ગુજરાતના બે ડિરેક્ટરોએ મતદાન કર્યું છે. અગાઉ ખેડૂતોની સૌથી મોટી સહકારી સંસ્થા ઈફકોમાં ચેરમેન તરીકે દિલીપ સંઘાણી તરીકે બિનહરીફ ચૂંટાયા હતા. ઈફકોના ચેરમેન અને વાઈસ ચેરમેનની નિયુક્તિ માટે ૨૧ ડિરેક્ટરોની બોર્ડ મિટિંગમાં દિલીપ સંઘાણીની ચેરમેન તરીકે બીજી વખત નિયુક્તિ કરાઈ હતી. તો ઈફકોના બોર્ડ ઓફ ડિરેક્ટર તરીકે બે ટર્મથી જયેશ રાદડિયાની જીત થઈ હતી. જણાવી દઈએ કે, આ વર્ષે સહકારી ક્ષેત્રમાં ઉમેદવારની પસંદગીમાં મુશ્કેલી ઉભી થઈ હતી.

### સિંચાઈને લઈ ખેડૂતો હાલમાં મુશ્કેલી અનુભવી રહ્યા છે

# દાંતીવાડા ડેમનું પાણી કેનાલમાં આપવા પાલનપુરના ખેડૂતોની માંગ

### મગફળી અને બાજરીના પાકનું ઉત્પાદન કરતા ખેડૂતો માટે સિંચાઈ માટે સમસ્યા સર્જાઈ છે




। (એજન્સી) દાંતીવાડા, તા.૨૨ ।

દાંતીવાડા ડેમમાંથી સિંચાઈ માટે પાણી છોડવા માટે ખેડૂતોએ માંગ કરી છે. સિંચાઈને લઈ ખેડૂતો હાલમાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. મગફળી અને બાજરીના પાકનું ઉત્પાદન કરતા ખેડૂતો માટે સિંચાઈ માટે સમસ્યા સર્જાઈ છે. પાલનપુર તાલુકાના ગઢ વિસ્તારના ખેડૂતોને હાલમાં સિંચાઈની હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. દાંતીવાડા ડેમમાંથી સિંચાઈ માટે પાણી છોડવા માટે ખેડૂતોએ માંગ કરી છે. સિંચાઈને લઈ ખેડૂતો હાલમાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. મગફળી અને બાજરીના પાકનું ઉત્પાદન કરતા ખેડૂતો માટે સિંચાઈ માટે સમસ્યા સર્જાઈ છે. પાલનપુર તાલુકાના ગઢ વિસ્તારના ખેડૂતોને હાલમાં સિંચાઈની હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. લગભગ ૯૦૦૦ હેક્ટર વિસ્તારમાં ઉનાળાની ખેતીને માથે તોખમ સર્જાયું છે. છેલ્લા દશ દિવસથી સિંચાઈની સમસ્યાએ ચિંતા વધારી દીધી છે.

### સ્માર્ટ મીટરનો વિવાદ હાઇકોર્ટ પહોંચ્યો

# વીજ કંપનીને સ્માર્ટ મીટર નહીં લગાવવા દેવાની દાદ સાથે હાઇકોર્ટમાં પિટિશન

### વડોદરાના રહેવાસી વાસુદેવ ઠક્કર દ્વારા આ રિટ પિટિશન કરાઇ છે, જેની સુનાવણી આગામી દિવસોમાં હાથ ધરાય એવી શક્યતા છે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

આ રિટમાં મધ્ય ગુજરાત વીજ કં.લિ. દ્વારા સ્માર્ટ મીટર લગાવવાના આગ્રહ સામે અરજદારે રિટ કરી છે. જેમાં એવી રજૂઆત કરી છે કે,'અરજદારે પ્રત્યેક વીજ કનેક્શનના એડવાન્સ વીજ વપરાશની ડિપોઝીટની રકમ વીજ કંપનીને તેમના માંગ્યા મુજબ કચેરીમાં ડિપોઝીટ કરાવેલી છે. આ વીજ કનેક્શનના પોસ્ટ પેઈડ મીટરોથી હાલ અરજદાર સંતુષ્ટ છે અને જ્યારે પ્રિ પેઈડ મીટરોની જરૂર જણાશે ત્યારે અમે વીજ કનેક્શન માટે તે મીટર લગાવવા વીજ કંપનીને અગાઉથી જાણ કરીશું. હાલ અમે અમારા પોસ્ટ પેઈડ વીજ મીટરોને પ્રિ પેઈડ સ્માર્ટ મીટરો સાથે બદલવા માંગતા નથી. તેમ છતાંય કાયદાથી વિરુદ્ધ જઈને મધ્ય ગુજરાત વીજ કં.લિ. દ્વારા અમારા તથા અમારી કૌટુંબીક મિલ્કતોમાં લગાવેલા વિવિધ પોસ્ટ પેઈડ મીટરો અનઈન્સ્ટોલ કરીને મનસ્વી રીતે પ્રિપેઈડ સ્માર્ટ મીટરો ઈન્સ્ટોલ ન કરે તેવા આદેશ કરવા જોઈએ.' રિટમાં એવી દાદ માંગવામાં આવી છે કે, 'ઈલેક્ટ્રિસિટી



એક્ટ ૨૦૦૩ની કલમ ૪૭ની પેટા કલમ (૫)માં સ્પષ્ટ દર્શાવ્યું છે તે મુજબ ફક્ત જે જે વીજ ગ્રાહકો અંદાજિત વીજ વપરાશની એડવાન્સ રકમની ડિપોઝીટ વીજ કંપનીને જમા કરવા માંગતા ન હોય, તેવા ગ્રાહકોને પ્રિપેઈડ સ્માર્ટ મીટરો ઈન્સ્ટોલ કરી આપે. જે ગ્રાહકો અંદાજિત વીજ વપરાશની એડવાન્સ રકમની ડિપોઝીટ વીજ કંપનીને જમા કરી હોય અને જમા કરવા માંગતા હોય તેવા ગ્રાહકોને ફક્ત પોસ્ટ પેઈડ વીજ મીટરોથી જ વીજ સપ્લાય પૂરા પાડે તેવી જોગવાઈ સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટીના ઈન્સ્ટોલેશન એન્ડ ઓપરેશનઓફ મીટર રેગ્યુલેશન ૨૦૦૬માં એમેન્ડ કરવામાં આવે તેવો આદેશ પણ કરવો જોઈએ.' અરજદાર દ્વારા હાલમાં જે જાહેરનામાને લઈને વિવાદ શરૂ થયો છે તેની કાયદેસરતા અને બંધારણીયતાને પણ પડકારી છે. જે મામલે એવી રજૂઆત કરી છે કે,'અરજદારની કૌટુંબીક મિલ્કતોમાં લગાવાયેલા વીજ કનેક્શનના રેગ્યુલર પોસ્ટ પેઈડ મીટરો બદલી પ્રિ પેઈડ સ્માર્ટ મીટરો રિપ્લેસ કરવાનો એમજીવીસીએલનો ઈરાદો ધ્યાને આવતાં જોગવાઈનો અભ્યાસ અરજદાર દ્વારા કરાયો છે. રિટમાં રજૂઆત છે કે સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટીના ઈન્સ્ટોલેશન એન્ડ ઓપરેશન ઓફ મીટર રેગ્લુયેશન ૨૦૦૬ના ૨૩-૧૨-૨૦૧૯ના એમેન્ડમેન્ટ જાહેર કરાયા બાદ કેન્દ્ર સરકારના મિનીસ્ટ્રી ઓફ પાવર દ્વારા ઈલેક્ટ્રિસિટી રાઈટ ઓપ કન્ઝ્યુમર રૂલ્સ ૨૦૨૦ને ૩૧-૧૨-૨૦૨૦ના રોજ અમલમાં લવાયો છે, તે નિયમમાં પ્રિ પેઈડ સ્માર્ટ મીટર ફરજિયાત પણે લગાવવાનું ક્યાંય દર્શાવાયું નથી.'

### હીટની સાથે હાર્ટએટેકથી મોતનો સિલસિલો જારી

# વડોદરા શહેરમાં હીટ અને હાર્ટએટેકથી ૧૩નાં મોત

। (એજન્સી) વડોદરા, તા.૨૨ ।



વડોદરામાં હીટની સાથે હાર્ટએટેકથી મોતનો સિલસિલો જારી રહ્યો છે. કુલ ૧૩ લોકોએ હાર્ટ એટેકના લીધે જીવ ગુમાવ્યા છે. આ બધા લોકોએ ગભરામણ, ચક્કર સહિતના લક્ષણો બાદ જીવ ગુમાવ્યા છે. વડોદરામાં સોમવારે ગરમીને લગતી માંદગીના લીધે ચાર વ્યક્તિના મોત નીપજ્યા હતા. જ્યારે હાર્ટએટેકથી બેના મોત નીપજ્યા હતા. આ ઉપરાંત ડીહાઈડ્રેશનની તકલીફ અને બેભાન થવાથી બે વ્યક્તિના મોત નીપજ્યા છે. ખોડિયારનગરમાં ભાથીજી નગરના મુકેશ ચંદ્રને ગરમીના લીધે છેલ્લા ત્રણ દિવસથી તાવની તકલીફ હતી. સોમવારે પણ બેભાન થતાં હોસ્પિટલ લઈ જવાયા હતા. તેમનું ત્યાં સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. કિશનવાડીમાં મેડિકલ રિપ્રેઝન્ટેટિવ તરીકે નોકરી કરતા ૩૫ વર્ષીય કલ્પેશ સોનીને તાવ, ચક્કર, ઉલ્ટી અને ખેંચ આવતા હોસ્પિટલ લઈ જવાયા હતા. પ્રાથમિક સારવાર પછી મોડી રાત્રે બેભાન થતાં કલ્પેશ સોનીનું નિધન થયું હતું. પ્રતાપ નગરમાં વૂડાના મકાનમાં રહેતા રાજુભાઈ ચંદુભાઈ પરમાર બેભાન થતાં સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તેમને ત્યાં ડોક્ટરે મૃત્યુ પામેલા જાહેર કર્યા હતા. આ જ રીતે આજવા રોડ પર ૫૬ વર્ષના સરદાર ગુરમીતસિંહ અને પ્રતાપનગર વૂડાના મકાનમાં રહેતા ૪૦ વર્ષીય રાજુ પરમારનું હાર્ટ એટેકના લીધે નિધન થયું હતું.

અસહ્ય ગરમીમાં હૃદય રોગના હુમલાના કિસ્સામાં વધારો થયો છે. છેલ્લા બે દિવસમાં શંકાસ્પદ હૃદય રોગના હુમલાને કારણે વડોદરા શહેરમાં નવ વ્યક્તિઓ જ્યારે મોગર ગામના એક વ્યક્તિ મળી ૧૦ વ્યક્તિઓના મોત નિપજ્યા છે. વાઘોડિયા રોડ ઉપર અંબે વિદ્યાલય પાસે વૈકુંઠ સોસાયટીમાં રહેતા ૫૪ વર્ષીય નરેન્દ્ર ભાઈ મીરાબાઈ રાઠવા ઘરે બેભાન થયા હતા. ત્યાર બાદ હોસ્પિટલ લઈ જતા ડોક્ટરે મૃત ઘોષિત કર્યા હતા.બીજા બનાવમાં ૭૦ વર્ષ હંસાબેન નાયકને તેમના દીકરી અને જમાઈ વારંવાર ફોન કરતાં ફોન ન ઉઠાવતા પડોશીને જાણ કરી હતી. ઘરના દરવાજા બંધ હોય ફાયર બ્રિગેડને બોલાવી બહાર કાઢતા તેઓ બેભાન હતાં હોસ્પિટલ લઈ જતા તેમનું શંકાસ્પદ હૃદય રોગના હુમલાથી મોત નીપજ્યું હતું. ડભોઈ રોડ ઉપર જલારામ નગરમાં રહેતા ૫૭ વર્ષ ચેતનભાઈ રાઠવા છાતિમાં દુખાવો થતાં હોસ્પિટલ લઈ જતા ત્યાં સારવાર દરમિયાન હાર્ટ અટેકથી મોત થયું. તરસાલીના શારદા નગરમાં રહેતા ૫૭ વર્ષ કુમાર પાંડે છાતીમાં દુખાવો થતાં હોસ્પિટલ ખસેડાયા પરંતુ તેમનું મોત થયું હતું. સમતા રોડ ઉપર સૌરભ પાર્ક સોસાયટીમાં રહેતા તરસાલીમાં રહેતા ૩૨ વર્ષીય સંજયભાઈ સોલંકી તેમને ગભરામણ થતાં સયાજી હોસ્પિટલ ખસેડાયા જ્યાં હૃદય રોગથી તેમનું મોત નીપજ્યું હતું. વાસણા કોતરિયા ગામમાં રહેતા ૬૭ વર્ષે મગનભાઈ કેશુભાઈ રોહિત એકાએક છાતીમાં દુખાવો પડતા હોસ્પિટલ લઈ જતા શંકાસ્પદ હૃદય રોગથી મોત થયું હતું અને છાણી વિસ્તારમાં રહેતા ૨૭ વર્ષીય યુવાનની તબિયત લથડતા હોસ્પિટલ લઈ જતા શંકાસ્પદ હાર્ટ એટેકથી મોત થયું હતું.

### ગેરકાયદે બાંધકામો સામે આંખ આડા કાન

# અમદાવાદનું એસ્ટેટ વિભાગ ભ્રષ્ટાચારના ભરડામાં ફસાયું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદનું એસ્ટેટ વિભાગ ભ્રષ્ટાચારના ભરડામાં ફસાયેલું હોય તેવું જણાઈ રહ્યું છે. જેમાં અમદાવાદની પૂર્વ ઝોનલ કચેરીની પાસે જ ગેરકાયદેસર બાંધકામો કરવામાં આવ્યા છે. કચેરીની ૩૦૦ મીટરની ત્રિજ્યામાં જ ગેરકાયદે બાંધકામો કરવામાં આવ્યા હોવાછતા અધિકારીઓના પેટનું પાણી હલતું નથી. પૂર્વ ઝોનના વિરાટનગરમાં ગેરકાયદે બાંધકામો કરયા હોવાનું બહાર આવ્યું છે. જેમાં શ્યામ એસ્ટેટમાં ગેરકાયદે ત્રણ માળનું બાંધકામ કરવામાં આવ્યું છે. તે સિવાય શુભ લક્ષ્મી એસ્ટેટમાં ફર્નિચરના ગોડાઉનમાં પણ ગેરકાયદે બાંધકામ કરાયું છે. તે જ પ્રકારે સુખરામ એસ્ટેટમાં પણ ગેરકાયદે બાંધકામ કરવામાં આવ્યું છે.નવાઈની વાત એ છે કે શંકર એસ્ટેટનું સીલ તોડીને બાંધકામ કરવામાં આવ્યું છે.

આમ અનેક ઠેકાણે ગેરકાયદે બાંધકામો કરવામાં આવ્યા હોવા છતા અધિકારીઓ કેમ તેની પ્રત્યે આંખ આડા કાન કરી રહ્યા છે ? આ પ્રકારના ગેરકાયદે બાંધકામો સામે કાર્યવાહી કરવા માટે કેમ અધિકારીઓ તેમની એસી કેબિનમાંથી બહાર નથી આવતા ? મોટા બિલ્ડરો સામે ડરપોક અધિકારીઓ બિલ્લી કેમ બની જાય છે ? સ્થાનિકો પણ આ પ્રકારના ગેરકાયદે બાંધકામોથી ત્રાહિમામ પોકારી ગયા છે. તેમની આવા બાંધકામો સામે અનેક રજૂઆતો છતા ડીમોલીશનની કામગીરી કરવામાં આવતી નથી.

### નાઈટ્રોજન ધરાવતા સ્મોકી પાનનો ખરાબ અનુભવ

# સ્મોકી પાન ખાધા બાદ ગેસ્ટ્રો સર્જરી કરાવી પડી

। (એજન્સી) બેંગલુરુ, તા.૨૨ ।

બેંગલુરુની એક ૧૨ વર્ષની છોકરીએ પ્રવાહી નાઈટ્રોજન ધરાવતા 'સ્મોકી પાન' નો અનુભવ ખુબ જ ખરાબ રહ્યો. છોકરીને સ્મોકી પાન ખાધા બાદ ગેસ્ટ્રો સર્જરી કરાવી પડી. પાન ખાધા બાદ છોકરીને શરૂઆતમાં પેટમાં તીવ્ર દુખાવો અનુભવ થયો. દુખાવો વધતા છોકરીના પરિવારજનો તેને હોસ્પિટલ લઈ ગયા. અહીંના તબીબોએ જ્યારે આ છોકરીની તપાસ કરી. આ પછી જે વાત સામે આવી ત્યારે છોકરીના પરિવારજનો ચોંકી ઉઠ્યા હતા. તપાસ કરી રહેલ ડોક્ટરે જણાવ્યું કે છોકરીના પેટમાં કાણું છે. 'સ્મોકી પાન' લોકપ્રિય સ્ટ્રીટ ફૂડ આઈટમ બેંગલુરુના વિવિધ સ્ટોલ પર સરળતાથી ઉપલબ્ધ છે. મીડિયા અહેવાલ મુજબ છોકરીએ પાન ખાવના અનુભવનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે "હું અન્ય લોકોની જેમ સ્મોકી પાન ખાવાના અનુભવમાં જોડાવા માંગતી હતી પરંતુ તે ખાધા પછી તરત જ, મને અસ્વસ્થતાનો અનુભવ થવા લાગ્યો. પેટમાં તીવ્ર પીડા થવા લાગી." પોતાનો અનુભવ શેર કરતા કહે છે કે આ પાન ખાધા પછી તેને પેટમાં તીવ્ર દુખાવો ઉપડ્યો. બેંગલુરુમાં રહેતી આ ૧૨ વર્ષીય છોકરી તેના પરિવાર સાથે લગ્નના રિસેપ્શનમાં ગઈ હતી, જ્યાં તેણે સ્મોકી પાન ખાધું હતું. ત્યારબાદ તેને અચાનક પેટમાં દુખાવો ઉપડયો અને ડોક્ટરની મુલાકાત લીધી. યુવતીના પેટમાં દુખાવાનું કારણ જાણવા ડોક્ટરોએ ઈન્ટ્રાઓપરેટિવ ઓજીડી કરાવ્યું હતું. જેમાં બાળકીના પેટના નીચેના ભાગમાં કાણું હોવાનું બહાર આવ્યું હતું. આ પછી, ડૉક્ટરોએ સર્જરી કરી અને ચેપગ્રસ્ત ભાગને દૂર કર્યો. બાળકીને ૬ દિવસ હોસ્પિટલમાં રાખ્યા બાદ રજા આપવામાં આવી હતી. જણાવી દઈએ કે બાળકીનું ઓપરેશન બેંગલુરુની નારાયણા મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલમાં કરવામાં આવ્યું હતું.

### અમેરિકાથી નકલી પાસપોર્ટ આધારે આવ્યો

# એરપોર્ટ પરથી ડુપ્લીકેટ પાસપોર્ટ સાથે એક વ્યક્તિ ઝડપાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદ એરપોર્ટ પરથી ડુપ્લીકેટ પાસપોર્ટ સાથે એક વ્યક્તિ પકડી પાડવામાં આવ્યો છે. ડુબલીકેટ પાસપોર્ટ થી અમેરિકા જઈ પરત ફરી રહેલા આ વ્યક્તિ ને ઈમિગ્રેશન ઓફિસરને શંકા જતા વધુ તપાસ કરી હતી. ૫૧ વર્ષના જિતેન્દ્ર પટેલે ૮૦ વર્ષના વૃદ્ધ બની નકલી પાસપોર્ટ તૈયાર કર્યો હતો. પાસપોર્ટ નકલી હોવાનું સામે આવતા ઈમિટેશન અધિકારીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ફરી એક વખત અમદાવાદ એરપોર્ટ પરથી ડુપ્લીકેટ પાસપોર્ટ સાથે એક વ્યક્તિ પકડી પાડવામાં આવ્યો છે. ડુબલીકેટ પાસપોર્ટ થી અમેરિકા જઈ પરત ફરી રહેલા આ વ્યક્તિ ને ઈમિગ્રેશન ઓફિસરને શંકા જતા વધુ તપાસ કરી હતી. જેમાં આ વ્યક્તિનો પાસપોર્ટ નકલી હોવાનું સામે આવતા ઈમિટેશન અધિકારીએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે એસ.ઓ.જી. ટીમે તે વ્યક્તિની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી હતી. જોકે પોલીસ પૂછપરછમાં આ વ્યક્તિ દ્વારા અનેક ચોંકાવનારા ખુલાસાઓ થયા છે. કઈ રીતે ડુપ્લીકેટ પાસપોર્ટ આધારે આ વ્યક્તિ અમદાવાદથી અમેરિકા પહોંચ્યો હતો એ પણ સામે આવ્યું છે. સામાન્ય રીતે અમેરિકા જવાની ઘેલછામાં અનેક લોકો અલગ અલગ રસ્તાઓ અપનાવી ગેરકાયદેસર રીતે અમેરિકા પહોંચતા હોય છે. તેમાંથી અમુક લોકો તેની અમુક ખામીઓને કારણે પકડાઈ પણ જતા હોય છે, ત્યારે વધુ એક કિસ્સો અમદાવાદથી સામે આવ્યો છે. ગત તારીખ ૧૭ મે ના રોજ અમદાવાદ એરપોર્ટ પર અમેરિકાથી આવેલા જીતેન્દ્ર પટેલ નામના વ્યક્તિના ઈમિગ્રેશન સમયે ઈમિગ્રેશન અધિકારીને પાસપોર્ટ પર શંકા જતા તેની તપાસ કરી હતી. જેમાં જીતેન્દ્ર પટેલ ડુપ્લીકેટ પાસપોર્ટ દ્વારા અમદાવાદથી અમેરિકા ગયા હોવાનું સામે આવતા સમગ્ર મામલે ઈમિગ્રેશન ઓફિસરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

### ચિત્રાસણીમાં લાખો રૂપિયાની છેતરપિંડી

# BOBના કર્મચારીએ ગ્રાહકોના કરોડો રૂપિયા ચાઉં કર્યાની ઘટના સામે આવી

। (એજન્સી) પાલનપુર, તા.૨૨ ।

સ્થાનિક રોકાણકારો અને છેતરપિંડીનો ભોગ બનેલાઓએ બેક્ર ઓફ બરોડાની ચિત્રાસણી શાખામાં પહોંચીને હોબાળો મચાવ્યો હતો. બેંકના કર્મચારીઓ અને અધિકારીઓની સંડોવણી હોવાના પણ આક્ષેપ કરવામાં આવ્યા હતા. જોકે હવે મામલામાં પોલીસ ફરિયાદ નોંધાતા હવે છેતરપિંડી આચરવામાં કોણ કોણ સામેલ છે એ સ્પષ્ટ થવાની આશા છે. બનાસકાંઠાના પાલનપુરના ચિત્રાસણી ગામે BOB બેક્રમાં કર્મચારીએ ગ્રાહકોના કરોડો રૂપિયા ચાઉં કર્યાની ઘટના સામે આવી છે. ઘટનામાં હવે પોલીસે ગુનો નોંધીને તપાસ શરુ કરી છે. ઘટનામાં સ્થાનિક પોલીસ દ્વારા ૯૧ લાખની છેતરપિંડીની પ્રાથમિક વિગતો સાથે ગુનો નોંધવામાં આવ્યો છે. જે મુજબ તપાસ શરુ કરવામાં આવી છે. ગત સપ્તાહે સ્થાનિક રોકાણકારો અને છેતરપિંડીનો ભોગ બનેલાઓએ બેક્ર ઓફ બરોડાની ચિત્રાસણી શાખામાં પહોંચીને હોબાળો મચાવ્યો હતો. બેંકના કર્મચારીઓ અને અધિકારીઓની સંડોવણી હોવાના પણ આક્ષેપ કરવામાં આવ્યા હતા. જોકે હવે મામલામાં પોલીસ ફરિયાદ નોંધાતા હવે છેતરપિંડી આચરવામાં કોણ કોણ સામેલ છે એ સ્પષ્ટ થવાની આશા છે. ચિત્રાસણી બેંક ઓફ બરોડામાં ૨૪ ગ્રાહકો સાથે રૂ.૯૧ લાખથી વધુની છેતરપિંડી બહાર આવી છે. જે આંકડો અંદાજે ૨ થી ૩ કરોડ સુધી પહોંચી શકે છે. જે મામલે હવે ઈન્ડિયા ફર્સ્ટ લાઈફ ઈન્શ્યોરન્સ કંપનીના બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર સહિત આશુ શાહ સામે ફરિયાદ નોંધાઈ છેબનાવની વિગતવાર વાત કરીએ તો, ચિત્રાસણી ગામે આવેલ BOB બેંકની શાખમાં અનેક ખેડૂતોએ ફિક્સ ડિપોઝિટ મૂકી હતી. જેમાં લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીના મેનેજરે વીમા કંપનીએ બેંક સાથે ટાઈઅપ કરેલું હોવાની કહ્યું હતું. તેમજ ૨૦૨૪-૨૫નું એડવાન્સ પ્રીમિયમમાં ૧૦-૨૦ ટકા ઓછું આવશે તેમ કહી ખેડૂતોના ફિક્સ ડિપોઝિટના પૈસા તેમાં નાખવા લાલચ આપી હતી.

# અમદાવાદ જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.ની અધ્યક્ષતામાં પ્રિ-મોન્સુન તૈયારીઓ સંદર્ભે બેઠક યોજાઈ

### સંભવિત પરિસ્થિતિ પછી આરોગ્ય, વીજળી તથા પાણી પુરવઠો તાત્કાલિક મળી રહે તે માટે જરૂરી સૂચનો અને માર્ગદર્શન આપતા જિલ્લા કલેક્ટરશ્રી




ચોમાસા પૂર્વે એટલે કે પ્રિ-મોન્સુન તૈયારીઓના ભાગરૂપે અમદાવાદ જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે.ની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. જેમાં જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા આગોતરા આયોજન અને જરૂરી વ્યવસ્થાઓ માટેની પૂર્વતૈયારીઓ માટે માર્ગદર્શન અપાયું હતું. પ્રિ-મોન્સુન સંદર્ભે યોજાયેલી બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ ચોમાસા દરમિયાન ભારેથી અતિભારે વરસાદ અને વાવાઝોડા જેવી સ્થિતિમાં આપત્તિ વ્યવસ્થાપન, સ્થળાંતર તથા રાહત બચાવની કામગીરી માટે આગોતરું આયોજન કરી શક્ય તેટલી ઝડપથી કામગીરી થાય તે મુદ્દે જરૂરી સૂચનો કર્યા હતાં. આ ઉપરાંત કલેકટરશ્રી દ્વારા જે-તે સંબંધિત વિભાગના અધિકારીઓને કરવાની થતી કામગીરી અંગે પૂર્વતૈયારીઓ સાથે એલર્ટ મોડ પર રહેવા સૂચના અપાઈ હતી. વધુમાં શિસ્તબદ્ધ આયોજન અને તકેદારી સાથે કાર્ય કરવા નિર્દેશ કરવામાં આવ્યો હતો. પ્રજાજનોને ઓછામાં ઓછી મુશ્કેલી પડે તે રીતે કામ કરવા કલેક્ટરશ્રી ખાસ તાકીદ કરી હતી. આ સાથે આરોગ્ય વિભાગ, માર્ગ અને મકાન વિભાગ તથા ફાયરબ્રિગેડ વિભાગને પણ સ્ટેન્ડ બાય રહેવા સૂચના અપાઈ હતી. જિલ્લા કલેકટરશ્રી દ્વારા તમામ તાલુકાના પ્રાંત અધિકારીશ્રી તથા મામલતદારશ્રીને સ્થાનિક લેવલે આગોતરું આયોજન કરી પ્રિ-મોન્સુન પ્લાન બનાવવા સૂચન કરાયું હતું. આ ઉપરાંત ખાસ કરીને આશ્રય સ્થાન તરીકે ઉપયોગમાં લેવામાં આવનાર સ્થળ પર પણ જરૂરી તૈયારીઓ કરવા સૂચન કરાયું હતું. અમદાવાદ જિલ્લા કલેકટર સુશ્રી પ્રવીણા ડી.કે.એ કહ્યું હતું કે, વર્ષાઋતુ દરમિયાન સંભવિત પરિસ્થિતિઓને પહોંચી વળવા ટીમ અમદાવાદ કાર્યરત છે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, નિવાસી અધિક કલેકટર શ્રી સુધીર પટેલ તથા જે-તે સબંધિત વિભાગના અધિકારીશ્રીઓ, ડિઝાસ્ટર વિભાગના મામલતદારશ્રી, પ્રાંત અધિકારીશ્રીઓ, તાલુકા મામલતદારશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ સહિત વહીવટી તંત્રના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ચૂંટણી વચ્ચે ફૂટ્યો સુખબીર બાદલનો ગુસ્સો

# સત્તામાં આવીશું ત્યારે પડોશી રાજ્યો સાથે પાણીની વહેંચણી કરાર કરીશું રદ

## રાજસ્થાનમાં પાણીનો પ્રવાહ અટકાવીશું અને આ પાણીને અમારા ખેતરોમાં ફેરવીશું : સુખબીર સિંહ

। (એજન્સી) ચંદીગઢ, તા.૨૨ ।

શિરોમણી અકાલી દળના પ્રમુખ સુખબીર સિંહ બાદલે જાહેરાત કરી હતી કે અકાલી દળની આગામી સરકાર પડોશી રાજ્યો સાથે નદીના પાણીની વહેંચણીના કરારોને રદ કરશે. ફરિદકોટ, નિહાલ સિંહ વાલા, ધરમકોટ અને મોગામાં વિશાળ રેલીઓને સંબોધતા અકાલી દળના પ્રમુખે કહ્યું કે રાજસ્થાન, બિન-નરિયાઈ રાજ્ય હોવાને કારણે પંજાબના નદીના પાણી પર તેનો કોઈ અધિકાર નથી. તેમણે કહ્યું, “પંજાબના કુલ ૧૬ MAF પાણીમાંથી અડધું પાણી ૧૯૫૫માં કોંગ્રેસ સરકારે રાજસ્થાનને આપી દીધું હતું. જેના કારણે માલવા બેલ્ટમાં ભારે નુકસાન થયું છે. આજે ઘણી જગ્યાએ પાણીનું સ્તર ૧૫૦૦ ફૂટથી નીચે ગયું છે, જેથી ભૂગર્ભજળ હવે ખેતી માટે યોગ્ય



નથી. એકવાર અકાલી દળની સરકાર બનશે તો અમે તે રાજ્ય સાથેના તમામ કરારો રદ કરીશું અને રાજસ્થાનમાં પાણીનો પ્રવાહ અટકાવીશું અને આ પાણીને અમારા ખેતરોમાં ફેરવીશું. બાદલે પંજાબીઓને સતલજ યમુના લિંક (SYL) કેનાલ દ્વારા રાજ્યના બાકીના પાણીનો અડધો ભાગ હરિયાણાને આપવાના કાવતરાને સંપૂર્ણ રીતે નકારી કાઢવા અપીલ કરી હતી. તેમણે કહ્યું, “પંજાબનો તેના પ્રદેશની નદીઓના પાણી પર સંપૂર્ણ અધિકાર હોવા છતાં, નહેર સિંચાઈના કમાન્ડ વિસ્તારોનું સર્વે કરીને અને તેને સુપ્રીમ કોર્ટમાં રજૂ કરીને રાજ્યનું પાણી હરિયાણાને આપવાનું ષડયંત્ર રચવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે તે મુજબ મુખ્યમંત્રી ભગવંત માને પંજાબમાં ૧૦૦ ટકા ખેતરોને નહેરનું પાણી મળતું હોવાના બનાવટી સર્વેક્ષણ પછી અહેવાલ રજૂ કરવા નહેર પટવારીઓ અને મહેસૂલ કર્મચારીઓને આદેશ આપ્યો હતો, જોકે આ આંકડો માત્ર ૨૩ ટકા હતો. બાદલે કહ્યું, “આ AAP પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલના નિર્દેશ પર કરવામાં આવી રહ્યું છે, જેમણે હરિયાણા અને દિલ્હીના લોકોને SYL કેનાલનું પાણી આપવાનું વચન આપ્યું છે. આમ આદમી પાર્ટી આ પગલાથી હરિયાણા અને દિલ્હીમાં રાજકીય ફાયદો ઉઠાવવા માંગે છે. અકાલી દળના પ્રમુખે સરકારના ગેરકાયદેસર આદેશોના અમલ સામે વિરોધ કરી રહેલા ૪૦૦ નહેર પટવારીઓને સસ્પેન્ડ કરવા બદલ AAPની નિંદા કરી હતી. “અમે પટવારીઓ સાથે એકતામાં છીએ અને તેઓને કોઈ નુકસાન ન થાય તેની ખાતરી કરીશું,” તેમણે કહ્યું. અમે આ પંજાબ વિરોધી સરકારને તેનું પાણી હરિયાણાને આપવાનો નિર્ણય પાછો ખેંચી લેવા દબાણ કરીશું અને તેને રોકવા માટે કોઈપણ બલિદાન આપવા તૈયાર છીએ. ફરીદકોટ સંસદીય મતવિસ્તારમાં અકાલી દળ દ્વારા કરવામાં આવેલા કામ અંગે શ્રી બાદલે કહ્યું, “ભૂતપૂર્વ મુખ્યમંત્રી સરદાર પ્રકાશ સિંહ બાદલે આ વિસ્તારમાં પાણીનો ભરાવો દૂર કર્યો અને તમારી જમીનને ખેતીલાયક બનાવી.

### ભારતમાં ફરી દેખાયો કોરોના!

# ભારત દેશમાં અત્યાર સુધીમાં કોરોનાના ૩૨૪ કેસ નોંધાયા

## કોરોનાના KP-1 અને KP-2 નવા વેરિઅન્ટના દર્દીઓ વધી રહ્યા છે : નવા વેરિઅન્ટનું સંક્રમણ ઘણા રાજ્યોમાં ફેલાયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના એક સૂત્રને ટાંકીને રજૂ થયેલા મીડિયા અહેવાલમાં જણાવ્યું હતું કે, કોરોનાના નવા વેરિઅન્ટના તમામ કેસ, જેએન-વન ના પેટા પ્રકારોના વાયરસના છે. આવા દર્દીઓને હોસ્પિટલમાં દાખલ થવા અને ગંભીર કેસોમાં કોઈ વધારો થયો નથી. “તેથી, ચિંતા કે ગભરાટનું કોઈ કારણ નથી. કોરોના વાયરસના વેરિઅન્ટમાં ઝડપી ગતિએ પરિવર્તનો થતા રહેશે અને આ SARS-CoV2 જેવા વાયરસનું કુદરતી વર્તન છે,” તેમ સૂત્રોએ મીડિયા અહેવાલમાં જણાવ્યું છે. મીડિયા રિપોર્ટમાં વધુમાં જણાવ્યું હતું કે INSACOG સર્વેલન્સ સંવેદનશીલ અને કોઈપણ નવા પ્રકારોના ઉદભવને પડકારવા માટે સક્ષમ છે અને વાયરસને કારણે રોગની ગંભીરતામાં કોઈપણ ફેરફાર શોધવા માટે સંરચિત રીતે હોસ્પિટલોમાંથી નમૂનાઓ પણ લેવામાં આવે છે. ભારતીય જીછઈજી-ર્ઝફ-૨ જેનોમિક્સ કન્સોર્ટિયમ દ્વારા સંકલિત કરાયેલ ડેટા દર્શાવે છે કે, સાત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કેપી-૧ના ૩૪ કેસ મળી આવ્યા છે. જેમાંથી સૌથી વધુ ૨૩ કેસ



પશ્ચિમ બંગાળમાં નોંધાયા છે. અન્ય રાજ્યોમાં ગોવા, ઉત્તરાખંડ અને હરિયાણામાં એક-એક, ગુજરાતમાં બે, મહારાષ્ટ્રમાં ચાર, રાજસ્થાનમાં બે કેસ નોંધાયા છે. જ્યારે કેપી-૨ અંગે મળી રહેલ માહિતી અનુસાર કુલ ૨૯૦ કેસ નોંધાયા છે, જેમાંથી સૌથી વધુ ૧૪૮ કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા છે. અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં દિલ્હીમાં એક, ગોવામાં બાર, ગુજરાતમાં ત્રેવીસ, ઓડિશામાં સત્તર, રાજસ્થાનમાં એકવીસ, ઉત્તર પ્રદેશમાં આઠ, હરિયાણામાં ત્રણ, કર્ણાટકમાં ચાર, મધ્યપ્રદેશમાં એક, ઉત્તરાખંડમાં સોળ અને અને પશ્ચિમ બંગાળમાં કુલ છત્રીસ કેસ નોંધાયા છે. સિંગાપોરમાં નવી કોવિડ-૧૯ની લહેર જોવા મળી રહી છે.

### જજને શંકા જતા બહાર આવ્યું કૌભાંડ

# નકલી માર્કશીટનાં આધારે કર્ણાટકમાં સફાઈ કર્મચારી પટ્ટાવાળો બની ગયો

। (એજન્સી) બેંગલુરુ, તા.૨૨ ।

કર્ણાટકમાં એક જોરદાર કિસ્સો સામે આવ્યો છે. કોપ્પલ કોર્ટનાં જજે પટ્ટાવાળાની વિરુદ્ધ તપાસના આદેશ આપ્યા છે. જજે જ્યારે પટ્ટાવાળાની ધો.૧૦ની ૯૯ ટકાની ડિગ્રી જોઈ તો તે હેરાન થઈ ગયા કારણ કે સફાઈ કર્મચારી વાંચવા અને લખવામાં સક્ષમ નહોતો. જજે પટ્ટાવાળાની ધો.૧૦ની માર્કશીટ પર શંકા વ્યક્ત કરતા તપાસના આદેશ આપ્યા છે. ૨૩ વર્ષનાં પ્રભુ લક્ષ્મીકાંત લોકરે કોપ્પલ કોર્ટમાં સફાઈ કર્મચારી તરીકે કામ કરતા હતા. જોકે તેમણે ધો.૧૦માં ૯૯.૫ ટકા મેળવ્યા હતા અને બાદમાં કોર્ટમાં પટ્ટાવાળાની નોકરી પ્રાપ્ત કરી હતી. જોકે તેમની ઉપલબ્ધિએ



જજના મનમાં શંકા પેદા કરી હતી. કારણ કે તેઓ કન્નડ ભાષામાં લખવામાં અને ભણવામાં સક્ષમ નહોતા. તે પછીથી કોપ્પલમાં જેએમએફસી ન્યાયાધીશે પોલીસને તેમની શૈક્ષણિક યોગ્યતા તપાસ કરવાના નિર્દેશ આપ્યા છે. ૨૬ એપ્રિલે પ્રભુની વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી છે. પોલીસ ફરિયાદ પછી પોલીસે પ્રભુની માર્કશીટ અને સ્કુલનું ભણતર તપાસ્યું હતું. તે પછીથી સત્ય સામે આવ્યું છે.

### મુખ્યમંત્રી કેજરીવાલને ધમકી આપવાનો મામલો

# મેટ્રોમાં કેજરીવાલને ધમકી આપતા મેસેજ લખનાર યુવકની ધરપકડ

।(એજન્સી) નવી દિલ્હી, તા.૨૨।

દિલ્હી મેટ્રો સ્ટેશનો અને ટ્રેનની અંદર મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને મારી નાંખવાની ધમકી આપતા મેસેજ લખનાર યુવકની ધરપકડ કરવામાં આવી છે. ધમકી ભરેલા મેસેજ લખનાર આરોપીના સીસીટીવી ફુટેજ એક મીડિયા ચેનલની પાસે ઉપલબ્ધ છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આરોપીનું નામ અંકિત ગોયલ છે અને બરેલીનો રહેવાસી છે. તે બરેલીથી ગ્રેટર નોઈડા મકાનનું રજિસ્ટ્રેશન કરાવવામાં આવ્યો હતો. અંકિત અહીં એક ફાઈવ સ્ટાર હોટલમાં રોકાયો



હતો અને દિલ્હી મેટ્રોમાં સફર દરમિયાન તેણે કેજરીવાલના નામના ધમકી ભર્યા મેસેજ લખ્યા હતા. તે ખૂબ જ ભણેલો-ગણેલો છે અને એક જાણીતી બેંકમાં કામ કરે છે. તે રાજકીય પાર્ટી સાથે જોડાયેલો નથી. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આરોપીની માનસિક સ્થિતિ હાલ ઠીક નથી. જોકે મેડિકલ પછી આ અંગેની પુષ્ટિ થઈ શકે છે.

### સત્યરાજે એક ઈન્ટરવ્યુમાં આ સમાચાર વિશે વાત કરી

# બાહુબલીનો કટપ્પા મોદીની બાયોપિકમાં જોવા મળશે

## આઇકોનિક રોલ માટે જાણીતા અભિનેતા સત્યરાજે ખુલાસો કર્યો ફિલ્મમાં સત્યરાજ પીએમની ભૂમિકા નિભાવશે

। (એજન્સી) ચેન્નાઈ, તા.૨૨ ।

અભિનેતા સત્યરાજે સાઉથના ફિલ્મોની સાથે બાહુબલીમાં કટપ્પાનું પાત્ર ભજવી હિન્દી ફિલ્મો માં પણ પોતાનું આગવું સ્થાન બનાવી લીધું છે.તેથી હવે સૌ કોઈની નજર કટપ્પા કયા રોલમાં જોવા મળશે તે જાણવા માટે રાહ જોતી હોય છે. એવામાં એક અફવા એ જોર પકડયું છે. જે મુજબ સત્યરાજ એક મહત્વપૂર્ણ પાત્રની ભૂમિકામાં જોવા મળશે એવા સમાચારો વહેતા થયા છે. દરમિયાનમાં બાહુબલી રિલીઝ થયા બાદ સાઉથ એક્ટર સત્યરાજનું નામ દરેકના હોઠ પર હતું.

ફિલ્મ જોનાર દરેક વ્યક્તિના હોઠ પર એક જ સવાલ હતો, ‘કટપ્પાએ બાહુબલીને કેમ માર્યો?’ સત્યરાજ, જેઓ હજુ પણ તેમના આઈકોનિક રોલ માટે દેશભરમાં જાણીતા છે, તે તાજેતરમાં સમાચારમાં છે. ઘણી જગ્યાએ એવું કહેવામાં આવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર બાયોપિક બનવા જઈ રહી છે. અને આ ફિલ્મમાં સત્યરાજ પીએમની ભૂમિકા નિભાવશે.હવે સત્યરાજે એક ઈન્ટરવ્યુમાં આવા સમાચાર વિશે વાત કરી છે.



એક તમિલ વેબસાઈટ સાથે વાત કરતા તેણે પીએમ મોદીની ભૂમિકા ભજવવાના સમાચાર પર પ્રતિક્રિયા આપી.શું સત્યરાજ વડા પ્રધાનની ભૂમિકા ભજવશે? મિનામ્બલમને આપેલા એક ઈન્ટરવ્યુમાં સત્યરાજે કહ્યું કે તેઓ પોતે પણ આવા સમાચારથી આશ્ચર્યચકિત છે. તેણે કહ્યું, ‘હું વડાપ્રધાન મોદીની બાયોપિકમાં કામ કરી રહ્યો છું તે સમાચાર મારા માટે પણ સમાચાર છે. પીએમ મોદીની ભૂમિકા ભજવવા માટે કોઈએ મારો સંપર્ક કર્યો નથી. લોકો સોશિયલ મીડિયા પર અવ્યવસ્થિત સમાચાર ફેલાવતા રહે છે.અફવાઓ ફેલાવવા માટે સોશિયલ મીડિયાને જવાબદાર ઠેરવતા સત્યરાજે કહ્યું, ‘અગાઉના અખબારોમાં આવી વાર્તાઓ લાવતા - ‘યુવતીની હત્યા... શું આની પાછળ કોઈ ગેરકાયદેસર સંબંધ છે?’ તેવી જ રીતે, સોશિયલ મીડિયા હવે પાયાવિહોણી અફવાઓનું સ્થાન બની ગયું છે. સત્યરાજ એક ખુલ્લા પેરિયારીસ્ટ છે, અને તેણે ઘણી વખત દાવો કર્યો છે કે તે પેરિયાર વિરોધી વિચારધારા ધરાવતી કોઈપણ ફિલ્મમાં કામ કરશે નહીં. રાજકીય રીતે, પેરિયારિઝમની વિચારધારા અને પીએમ મોદીની પાર્ટી ભાજપ સંપૂર્ણપણે વિરોધી ધ્રુવ પર હોય તેવું લાગે છે. તેથી જ જનતાને એટલો આઘાત લાગ્યો કે સત્યરાજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ભૂમિકા ભજવવા કેવી રીતે સંમત થયા !!! સત્યરાજની વાત કરીએ તો તે તેની આગામી ફિલ્મ ‘વેપન’ની રાહ જોઈ રહ્યો છે.

આ ફિલ્મમાં તે એક સુપરહ્યુમનનો રોલ કરી રહ્યો છે. રાજીવ મેનન અને વસંત રવિ સાથે સત્યરાજ અભિનીત આ ફિલ્મના ટ્રેલરે લોકોને ખૂબ જ ઉત્સાહિત કરી દીધા હતા. વેપન ૨૩ મેના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

# આરોપીના દાદાનું નીકળ્યું છોટા રાજન સાથે કનેક્શન

। (એજન્સી) પુના, તા.૨૨ ।

મહારાષ્ટ્રના પુનામાં પોર્શ કાર એક્સિડન્ટ મામલામાં રિઅલ એસ્ટેટ કારોબારી અગ્રવાલ પરિવાર ચર્ચામાં છે. જોકે હવે આ કેસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. એવું જાણવા મળ્યું છે કે અગ્રવાલ પરિવાર માટે કાયદા સાથે છેડછાડ કરવી તે કોઈ નવી વાત નથી. આ સિવાય આ પરિવારનું અંડરવર્લ્ડ કનેક્શન પણ સામે આવ્યું છે. આરોપીના દાદા સુરેન્દ્ર કુમાર અગ્રવાલે પોતાના ભાઈ સાથેના સંપત્તિના વિવાદમાં અંડરવર્લ્ડ ડોન છોટા રાજનની મદદ લીધી હતી. રાજનના ગુંડાઓએ ગોળીબારી કર્યો હતો. આ મામલામાં હત્યાની કોશિશ કરવા અંગેની એફઆઈઆર નોંધાઈ હતી. પહેલા પોલીસે તપાસ કરી હતી. બાદમાં સીબીઆઈને મામલો સોંપવામાં આવ્યો હતો આ કેસ હાલ કોર્ટમાં પેન્ડિંગ છે. ઉલ્લેખનીય છે કે પુનામાં ૧૭ વર્ષના છોકરાએ ત્રણ દિવસ પહેલા દારૂના નશામાં પોતાની પોર્શે કારથી બાઈક સવાર બે એન્જિનિયરને કચડી નાંખ્યા હતા. આ દુર્ઘટનામાં બંને છોકરાના મૃત્યુ થયા હતા. મરનારની ઓળખ અનીશ અવધિયા અને અશ્વિની કોષ્ટા તરીકે થઈ છે.



રાંચીમાં ચૂંટણી રેલી દરમિયાન પ્રિયંકા ગાંધી, પ્રદેશ કોંગ્રેસના પ્રભારી ગુલામ અહમદ મીર, જેપીસીસી પ્રમુખ રાજેશ ઠાકુર, પાર્ટીના ઉમેદવાર યશસ્વિની સહાય સાથે રેલીમાં જોડાયા હતાં.

# પૂરપાટ ઝડપથી આગળ વધી રહ્યું છે વાવાઝોડું



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

૨૩ મેના રોજ બંગાળની ખાડીમાં તીવ્ર ચક્રવાત ત્રાટકવાની ધારણા હોવાથી, ભારતીય હવામાન વિભાગ (IMD) એ ઉત્તર ઓડિશા અને પશ્ચિમ બંગાળના દરિયાકાંઠે દરિયામાં સાહસ કરતા માછીમારો માટે એડવાઈઝરી જારી કરી છે. IMDના વિશાખાપટ્ટનમ ચક્રવાત ચેતવણી કેન્દ્રના ડિરેક્ટર સુનંદાએ ANIને જણાવ્યું હતું કે માછીમારોએ ગુરુવાર સુધીમાં પાછા ફરવું પડશે કારણ કે બંગાળની ખાડીના મધ્ય ભાગોમાં ભારે પવન સાથે ભારે વરસાદની શક્યતા છે. તેમણે જણાવ્યું હતું કે ૨૨ મેની આસપાસ દક્ષિણ પશ્ચિમ બંગાળની ખાડી પર નીચા દબાણનું ક્ષેત્ર બનવાની ધારણા છે અને તે વધુ ઉત્તર પૂર્વ તરફ આગળ વધશે અને ૨૪ મેની સવાર સુધીમાં મધ્ય બંગાળની ખાડીમાં ડિપ્રેશનમાં ફેરવાઈ જશે. “...ઓડિશાના દરિયાકાંઠે અને પશ્ચિમ બંગાળના ઉત્તરીય ભાગોમાં, ભારેથી અતિ ભારે વરસાદની સાથે તેજ પવનની શક્યતા છે. તેથી, માછીમારોને ૨૩ મેના આ સમયગાળા દરમિયાન આ દરિયાકાંઠેથી દરિયામાં ન જવાની સલાહ આપવામાં આવે છે.” હવામાન વિભાગની આગાહી અનુસાર, ચક્રવાત ૨૩ મેથી ૨૭ મે વચ્ચે ઓડિશા ઉપરાંત મહારાષ્ટ્ર અને ગુજરાતને અસર કરે તેવી શક્યતા છે. તેથી, હવામાન કચેરીએ ૨૮ મે, ૨૦૨૪ની આસપાસ ગુજરાત અને મુંબઈમાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા અને અન્ય રાજ્યોમાં ૨૩ મે સુધી હળવા વરસાદની આગાહી કરી છે. તેના તાજેતરના બુલેટિનમાં, IMD એ લખ્યું છે કે, “વાવાઝોડાની સાથે હળવાથી મધ્યમ વરસાદ થશે.”

# ભારતમાં ગુમ થયેલા બાંગ્લાદેશના સાંસદ અનવારૂલ અઝીમની હત્યા

## કોલકાતા પોલીસને સવારે એક ફ્લેટમાંથી મૃતદેહ મળ્યો છે : તેઓ ભારતમાં સારવાર માટે આવ્યા હતા

। (એજન્સી) કોલકાતા, તા.૨૨ ।

બાંગ્લાદેશના સાંસદ અનવારૂલ અઝીમ અનારની હત્યા કરી દેવામાં આવી છે. તેઓ ૧૮ મે થી ગુમ હતા. કોલકાતા પોલીસને આજે સવારે કોલકાતાના એક ફ્લેટમાંથી તેમનો મૃતદેહ મળી આવ્યો છે. તેઓ ભારતમાં સારવાર માટે આવ્યા હતા. બાંગ્લાદેશના એક અખબારના અહેવાલ પ્રમાણે દેશના ગૃહમંત્રી અસદુઝમાન ખાને ઢાકામાં એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે, કોલકાતામાં અનવારૂલની હત્યા કરી દેવામાં આવી છે. બાંગ્લાદેશના ગૃહમંત્રીએ કહ્યું કે, બાંગ્લાદેશ પોલીસે આ મામલે ત્રણ લોકોની



ધરપકડ કરી છે. તેમણે કહ્યું કે, અત્યાર સુધીમાં અમને એટલી માહિતી મળી છે કે, તેમાં સામેલ તમામ હત્યારા બાંગ્લાદેશી છે. આ એક આયોજનબદ્ધ હત્યા હતી. બીજી તરફ જ્યારે પ્રેસ કોન્ફરન્સમાં મૃતદેહના ઠેકાણા અંગે સવાલ કરવામાં આવ્યો તો તેમણે કહ્યું કે, અમને હજુ સુધી આ અંગે જાણ નથી થઈ. તેમણે કહ્યું કે, અમે ટૂંક સમયમાં તમને હત્યાનું કારણ જણાવીશું. ભારતીય પોલીસ અમને સહકાર આપી રહી છે. ગૃહમંત્રી અસદુઝમાન ખાને કહ્યું કે, ભારતના એક ડીઆઈજીનો હવાલો આપતા આપણી પોલીસે જણાવ્યું કે, અઝીમનો મૃતદેહ કોલકાતામાં મળી આવ્યો છે. અમારી પાસે હજુ આ મામલે સંપૂર્ણ માહિતી નથી. અમારા ઈન્સ્પેક્ટર જનરલ વિગતો પર નજર રાખી રહ્યા છે. તમામ બાબતની પુષ્ટિ થયા બાદ જ હું મીડિયાને સૂચિત કરીશ. બાંગ્લાદેશની સંસદની વેબસાઈટ પ્રમાણે અનવારૂલ અઝીમ બાંગ્લાદેશ અવામી લીગના સભ્ય હતા.

### ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનને ફરી ઝટકો

# એક સમયે બે માગ કરતા હેમંત સોરેનની જામીન અરજી ફગાવાઈ

## ઝારખંડના પૂર્વ સીએમ હેમંત હાલમાં જમીન કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ મામલે રાંચીની જેલમાં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનને ફરી એકવાર મોટો ઝટકો લાગ્યો છે. સુપ્રીમ કોર્ટે તેમની વચગાળાની જામીન અરજી ફગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે અરજી ફગાવી દેતા ઝારખંડના સીએમનું કેજરીવાલની જેમ જામીન મેળવવાનું સપનું રોળાયું છે. હેમંત સોરેન હાલમાં જમીન કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ મામલે રાંચીની જેલમાં બંધ છે. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે વકીલ કપિલ સિબ્બલને કહ્યું કે, અમે જામીન



અરજીને મંજૂરી ન આપી શકીએ તેથી તમે પોતે જ અરજી પાછી ખેંચી લો. જેના પર વકીલે સુપ્રીમ કોર્ટના આદેશનો સ્વીકાર કરીને અરજી પાછી ખેંચી લીધી છે. સુપ્રીમ કોર્ટે પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનની અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે અરજદાર દ્વારા જામીન અરજીમાં એ વાતનો ઉલ્લેખ કરવામાં નથી આવ્યો કે, ટ્રાયલ કોર્ટે આ કેસમાં ચાર્જશીટ પર સંજ્ઞાન લીધું હતું. ત્યારબાદ હેમંત સોરેન તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કહ્યું કે, અમે વચગાળાના જામીનની માગ કરતી અરજી પાછી ખેંચીએ છીએ. સુપ્રીમ કોર્ટે હેમંત સોરેનની જામીન અરજી પર ટિપ્પણી કરતા કહ્યું કે કોર્ટમાં એક સાથે બે માગણીઓ કરવામાં આવી છે. પ્રથમ માગ વચગાળાના જામીનની છે અને બીજી માગમાં ધરપકડને પડકારવામાં આવી છે.

## તંત્રી લેખ...

# કાર્યને કરવા માટે વિચારીએ તો સર્વપ્રથમ મન જ પાછળ હટી જાય

આ માનવ જીવન પરમાત્માએ આપેલું છે. તે આ સૃષ્ટિમાં પરમાત્માની સર્વોત્તમ કૃતિ છે, પણ મોટાભાગે મનુષ્ય નિજ જીવનની મહત્તાને નથી સમજતો. આ જીવન પ્રભુએ આપણને કેમ આપ્યું છે? એનાથી મોટાભાગે મનુષ્ય અજાણ જ રહે છે. મહાપુરુષ, સંત, મહાત્મા પોતાના જીવનને અભિયાત અંતર્ગત જીવીને આ જગતમાં મહાન બની જાય છે. ક્યારેય આળસ, પ્રમાદ, કામના, વાસના, લોભ-લાલચ, સ્વાર્થને વશીભૂત નથી થતા. તેમની ચેતના ક્યારેય સૂતેલી નથી રહેતી. તેમનું મન ક્યારેય સુસ્ત નથી રહેતું. સદાય તેમની સાથે રહે છે. તેમના મનમાં સદાય ક્રાંતિની ચિનગારી ધધકતી રહે છે. ત્યારે જ તો તેઓ વિચાર ક્રાંતિનું અભિયાન છેડીને યુગ પરિવર્તનનો ઈતિહાસ રચવામાં સક્ષમ થઈ શકે છે. જેનું મન સદાય સાથે હોય છે, તે જ જીવનની ઊંચાઈઓને સ્પર્શ કરી શકે છે. જો કોઈ કાર્યને કરવા માટે વિચારીએ તો સર્વપ્રથમ મન જ પાછળ હટી જાય છે. આ જ મની દુર્બળતા અને કુસંસ્કારિત હોવાનું મુખ્ય લક્ષણ છે. મન જ્યારે સુસંસ્કારિત હોય છે, ત્યારે જ તે મનુષ્યનું સાથી બની શકે છે. મનને સાથી બનાવવું અઘરું છે, પરંતુ મુશ્કેલ નહીં. મનમાં જ્યારે પાપ, કુસંસ્કાર એકત્રિત થઈ જાય છે તો મન વ્યસન, વાસના, કામના, નિકૃષ્ટ કર્મ, આરામ અને સુષુપ્તાવસ્થાને પસંદ કરવા લાગે છે. ત્યાં જ જ્યારે મનમાં પુણ્યની પ્રબળતા હોય છે તો તે ઉત્કૃષ્ટ ચિંતન, સત્કર્મ, જપ, તપ, સત્સંગ અને ઈશ્વર ઉપાસનાને મહત્ત્વ આપે છે. મનને પોતાનો સાથી બનાવી લેવાથી જીવન સુખી, સંતુષ્ટ, સમુન્નત અને આનંદિત થઈ જાય છે. ધર્મ, અર્થ, કામ, મોક્ષની પ્રાપ્તિનું લ-ય પૂર્ણ થઈ જાય છે. મનુષ્ય જીવનનાં લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં સક્ષમ થઈ જાય છે. તેથી મનની સુસ્તી, ગંદકી, કુસંસ્કારને દૂર કરીને તેમાં શુભ સંસ્કાર પ્રવિષ્ટ કરાવવા માટે મનુષ્યએ નિત્ય જપ, તપ, સત્સંગ, સત્કર્મ, ધર્મ, ઈશ્વર ઉપાસના અને સ્વાધ્યાય કરવો જોઈએ. પરમાત્મા જ આપણી તો પ્રિયતમા! એ આપણને દુઃખ આપે તો તેય આપણા ભલા માટે જ હોય. આપણી જ પ્રિયતમા ખંજર લઈ આપણી સામે આવે તો આપણે શું કાયર થઈને ભાગી જઈશું? એવા ભાગેડાપણામાં તો પ્રેમ જ ક્યાં રહ્યો? પ્રિયતમા એના ખોફનું ખંજર ઉગામે ત્યારેય આપણે તો એની આગળ હસતે મુખે આપણી છાતીને ખુલ્લી કરીને ધરી દેવી જોઈએ. એવી મરદાનગીમાં જ આપણા પ્રેમની-આપણી કુરબાનીની સાચી કસોટી છે. આમ, જે પરમાત્માને ચાહે છે, જેનું જીવન પરમાત્માને ચાહવાની ઉત્કટ પ્રક્રિયારૂપ છે.

## આતંર ભાવ યુક્ત શક્તિ ધારણ થવી તેને માણસ સિધ્ધી માને છે



પ્રાણીના જીવનની યાત્રા જન્મથી પ્રારંભ (શરૂ) થઈ જાય છે. તેની મંઝિલ નિર્ધારિત (નક્કી કરેલી) હોય છે. અહીં આ પવિત્ર પુસ્તકમાં માનવજીવનની યાત્રાના માર્ગ ઉપર વિસ્તારપૂર્વક વર્ણન છે. માનવની મંઝિલ મોક્ષની પ્રાપ્તિ છે. તેના માર્ગમાં પાપ તથા પુણ્ય કર્મોના ખાડા તથા કાંટાઓ છે. આપજીને આશ્ચર્ય થશે કે પાપ કર્મ તો બાધક હોય છે, પુણ્ય તો સુખદાયી હોય છે. કોઈ પણ પ્રાણીની હિસા મમત્વ બુધ્ધી સાથે થાય તો તે પાપ ગણાય છે, એજ રીતે અસત્ય અને મમત્વ બુધ્ધિ સાથે કરેલુ કોઈપણ કર્મ અને આચરણ પણ પાપ જ છે. જગત આખું ઉત્પતિ, સ્થિતિ એ પ્રલયની ત્રિવિધ ઘટમાંળમાં વિટળાયેલ છે, પરમાત્મા સર્જન સ્થિતિ અને સંહાર ત્રિવિધ કામમાં રાત દિવસ વ્યસ્ત છે, છતાં તેને કોઈ હિંસા કરે છે, એમ કહેતા નથી, તે તેમની પવિત્ર ફરજ બજાવે છે, એમ માનીને ને તેને લોકો પૂજે છે, અને તે આનંદ પુરુષ છે, તેમ માની તેમાં સ્થિર થઈ પરમ આનંદ અને શાંતિ ધારણ કરે છે. આવી આતંર ભાવ યુક્ત શક્તિ ધારણ થવી તેને માણસ સિધ્ધી માને છે. માનવ જીવનની વાત કરીએ તો તેમ પણ વ્યક્તિગત રીતે અને સમષ્ટિગત રીતે હિંસાને પૂર્ણ પણે નિવારી શકાય તેમતો નથી, એ સત્ય હકીકત છે એટલે માણસે હિંસાથી ભડકવાની જરૂર નથી, ભય પામવાની જરૂર નથી, પણ એના સાતત્ય વચ્ચે પણ અહીસા શક્ય છે, વિનાશ અને હિંસા વચ્ચે તફાવત છે. જીવનમાં જે કાઈ પ્રાકૃતિક પરિબળો સર્જે છે, તેને આપણે વિનાશ કહીએ છીએ, અને માણસ પોતાના મમત્વ બુધ્ધિ જે કાઈ પ્રયત્નોને પરિણામે જે વિનાશ સર્જાય છે, તેને આપણે હિંસા કહીએ છીએ, આ પાયાનો ફેરફાર છે. આમ જગતમાં વિનાશ અનિવાર્ય છે. તે સ્વાભાવિક હોય શકે છે, અને છે પણ જ્યારે હિંસાતો માનવ સર્જિત હોય અને મમત્વ બુધ્ધિ રહિત હોય તો નિવાર્ય ગણાવી જોઈએ, પણ જ્યાં માણસનો સ્વાર્થ આવે છે મમત્વ બુધ્ધી આવે છે ત્યાં તેને નિવાર્ય ગણવામાં આવતી નથી, તે આજાની વાસ્તવિક સ્થિતિ છે.કોઈ પણ પ્રાણીની હિસા મમત્વ બુધ્ધી સાથે થાય તો તે પાપ ગણાય છે, એજ રીતે અસત્ય અને મમત્વ બુધ્ધિ સાથે કરેલુ કોઈપણ કર્મ અને આચરણ પણ પાપ જ છે. આમ અહિંસાએ માનવનો આંતર ધર્મ છે. જેમને અહિંસક બનવું હોય તેમણે આઆંતર શત્રુને પોતાના સ્વભાવમાં દઢ કરવી જોઈએ. તોજ અહિંસક બની શકે આમ એક વખત થયા પછી આપણું શરીર જે કાઈ કરશે તે બીજું ગમે તે હોય પણ હિંસા તો કદાપિ નહીં જ હોય, આછે અહિસાનો સત્ય સ્વરૂપ સિધ્ધાંત. જગતનું કોઈપણ સર્જન શૂન્યમાંથી આવિર્ભાવ પામતું જ નથી, આ પહેલો સિધ્ધાંત છે, અને વિનાશ કદી પણ કોઈ વસ્તુનો સંપૂર્ણ પણે થતો જ નથી તે બીજો સિધ્ધાંત છે. આમ આ સૃષ્ટિમાં જે કાઈ પરિવર્તનની પ્રક્રિયા ચાલી રહી છે, વિનાશ લાગે છે તે આપણી ગેરસમજ છે. અજ્ઞાન છે, વિનાશ એટલે તેમાં એક નામ રૂપને સ્થાને બીજું નામ રૂપ આવે છે, માટીમાંથી ઘડો બન્યો તો માટીનો નાશ થયો અને ઘડો અસ્તિત્વમાં આવ્યો પાણીનો નાશ થયો તો વરાળ અસ્તીત્વમાં આવી આમ કોઈ વસ્તુનો નાશ શક્ય જ નથી, માત્રને માત્ર રૂપાંતરણ છે. આપણો પણ નાશ નથી, આપનો આત્મા શાશ્વત છે અજન્મા છે.

---

**ભગવાન ગૌતમ બુદ્ધ એ શાંતિ માટે મહેલ છોડી દીધો, અને આપણે મહેલની શોધમાં શાંતિ છોડી દીધી, બસ આટલો જ ફેર છે**

# બૌદ્ધ ધર્મની વિપશ્યના એટલે ચિત્ત વિશોધન અને સદગુણ વર્ધન! ગૌતમ બુદ્ધને શાક્યમુનિ પણ કહેવાયા



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**પ્રચલિત માન્યતાઓ પ્રમાણે સિદ્ધાર્થ ગૌતમનો જન્મ મૌર્ય રાજા અશોકના શાસનના ૨૦૦ વર્ષ પહેલા થયો હતો. તેઓનો જન્મ પ્રાચીન ભારતના લુમ્બિનિમાં, જે આજે નેપાળમાં છે, ત્યાં થયો હતો, રાજા સુધોધન તેમના પિતા અને રાણી મહામાયા તેમના માતા હતા.**

આજે બુદ્ધ પૂર્ણિમા છે અને ભગવાન બુદ્ધ અને બૌદ્ધ ધર્મ વિશે થોડું ચિંતન કરીએ. આજના સમયમાં કે જ્યારે આપણે વિજ્ઞાન વિકાસની રીતે ખૂબ આગળ વધી રહ્યા છીએ,પણ જેમ જેમ વિજ્ઞાન વિકાસ કરે છે, તેમ તેમ આપણી શાંતિ જાણે હણાતી જતી હોય એવું લાગે છે. પણ ભગવાન બુદ્ધ એ દર્શાવેલી શાંતિ અને વિપશ્યના એટલે કે સુખધામ માટે એમની કેટલીક વાતો આપણે માનવા જેવી લાગે છે. સુખ અને શાંતિ માટે દરેકની વ્યાખ્યા અલગ અલગ હોય છે, ભગવાન ગૌતમ બુદ્ધ એ શાંતિ માટે મહેલ છોડી દીધો, અને આપણે મહેલની શોધમાં શાંતિ છોડી દીધી, બસ આટલો જ ફેર છે.માટે એ બુદ્ધ કહેવાયા, અને આપણે બુધ્ધુ!! સિદ્ધાર્થ ગૌતમ બુદ્ધ, એ બૌદ્ધ ધર્મના સ્થાપક છે. ઈ.સ. પુર્વે ૫૬૩માં બુદ્ધનો જન્મ કપિલવસ્તુ નગરીમાં શાક્ય ક્ષત્રિય પરિવારમાં થયો હતો. જન્મ સમયે તેમનું નામ સિદ્ધાર્થ હતું. જન્મના કેટલાક દિવસો બાદ માતાનું અવસાન થતાં તેમનો ઉછેર તેમની માસી ગૌતમીએ કર્યો હતો. આથી તેને લોકોએ ગૌતમ કહીને બોલાવવાનું શરૂ કર્યું હતું. ગૌતમ બુદ્ધ ૮૦ વર્ષ જીવ્યા હતા. ગૌતમ બુદ્ધને શાક્યમુનિ પણ કહેવાયા. પ્રચલિત માન્યતાઓ પ્રમાણે સિદ્ધાર્થ ગૌતમનો જન્મ મૌર્ય રાજા અશોકના શાસનના ૨૦૦ વર્ષ પહેલા થયો હતો. તેઓનો જન્મ પ્રાચીન ભારતના લુમ્બિનિમાં, જે આજે નેપાળમાં છે, ત્યાં થયો હતો. રાજા સુધોધન તેમના પિતા અને રાણી મહામાયા તેમના માતા હતા. તેમનાં જન્મ વખતે અથવા તેના થોડાજ સમય બાદ માતા મહામાયાનું અવસાન થયું હતું. એમના નામકરણ વખતે ઘણાં વિદ્વાનોએ ભવિષ્યવાણી કરી હતી કે એ મહાન રાજા અથવા મહાન સદ્‌પુરુષ બનશે. એક રાજકુમાર હોવાથી સિદ્ધાર્થ ગૌતમનો વૈભવી રીતે ઉછેર થયો હતો. ૧૬ વર્ષની વયે તેમનાં લગ્ન યશોધરા સાથે કરવામાં અવ્યા હતા. સમય વહેતા તેમને રાહુલ નામના પુત્રનો જન્મ થયો. આમ જોઈએ તો બધું જ હોવા છતાં તેમને એવું લાગતું કે ભૌતિક સુખ જીવનનું સર્વોચ્ચ લક્ષ્ય નથી. ૨૯ વર્ષની ઉંમરે એક દિવસ નગરચર્યા દરમ્યાન તેમણે એક વૃદ્ધ વ્યક્તિ, એક રોગી વ્યક્તિ, એક સડી રહેલ મડદું અને એક સાધુને જોયા. આની તેમના માનસ પર ઊંડી અસર થઈ. જીવનના આ દુઃખોમાંથી મુક્તિનો માર્ગ શોધવા તેમણે વૈભવી જીવન છોડી એક ભિક્ષુક તરીકે જીવવા પ્રયાણ કર્યું. ગૌતમ બુદ્ધ બોધિ એટલે કે નિર્વાણને પ્રાપ્ત કરી શક્યાં, અને આપણે નહીં. અથવા તો જીવનનું મુખ્ય સત્ય જન્મ છે, તેનું મૃત્યુ છે, એ જાણવા છતાં આપણો દેહ મોહ છુટતો નથી, જ્યારે ગૌતમ બુદ્ધ એ આકરી તપશ્ચર્યા કરીને કરી બતાવ્યું. એટલે કે કોઈના ચરિત્ર પરથી આપણે બોધ લઈ શકીએ, અને એ મુજબ કદાચ જીવન જીવીએ તો થોડા ફાયદા પણ થાય, પરંતુ વ્યક્તિએ-વ્યક્તિએ જીવન વિશેની સમજ જુદી હોવાથી, દરેક જણા અહીં બુદ્ધ બની શકે નહીં. ભગવાન બુદ્ધ એ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું, તો પહેલા તો બ્રહ્મજ્ઞાન વિશેની સમજ મેળવવી પડે. જ્ઞાન શબ્દનો સીધો સાદો અર્થ કરીએ તો સમજ થાય, જ્યારે આપણે જ્ઞાન એટલે કે જાણકારી અને માહિતી એવો અર્થ કરીએ છીએ. જીવન વિશેની સીધીસાદી સમજ જેને મળી જાય અથવા તો કેમ જીવન જીવવું જોઈએ! એની સમજ મળે, અને અહીં અસ્તિત્વની મરજીથી બધું સંચાલિત છે, આપણો કાંકરો કંઈ કરી શકે નહીં, એવું અહમને તોડનારુ કોઈ જ્ઞાન કે સમજ પ્રાપ્ત થાય, તો એ બ્રહ્મજ્ઞાન છે. ભગવાન ગૌતમ બુદ્ધ એક રાજકુમાર તારીખે જન્મ્યા હોવા છતાં પણ એ બધું જ છોડી, અને ભીક્ષુક બન્યાં. જ્યારે આપણે તો આપણી પાસે છે, એમાં પણ હજી સતત વધારો કરવામાં જ પડ્યા છીએ, અને એને કારણે આપણે સમાજના નાના માણસોને અનીતિ કરવા માટે મજબૂર કરીએ છીએ. જીવનની પ્રાથમિક જરૂરિયાતો પૂરી ન થતી હોય, તે લોકો પોતાના પેટનો ખાડો પુરવા કે પછી અન્ય પ્રાથમિક જરૂરિયાત માટે ચોરી, લૂંટફાટ, હિંસા,કે અનીતિ વગેરે કરતા હોય છે. જ્યારે આપણી ધન કમાવવાની લાલસા અને વધુને વધુ સંગ્રહ નીતિ જો ઓછી થાય તો તેવોને એ બધી વસ્તુઓ આસાનીથી પ્રાપ્ત થાય, અને કદાચ અનીતિનું આચરણ ન પણ કરે. ગૌતમ બુદ્ધ એ જીવન સાર તરીકે દસ સુવિચાર આપ્યા છે, જે મુજબ સંસારીઓ જીવે તો ઘણી સમસ્યાઓના હાલ આવી જાય. ૧. જે વ્યક્તિનું મન શાંત હોય છે તે બોલતી વખતે અને અન્ય કાર્ય કરતી વખતે પણ શાંત રહે છે, અને એવી વ્યક્તિએ સત્યને પ્રાપ્ત કરી લીધું છે, અને તે બધાં દુઃખોથી મુક્ત છે, માટે તે અન્યના દુખ ઓછા કરવા જીવે છે, એટલે કે બુદ્ધત્વને પ્રાપ્ત કર્યું છે એવું જાણવું. ૨. વ્યવહારો માટે આપણે હજારો ખોખલા શબ્દો રોજ બોલતા હોઈએ છીએ એની બદલે એક શબ્દ એવો સારો જે જીવનમાં શાંતિ લાવે છે, અને કદાચ હરિસ્મરણ થી વધુ શાંતિ એક પણ શબ્દ લાવી શકે નહીં. ૩. સત્ય અને અસત્યનો ભેદ બોલતા ભગવાન બુદ્ધ કહે છે કે જે વ્યક્તિ જાણી જોઈને ખોટું બોલવામાં જરાય સંકોચ અનુભવતો નથી એ કોઈપણ પ્રકારના પાપનું આચરણ કરી શકે છે, માટે જાગૃત રહી અને વાણીનું સત્ય જળવાય એ રીતે બોલવું. ૪. ઘણા બધા લોકો ને સત્ય માટે જુદી પરિભાષા છે એટલે કે કોઈનું હિત થતું હોય તો અસત્ય બોલાય એ વિષે ભગવાન બુદ્ધ કહે છે કે, સભામાં પરિષદમાં કે પ્રવચનમાં કે પછી એકાંતમાં પણ ખોટું બોલવું નહીં કારણ કે એક અસત્ય બીજા સો અસત્ય ને બોલવા માટે મજબૂર કરે છે, અને એટલે જ તેનાથી બચવું. ૫. જીવનમાં હજાર સ્પર્ધાઓ કે ઝઘડાઓમાં જીતવા કરતાં, એકવાર પોતાની જાત ઉપર વિજય પ્રાપ્ત કરી લેવો એ આ બધા જ સ્પર્ધા અને ઝઘડાઓ માંથી ખુદને દૂર લઈ જનાર અને સાચી શાંતિ આપનાર છે. ૬. જે ઘડી ચાલી ગઈ છે એટલે કે ભૂતકાળ બની ગઈ છે તેના ઉપર ધ્યાન આપવું નહીં અને ભવિષ્યમાં શું થશે શું થશે એવું પણ વિચારવુ નહીં, દરેક વ્યક્તિનું આજ પર જ એટલે કે વર્તમાન પર ધ્યાન કેન્દ્રિત હોવું જોઈએ. ૭. સંસારીઓ ના જીવન જેને કારણે સૌથી વધુ ખરાબ થતા જોવા મળે છે એ શંકા શબ્દ એ વિશે સમજાવતાં ભગવાન બુદ્ધ કહે છે કે શંકા સૌથી ખતરનાક છે એ સંબંધોમાં તિરાડ પાડી શકે છે, અને ગમે તે પાકા બે મિત્રો ને અલગ કરી શકે છે, એ પછી પતિ-પત્ની, માતા પિતા, અને સંતાન વચ્ચેના સંબંધ પણ તોડી શકે છે. ૮. કોઈના પણ જીવનમાંથી તેની બુરાઈ એટલે કે અવગુણ શોધવા કરતા તેની ઈચ્છા એટલે કે ગુણ જોઈ અને તેની સાથે વર્તન કરવું, તો કદાચ લાગણી પ્રેમ ને હુંફ મળતાં એ તેના અવગુણ માંથી બહાર પણ આવી શકે. મૈત્રીભાવ એ જીવનનો ઉત્કૃષ્ટ ભાવ છે. ૯. સ્વાસ્થ્ય થી મોટો કોઈ ઉપહાર નથી, સંતોષથી મોટું કોઈ ધન નથી, અને વિશ્વાસ કે વફાદારી થી મોટો કોઈ સબંધ નથી, એવું તેઓ વારંવાર પોતાના શિષ્યોને કહેતા. ૧૦. ઈર્ષાની લાગણી કોઈને પણ સુખી થવા દેતી નથી, અને અજ્ઞાનને વધારે છે. અજ્ઞાની માણસ બળદ જેવો છે તે કદથી તો વધે છે, પરંતુ બુદ્ધિ તેની ક્યારેય વધતી નથી. વિપશ્યના એટલે શીલ, સમાધિ, અને પ્રજ્ઞાના ત્રિસ્તરીય આવરણ વડે ચિતશોધન અને સદગુણ વર્ધનની થતી પ્રક્રિયા, કે જે આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં ભગવાન બુદ્ધ દ્વારા આત્મ નિરીક્ષણથી શોધવામાં આવી હતી. ભગવાન બુદ્ધનું નામ પડે અને આપણને બુદ્ધ ધર્મનુ મુખ્ય સૂત્ર યાદ આવી જાય સંઘમ શરણમ ગચ્છામી,સંઘ એટલે કે સામૂહિક રીતે જીવનમાં ભગવાન બુદ્ધની આ વાતો સમજી અને સ્વીકાર કરી જીવન જીવવાના પ્રયત્ન થાય તો કંઈક સમાજ દર્શનમાં ફેર પડે. વ્યક્તિએ વ્યક્તિએ આવી ભાવના રાખી સુધારવું પડશે, અને દરેકે દરેકમાં સામાજિક ઉત્થાનનો ભાવ આવવો બહુ જ જરૂરી છે, બાકી તો આવી નાની-મોટી સમસ્યાઓમાં આપણા જીવન વ્યતિત થતા ગયા છે,અને આગળ પણ થશે. તો આજે આપણે આ બુદ્ધ જયંતિ એ એમના ચરિત્ર માંથી સંસારીઓ બહુ સહજ રીતે અનુસરી શકે એવા આ દસ સોનેરી સૂત્રોને જીવનમાં મહત્વ આપીએ, અને એ રીતે જીવન જીવવાનો સંકલ્પ કરી ખુદને તથા સમાજને શાંત કરીએ. જય હિન્દ.

---

**પ્રેમ, સહકાર, વિશ્વાસ, વફાદારી, સલામતી, સહાનુભૂતિ અને આદર એ બધી એવી લાગણીઓ છે જે પારકાને પણ પોતાના બનાવે છે**

# સત્યની શોધ માટે ખર્ચેલો સમય ક્યારેય માથે પડતો નથી, આખરેતો એ બચાવેલો સમય જ સાબિત થાય છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**જીવન માણવા માટે ખૂબ ટૂંકું છે અને નાપસંદ કરવા માટે ખૂબ લાંબુ છે, જેણે તમને દુઃખ પહોંચાડ્યું છે તેને માફ કરો અને આગળ વધો, તમારી જાત પરઅને તમારા ભગવાન પર વિશ્વાસ રાખો હંમેશા વિશ્વાસ રાખો, સ્વસ્થ રહો, સજાગ રહો, સુરક્ષિત રહો.**

રશિયા યુક્રેન યુદ્ધ કેટલાય સમયથી ચાલી રહયું છે બંને દેશના નેતાઓ બુદ્ધિશાળીઓ સમજે જ છે કે યુદ્ધથી બંને બાજુમાં બધી રીતે ખુમારી થવાની જ છે આ બાબત બંને દેશોના પાડોશી મિત્રદેશો અને સલાહકારો પણ જાણે છે છતાં યુદ્ધ બંધ થવાને બદલે આગળ વધી રહ્યું છે. ઈરાન ઈઝરાયેલનો વિવાદ ગઈ તારીખોમાં જ જોયું કે તેના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રઈસી તથા વિદેશ મંત્રી હુસૈન સહિત નવ લોકો હેલીકોપ્ટર ક્રેશ થતાં મૃત્યુ પામ્યા તેની પાછળ અવનવી ચર્ચાઓ ચાલે છે ને ચાલતી રહેવાની ત્યારે આજે આપણે જોઈએ કે ખરેખર યુદ્ધ વિવાદ એ સારી વસ્તુ છે તેનાથી દૂર રહેવું જોઇએ તો જ જીવન જીવવા મજા આવે બાકી તો વાદવિવાદ અત્ર તત્ર સર્વત્ર વ્યાપક જ છે. મહાભારતના સમયે શ્રીકૃષ્ણ જાણતા હતાકે આ યુદ્ધનું કેવું પરિણામ આવશે. તેથી તો જ વારેઘડીએ દૂત બનીને દુર્યોધનના દરબારમાં ગયા ત્યારે તેમણે સભા માં બધાની સમક્ષ ધૃતરાષ્ટ્રને કહ્યું હતું કે “મહારાજ, હું’ બંને પક્ષનું કલ્યાણ થાય એવી શુભ ભાવના થી આવ્યો છું. ન્યાય અને ધર્મની દૃષ્ટિએ જોતાં તમારે પાંડવોને એમના હક્કનો પ્રદેશ આપી દેવો જોઈએ. તમારા પુત્રોને તમે સમજાવો. કૌરવો અને પાંડવો જો યુદ્ધના માર્ગે ન જાય અને સુલેહ સંપથી રહે તો આ દેશનું કલ્યાણ થશે. જો યુદ્ધને ટાળવામાં નહીં આવે તો તમે એ ધ્યાન રાખજો કે ભારે ખુવારી થવાની છે. પુત્રો મરે કે ભત્રીજાઓ મરે પણ છેવટે તો શોક સિવાય બીજું કંઈ મળવાનું નથી. આ યુદ્ધ એવું થશે કે આખા ભારતવર્ષનો સંહાર થઈ જશે. પાંડવોને જો એમનો હક્ક મળશે તો તેઓ તમારી સેવા કરવા તૈયાર છે.પરંતુ તમારી જો એવી જ ઈચ્છા હશેકે યુદ્ધ ભલે ખેલાય. તો એ પ્રમાણે વર્તવા પણ તેઓ તૈયાર છે. પણ પરાજય અને વિજય પામનાર એમ બંને પક્ષને હાથમાં આંસુ સિવાય બીજું કંઈ નહીં મળે. બંને પક્ષના સમર્થ અને શક્તિ શાળી પુરુષો કપાઈ જાય અને પછી કોઈને વિજય મળે તો એની કંઈ કિંમત નથી.’ અને પછી શ્રીકૃષ્ણે દુર્યોધનને પણ ઘણો સમજાવ્યો, પણ તે સમજ્યો નહીં. દુર્યોધનની વાણીથી શ્રીકૃષ્ણનું હૃદય દુઃખી બન્યું. આમ છતાં પણ દુર્યોધને જ્યારે શ્રીકૃષ્ણ પાસે થી મદદમાં નારાયણી સેના માગી ત્યારે કૃષ્ણે તે આપી દીધી !ઊચ્ચ કોટિના મહાપુરુષોનો આત્મા કેવો ઉચ્ચ હોય છે એનો ખ્યાલ આ પ્રસંગ ઉપરથી આવે છે. તમે ભલે એમની સલાહ ન માનો,ભલે એમનું અપમાન કરો, પણ જો તમે એમની પાસે મદદ માગવા જાવ તો તેઓ હૃદયના ખરા પ્રેમથી મદદ કરવા તૈયાર જ હોય છે. એમના મનમાં તમારા પ્રત્યે લેશમાત્ર પણ ડંખ નથી હોતો! દુર્યોધન એમ માનતો હતો કે ‘શ્રીકૃષ્ણની સેના મળે તો એમાં મારો વિજય છે.’ અને કૃષ્ણે કહ્યું કે ‘લઈ જા.’ અર્જુન એમ માનતો હતો કે ‘મને કૃષ્ણ મળે તો એમાં મારું કલ્યાણ છે’ અને કૃષ્ણે કહ્યું કે ‘નું મને લઈ જા.’’સમજવાનું એ છે કે ભગવાન ની કૃપા સૌ કોઈ ઉપર વરસતી રહે છે. ચોર એવી પ્રાર્થના કરે કે ‘હે ભગવાન, આજે હું કોઈનું ઘરે ચોરી કરીને હજારો રૂપિયાની માલમત્તા મેળવું, એવા આશીર્વાદ આપો !’ ભગવાન કહે છે કે ‘તથાસ્તુ’ અને આજ પળે કોઈ પોલીસ અધિકારી પ્રાર્થના કરે કે ‘હે ભગવાન હું ચોરને પકડીને મારી ફરજ બજાવતો રહું એવા આશીર્વાદ મને આપો’તો ભગવાન એને પણ કહેશે કે ‘તથાસ્તુ’ આશીર્વાદનો વરસાદ કોઈપણ જાતના ભેદ ભાવ વિના વરસતો રહે છે. પણ આત્માની ધરતીમાં જેવાં બીજ રોપાયાં હોય એવો પાક ઉતરે છે. કોઈ કાંટાળી વાડ, તો કોઈ વિરાટ વડલો ! આપણે માગવામાં, ઈચ્છા કરવામાં પણ વિવેક બુદ્ધિથી સારાસારનું ભાન રાખવું જોઈએ.જીવનમાં સુખનો અર્થ લડાઈ લડવાનો નથી, પરંતુ તેમને ટાળવું, કુશળતાપૂર્વક પીછેહઠ કરવી એ પણ એક જીત છે, કારણ કે અભિમાનની શક્તિ એન્જલ્સને પણ શેતાન બનાવી દે છે, અને નમ્રતા એક સામાન્ય વ્યક્તિને પણ દેવદૂત બનાવી દે છે.જીવન માણવા માટે ખૂબ ટૂંકું છે અને નાપસંદ કરવા માટે ખૂબ લાંબુ છે, જેણે તમને દુઃખ પહોંચાડ્યું છે તેને માફ કરો અને આગળ વધો.તમારી જાત પરઅને તમારા ભગવાન પર વિશ્વાસ રાખો હંમેશા વિશ્વાસ રાખો, સ્વસ્થ રહો, સજાગ રહો, સુરક્ષિત રહો. કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે થોડી સાવચેતી જરૂર રાખો પણ આળસ નહી નીચેની વાત કંઈક કહે છે. એક રાજા હતો. રાજા પાસે બધી જ સુખ-સુવિધાઓ હતી અને અસંખ્ય નોકર તેની સેવા કરવા માટે દરેક સમયે ઉપલબ્ધ હતા. તેમ છતાં રાજા તેના જીવનથી ખુશ ન હતો કારણ કે તે તેના સ્વાસ્થ્યને લઈને ખૂબ જ ચિંતિત હતો. તે હંમેશા રોગોથી ઘેરાયેલો રહેતો હતો. રાજાની બીમારીના ઈલાજ માટે રાજદરબારો ચિંતા તુર બન્યા, આ સાંભળીને જે કોઈ રાજાની તબિયત સુધારશે તેને અસંખ્ય સોનાના સિક્કા આપવા માં આવશે રાજાએ એક વૃદ્ધ રાજાની સારવાર કરવાનું નક્કી કર્યું. વૃદ્ધ માણસ રાજા પાસે આવ્યો અને કહ્યું: ‘મહારાજ,તમે પરવાનગી આપો તો હું તમારી બીમારી દૂર કરી શકું.’ રાજાની અનુમતિ મળ્યા પછી તેણે કહ્યું:- ‘તમે સંપૂર્ણ સુખી વ્યક્તિના વસ્ત્રો પહેરો, તમે ચોક્કસપણે સ્વસ્થ અને સુખી થઈ જશો.’ વૃદ્ધની વાત સાંભળીને રાજાના બધા મંત્રીઓ અને સેવકો જોરથી હસવા લાગ્યા. આના પર વૃદ્ધે કહ્યું:- ‘મહારાજ, તમે બધી સારવાર અજમાવી છે, આ પણ અજમાવી જુઓ, તમે ચોક્કસ સ્વસ્થ થઈ જશો.’ રાજા તેની સાથે સંમત થયા અને તેના સેવકોને રાજ્યની ચારેય દિશામાં સુખી માણસની શોધમાં મોકલ્યા. પરંતુ તેને કોઈ સંપૂર્ણ સુખી વ્યક્તિ મળી ન હતી જે લોકોમાં કોઈને કોઈ બાબતથી ઉદાસ હતી. હવે રાજા પોતે સુખી માણસની શોધમાં નીકળ્યો. તે ખૂબ જ ગરમીનો દિવસ હતો અને રાજાને ખરાબ લાગ્યું અને તે એક ઝાડની છાયામાં આરામ કરવા માટેરોકાયો પછી રાજાએ એક મજૂરને આવી ગરમીમાં કામ કરતા જોયો. રાજાએ તેને પૂછ્યું:- ‘તમે સંપૂર્ણ ખુશ છો?’ મજૂરે આનંદથી અને સ્વાભાવિક રીતે કહ્યું: - ભગવાનની કૃપાથી, હું સંપૂર્ણ ખુશ છું. આ સાંભળીને રાજા પણ ખૂબ ખુશ થઈ ગયા. તેણે ઉપરથી નીચે સુધી મજૂર તરફ જોયું અને જોયું કે મજૂરે માત્ર ધોતી પહેરેલી હતી અને સખત મહેનતથી સંપૂર્ણપણે પરસેવો હતો. આ જોઈને રાજા સમજી ગયા કે સામાન્ય મજૂર પણ મહેનત કરવાથી જ સુખી થાય છે અને કોઈ કામ ન કરવાને કારણે રાજા રોગોથી ઘેરાયેલો રહે છે. રાજા પાછો આવ્યો અને વૃદ્ધનો આભાર માન્યો અને તેને અસંખ્ય સોનાના સિક્કા આપ્યા. હવે રાજા પોતે આરામ અને આળસ છોડીને કામ કરવા લાગ્યા. સખત મહેનતથી, થોડા દિવસોમાં રાજા સંપૂર્ણ સ્વસ્થ અને ખુશ થઈ ગયો.વાર્તાનો સાર એ છે કે આજે આપણે ભૌતિક સુખ-સુવિધાઓ થી એટલા ટેવાઈ ગયા છીએ કે આપણા શરીરની રોગો સામે લડવાની શક્તિ નબળી પડી રહી છે.જેના કારણે આપણે જલ્દી જ રોગોનો શિકાર થઈ જઈએ છીએ તેથી, તંદુરસ્ત અને સુખી જીવનનું રહસ્ય યોગ, ધ્યાન, મુસાફરી વગેરે જેવી શારીરિક કસરતો છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત, આજે વૈશાખી પૂનમ હવામાન વિભાગે રેડ એલર્ટ ગરમીના પ્રકોપની આગાહી સાથે સાવચેત રહેવાની જરૂર છે તેવું જણાવ્યું છે તેને અનુસરી સ્વસ્થ રહીએ.





### પાયાવિહોણી વાતોને વધારે વેગ મળી રહ્યો છે

# ટેલેન્ટ જોવાના બદલે અફવાઓ પર વધુ ધ્યાન અપાય છે : નોરા

નોરા ફતેહીએ બોલિવૂડની ડાન્સિંગ ક્વિનની ઈમેજને એક ડગલું આગળ વધારતા લીડ એક્ટ્રેસ માટે સશક્ત દાવેદારી કરી છે. પોતાની આ સફળતા ટેલેન્ટને આભારી હોવાનું નોરા માને છે, પરંતુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના કેટલાક કેમ્પ્સ આવડત પર ધ્યાન આપવાના બદલે વિવિધ પ્રકારની અફવાઓ ફેલાવે છે. જેના કારણે પોતાની કરિયર અને ઈમેજ બંનેને નુકસાન થતું હોવાનું નોરાએ જણાવ્યું છે. નોરાએ તાજેતરમાં જણાવ્યું હતું કે, પાયાવિહોણી વાતોને વધારે વેગ મળી રહ્યો છે. સોશિયલ મીડિયાના ટ્રોલિંગ સંદર્ભે જાડી ચામડીની થઈ ગઈ છું, પરંતુ ઈન્ડસ્ટ્રીમાં અંદરના લોકો જ અફવા ફેલાવતા હોવાથી નિરાશ થઈ જવાય છે. ઈન્ડસ્ટ્રીના લોકો પોતાના કેમ્પ્સમાં મારા માટે અફવા ફેલાવે છે અને તેમાં સહેજ પણ સત્યતા નથી. તેઓ મારા માટે ચોક્કસ પ્રકારની ધારણાઓ ઊભી કરી છે. તેઓ આવું શા માટે કરે છે તે સમજાતું નથી. નોરાએ ભારતમાં સ્થાયી થયા બાદ આપબળે આગવી ઓળખ ઊભી કરી છે અને અફવાઓને ધ્યાનમાં લીધા વગર આગળ વધવાની આદત વિકસાવી છે. આમ છતાં કેટલી નિશ્ચિત બાબતોને સફળતા સાથે સાંકળીને અફવા ફેલાવવામાં આવે તો ક્યારેક હતાશ થઈ જવાય છે.



# ‘બોર્ડર ૨’માં સની સાથે જોવા મળશે આયુષ્માન

### રિપોર્ટ્સ અનુસાર, જેપી દત્તા, નિધિ દત્તા અને ભૂષણ કુમાર ‘બોર્ડર ૨’ પ્રોડ્યુસ કરી રહ્યા છે

હજારો દિલોને સ્પર્શી ગયેલી ફિલ્મ ‘બોર્ડર’ની સિક્વલની ચર્ચા ઘણા સમયથી ચાલી રહી છે. કહેવામાં આવી રહ્યું છે કે સની દેઓલ ‘બોર્ડર-૨’માં કામ કરવા જઈ રહ્યો છે. હવે તેના શૂટિંગ શિડ્યુલને લઈને એક અપડેટ સામે આવ્યું છે. ‘ગદર ૨’ પછી સની દેઓલ હવે ‘બોર્ડર ૨’માં ધૂમ મચાવવા આવી રહ્યો છે. આ ફિલ્મમાં તેની સાથે આયુષ્માન ખુરાના પણ જોવા મળશે. ફિલ્મ ‘બોર્ડર’ ૧૯૯૭માં રિલીઝ થઈ હતી. દર્શકોએ તેને ભરપૂર પ્રેમ આપ્યો. પિંકવિલાના રિપોર્ટ અનુસાર, જેપી દત્તા, નિધિ દત્તા અને ભૂષણ કુમાર ‘બોર્ડર ૨’નું નિર્માણ કરી રહ્યા છે. આ ફિલ્મ આ વર્ષે ઓક્ટોબરમાં ફલોર પર જઈ શકે છે. ફિલ્મ સાથે જોડાયેલા એક સૂત્રના જણાવ્યા અનુસાર, ‘બોર્ડર ૨ ની ટીમ તેની પૂરી શક્તિ સાથે બધું જ તૈયાર કરી રહી છે. તેને બનાવવામાં ઘણો સમય લાગ્યો છે, કારણ કે ટીમ તેની સફળતાને



ધ્યાનમાં રાખીને પ્રથમ ફિલ્મ સાથે ન્યાય કરવા માંગતી હતી. હવે તૈયારીઓ લગભગ પૂર્ણ થઈ ગઈ છે, તેથી ટીમ ઓક્ટોબરમાં શૂટિંગ શરૂ કરશે. તાજેતરમાં, સની દેઓલે રણવીર અલ્હાબાદિયાના પોડકાસ્ટમાં ‘બોર્ડર ૨’ વિશે વાત કરી હતી. તેણે કહ્યું કે આ ફિલ્મ ૨૦૧૫માં વિચારવામાં આવી હતી. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે શું ખરેખર ‘બોર્ડર’ની સિક્વલ બની રહી છે તો તેણે કહ્યું, ‘મેં એવું પણ સાંભળ્યું છે કે તેઓ બોર્ડર ૨ બનાવી રહ્યા છે. અમારે તેને ૨૦૧૫માં ખૂબ વહેલું શરૂ કરવાનું હતું. પરંતુ મારી સતત ફલોપ ફિલ્મોને કારણે લોકો તેને બનાવવામાં ડરતા હતા. પરંતુ હવે, દરેક તેને બનાવવા માંગે છે. બોર્ડરના કલાકારોને ‘સુંદર’ ગણાવતા સનીએ કહ્યું કે તે આ બધા પાત્રોને પાછા જોવા માંગે છે. તેણે કહ્યું હતું કે, ‘મને આ ફિલ્મ કરવાનું મન થાય છે, પરંતુ ફિલ્મની વાર્તામાં તે પાત્ર માટે યોગ્યતા હોવી જોઈએ, જેથી જે લોકો ફિલ્મ જોવા આવે છે અને આશા રાખે છે કે તે મજા આવશે, તેઓ નિરાશ ન થાય. જેમ કે તેણે મારી ફિલ્મ ગદર ૨ માણી હતી. જાણકારી અનુસાર, મેકર્સ રિપબ્લિક ડે ૨૦૨૬ના વીકએન્ડ પર ‘બોર્ડર ૨’ લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ ફિલ્મનું નિર્દેશન અનુરાગ સિંહ કરશે. ફિલ્મ ‘બોર્ડર’માં સની દેઓલ ઉપરાંત સુનીલ શેટ્ટી, પૂજા ભટ્ટ, જેકી શ્રોફ, અક્ષય ખન્ના જેવા ઘણા સારા કલાકારોએ કામ કર્યું હતું.

### સુર્યા-શાહરૂખની જેમ પ્રભાસે પણ કરી દોસ્તીમાં દિલદારી


# મિત્રતામાં કેમિયો માટે કેમિયો માટે ફી નહીં લે

### પ્રોડ્યુસર મોહન બાબુ સાથેની મિત્રતા નિભાવતા પ્રભાસે ‘કનપ્પા’માં ચાર્જ લેવાનું ટાળ્યું

બાહુબલિની સફળતાથી પાન ઈન્ડિયા સ્ટાર બની ગયેલા પ્રભાસની કેટલીક બિગ બજેટ ફિલ્મો ફ્લોપ રહી હતી, પરંતુ આ બદનસીબી લાંબી ચાલી નથી. પ્રભાસને પાછલા વર્ષે રિલીઝ થયેલી ‘સાલાર’ના કારણે કમબેકનો ચાન્સ મળ્યો છે અને ફિલ્મમેકર્સનો વિશ્વાસ પણ વધ્યો છે. પ્રભાસના હાથ પર સંખ્યાબંધ ફિલ્મો છે અને તેનું શીડ્યુલ ભરચક ચાલી રહ્યું છે. પ્રભાસ પાસે તમામ ફિલ્મો મોટા બજેટની છે અને બજેટમાં મોટો ફાળો પ્રભાસની ફીનો હોય છે. જો કે દરેક ફિલ્મ માટે કરોડો રૂપિયાની ફી વસૂલતા પ્રભાસે મિત્રતામાં ‘કનપ્પા’માં કેમિયો માટે એક રૂપિયો ફી લીધી નથી. ફિલ્મી દુનિયાની દોસ્તીમાં દિલદારી બતાવવાના આ નિર્ણયે પ્રભાસને સુર્યા અને શાહરૂખ ખાનની કેટેગરીમાં લાવી દીધો છે. પ્રભાસના હાથ પર સંખ્યાબંધ મોટા પ્રોજેક્ટ્સ છે. ટૂંક સમયમાં તેની ફિલ્મ ‘કલ્કિ ૨૮૯૮ એડી’ આવી રહી છે. અમિતાભ બચ્ચન અને દીપિકા પાદુકોણ સાથેની આ ફિલ્મ બાદ પ્રશાંત નીલની ‘સાલાર’ની સીક્વલનું શૂટિંગ શરૂ થશે. ‘રાજા સાબ’ અને સંદીપ રેડ્ડી વાંગાની ‘સ્પિરિટ’ પણ અંડર પ્રોડક્શન છે. પ્રભાસની આ તમામ ફિલ્મો રૂ.૩૦૦ કરોડથી વધુના બજેટમાં બનવાની છે. ફિલ્મના એકંદર બજેટમાં પ્રભાસની ફીનો પણ મોટો ફાળો




છે. પ્રભાસે બિઝી શીડ્યુલ વચ્ચે વિષ્ણુ માંચુની ‘કનપ્પા’માં કેમિયો કરવાનું સ્વીકાર્યું છે. કેમિયોના એક ભાગનું શૂટિંગ પ્રભાસે પૂરું પણ કરી લીધું છે. ‘કનપ્પા’ના પ્રોડ્યુસર મોહન બાબુ છે અને તેમની સાથેની મિત્રતાના પગલે જ પ્રભાસે ચાર્જ લીધા વગર કેમિયો કરવાનું સ્વીકાર્યું છે. પ્રભાસ અને મોહન બાબુ અગાઉ ૨૦૦૮ના વર્ષમાં ‘બુજ્જીગડુ: મેડ ઈન ચેન્નાઈ’માં સાથે કામ કરી ચૂક્યા છે. પ્રભાસ પહેલા શાહરૂખ ખાને આર. માધવનની ફિલ્મ ‘રોકેટ્રી: ધ નામ્બિ ઈફેક્ટ’માં કેમિયો કર્યો હતો. શાહરૂખે આ ફિલ્મમાં કોઈ ચાર્જ લીધા વગર કામ કર્યું હતું. ફિલ્મના તમિલ વર્ઝનમાં શાહરૂખ ખાનનો રોલ સુર્યાએ કર્યો હતો. સુર્યાએ પણ ફી લીધા વગર કામ કર્યું હતું. કમલ હાસનની ‘વિક્રમ’માં સુર્યાનો કેમિયો હતો. સુર્યાએ રોલેક્સનો રોલ કર્યો હતો. સુર્યાનો આ કેમિયો ફિલ્મના ક્લાઈમેક્સમાં જોવા મળ્યો હતો અને તેનાથી ફિલ્મને લાભ થયો હતો. સુર્યાએ કમલ હાસન પ્રત્યેનો આદર વ્યક્ત કરતાં આ દમદાર રોલ માટે ફી લેવાનું ટાળ્યુ હતું. ફિલ્મની દુનિયામાં દોસ્તી અને સંબંધો માત્ર કહેવા પૂરતા હોય છે, તેવું અનેક વાર સાંભળવા મળે છે. જો કે સંબંધો સાચવવા કે લાગણી દર્શાવવા માટે ઘણાં સ્ટાર્સ તોતિંગ ફી જતી કરવા તૈયાર થતા હોય છે.



# અભિનેતા બનવા માંગુ છું જે રાજકારણનો એક ભાગ, જેથી રાજ્ય માટે સશક્તિકરણ મળે

‘હીરામંડી’માં પોતાના કામ માટે વખાણ કરી રહેલા અભિનેતા શેખર સુમન તાજેતરમાં જ ભાજપમાં જોડાયા હતા. હવે શેખરે કહ્યું છે કે તેણે પોતાની રાજકીય કારકિદી માટે સમય મર્યાદા નક્કી કરી છે. જો તે નિર્ધારિત સમયમાં પાર્ટીની સેવા નહીં કરી શકે તો તે ભાજપ છોડી દેશે. શેખરે એમ પણ કહ્યું કે તેઓ તેમના ઉદ્યોગ અને રાજ્યની સેવા કરવા માટે રાજકારણમાં જોડાયા છે. તેઓ ભલે રાજકારણમાં પ્રવેશ્યા હોય પરંતુ રાજકીય ગરબડ, ચર્ચા કે મહત્વાકાંક્ષાનો ભાગ બનવા માંગતા નથી. શેખરે કહ્યું, ‘હું હજી પણ એક એવો અભિનેતા બનવા માંગુ છું જે રાજકારણનો એક ભાગ છે જેથી તે મને મારા ઉદ્યોગ અને મારા રાજ્ય માટે જે કરવા માંગુ છું તે કરવા માટે સશક્તિકરણ મળે. હું રાજકીય ઉથલપાથલ અને ચર્ચાઓ અને રાજકીય મહત્વાકાંક્ષાઓનો ભાગ બનવા માંગતો નથી. હું રાજકારણી નથી. હું રાજકારણમાં આવવા માંગતો નથી અને હજુ પણ રાજકારણમાં રહેવા માંગુ છું અને જે કામ કરવા માંગુ છું તે કરવા માંગુ છું. શેખરે કહ્યું કે એવું બિલકુલ નથી કે તેઓ કામ કરી શકતા નથી, તેમ છતાં તેઓ રાજકારણમાં જ રહેશે. તેણે કહ્યું, ‘મેં મારા માટે એક સમય મર્યાદા નક્કી કરી છે અને જો હું મારી જાતને જે વચન આપ્યું છે તે પૂરું ન કરી શકું તો હું રાજકારણ છોડી દઈશ. હું અહીં એક ખાસ હેતુ માટે આવ્યો છું - સેવા આપવા. જો હું સેવા ન આપી શકું, તો માત્ર ટકી રહેવા માટે અહીં રહેવાનો કોઈ ફાયદો નથી. પરંતુ જ્યારે તમે ખૂબ જ સકારાત્મકતા અને વિશ્વાસ સાથે આવો છો, ત્યારે ભગવાન મદદ કરે છે. તમને જણાવી દઈએ કે, શેખર ૭ મેના રોજ ભાજપમાં જોડાયા હતા.

**હું ભાજપ છોડી દઈશ**



### આ ફિલ્મને શરૂઆતમાં ‘ફ્લોપ’ કહેવામાં આવી

# ‘હમ દિલ દે ચૂકે સનમ‘ની ટીમ સલમાન-ઐશ્વર્યા તૈયાર ન થાય ત્યાં સુધી અંતાક્ષરી વગાડતી

### ‘હમ દિલ દે ચૂકે સનમ‘માં કામ કરી ચૂકેલી અભિનેત્રી સ્મિતા જયકરે જણાવ્યું છે કે ફિલ્મના શૂટિંગ દરમિયાન ટીમમાં કેટલો મજબૂત બોન્ડ બન્યો હતો




‘દેવદાસ’ અને ‘હમ દિલ દે ચૂકે સનમ’ જેવી સુપરહિટ ફિલ્મોમાં કામ કરી ચૂકેલી સ્મિતા જયકરે પોતાના વીતેલા દિવસોની યાદો તાજી કરી છે. સ્મિતાએ તેની ફિલ્મોમાં સલમાન ખાન, ઐશ્વર્યા રાય અને વિનય પાઠક જેવા કલાકારો સાથે સ્ક્રીન શેર કરવાનો અનુભવ પણ શેર કર્યો હતો. શૂટિંગની રસપ્રદ વાતો જણાવતા તેણે જણાવ્યું કે ‘ઢીલ દે દે રે ભૈયા’ ગીતને શૂટ કરવામાં તેને ૧૦ દિવસનો સમય લાગ્યો હતો. સ્મિતાએ એ પણ જણાવ્યું કે જ્યાં સુધી ફિલ્મના મુખ્ય કલાકારો સલમાન અને ઐશ્વર્યા સેટ પર ન આવ્યા ત્યાં સુધી બાકીની ટીમ કેવી રીતે મનોરંજન કરતી હતી. મજ્જા સાથેના એક ઈન્ટરવ્યુમાં સ્મિતાએ જણાવ્યું કે, ‘જ્યારે અમે ‘કાઈ પો છે’ ગીતનું શૂટિંગ કરી રહ્યા હતા ત્યારે શિફ્ટનો સમય સવારે ૭ વાગ્યાનો હતો, કારણ કે આખું શૂટ આઉટડોર હતું. જ્યારે સાંજના ૪ કે ૪:૩૦ વાગ્યા હતા, ત્યારે સૂર્યાસ્ત દરમિયાન બહુ ઓછા શૂટ થઈ શકતા હતા. તે સમયે, સલમાન અને ઐશ્વર્યા તૈયાર થઈ ગયા હતા, કારણ કે તેઓ મુખ્ય કલાકાર હતા... અમે બધા અને ટીમના બાકીના સભ્યો ૭:૩૦ વાગ્યે ભેગા થઈશું. તેણે આગળ કહ્યું, ‘જ્યાં સુધી બાકીનું સેટઅપ થઈ ગયું અને જ્યાં સુધી સલમાન અને ઐશ્વર્યા ન આવે ત્યાં સુધી અમે અંતાક્ષરી રમતા. અમારી વચ્ચે ખૂબ જ ગાઢ મિત્રતા હતી. તે ગીત શૂટ કરવામાં અમને ૧૦ દિવસ લાગ્યા હતા. અમારી પાસે મર્યાદિત સમય હતો. સ્મિતાએ ‘હમ દિલ દે ચૂકે સનમ‘માં ઐશ્વર્યા રાયની માતાની ભૂમિકા ભજવી હતી. અભિનેતાએ કહ્યું કે ‘હમ દિલ દે ચૂકે સનમ‘ પછી તેને વિશ્વભરમાં ઓળખ મળી. સ્મિતાએ યાદ કરતાં કહ્યું, ‘શરૂઆતમાં જ્યારે ફિલ્મ રિલીઝ થઈ ત્યારે લોકો તેને ફલોપ-ફલોપ કહેતા હતા. તેઓ કહેતા હતા કે લોકોને તે પસંદ નથી. પરંતુ પછી જે બન્યું તે આશ્ચર્યજનક હતું. ડિરેક્ટર સંજય લીલા ભણસાલીની ‘હમ દિલ દે ચૂકે સનમ‘ ૧૯૯૯માં રિલીઝ થઈ હતી. સલમાન ખાન અને ઐશ્વર્યા રાયની આ છેલ્લી ફિલ્મ હતી. ભણસાલીના નિર્દેશનમાં બનેલી વેબ સિરીઝ ‘હીરામંડી’ આજકાલ ખૂબ જ જોવામાં આવી રહી છે.



### લોકોએ સ્વિગી ડિલિવરી બોયના કર્યા વખાણ એક વીડિયો થયો વાયરલ

# તાપસીને અવગણીને આગળ ચાલ્યો ગયો સ્વિગી બોય

### એક યુઝરે કહ્યું, ‘હે સ્વિગી, આ ડિલિવરી પાર્ટનર તેના સમર્પણ માટે પ્રોત્સાહનને પાત્ર છે’






સ્વિગી ડિલિવરી બોયની સોશિયલ મીડિયા પર ખૂબ પ્રશંસા થઈ રહી છે. તેનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં બોલિવૂડ એક્ટ્રેસ તાપસી પન્નુ પણ જોવા મળી રહી છે. સ્વિગી ડિલિવરી બોયની સોશિયલ મીડિયા પર ખૂબ પ્રશંસા થઈ રહી છે. તેનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં બોલિવૂડ એક્ટ્રેસ તાપસી પન્નુ પણ જોવા મળી રહી છે. આ વીડિયો મુંબઈનો હોવાનું કહેવાય છે. મોટાભાગે મોટા સ્ટાર્સને જોઈને લોકો સેલ્ફી લેવા દોડે છે. અથવા તેમને જોવા માટે ભીડ રચાય છે. આ સ્વિગી ડિલિવરી બોય દ્વારા આપવામાં આવેલી પ્રતિક્રિયા. તેણે લોકોના દિલ જીતી લીધા છે. ૨૩ સેકન્ડના વીડિયોમાં એક સ્વિગી ડિલિવરી બોય ફૂડ ડિલિવરી કરવા માટે બિલ્ડિંગમાં પ્રવેશતો જોઈ શકાય છે. પાપારાઝી ગેટની બહાર ઉભા રહીને તારાઓની તસવીરો લઈ રહ્યા હતા. આ લોકો બૂમો પાડીને ડિલિવરી બોયને ફ્રેમમાંથી બહાર નીકળવાનું કહે છે. વ્યક્તિ તેમના અવાજોથી મૂંઝવણમાં મૂકે છે. અને તે ગેટની બહાર ઉભેલા પાપારાઝીને જોવાનું શરૂ કરે છે. વીડિયોમાં સાંભળી શકાય છે કે જ્યારે તાપસી પન્નુ બિલ્ડિંગમાંથી બહાર આવે છે, ત્યારે પાપારાઝી તેની તસવીર લેવા દોડી જાય છે. એટલામાં જ સ્વિગી ડિલિવરી બોય ત્યાં ઊભો છે. પાપારાઝી કહે છે, ‘હટ, બાજુ હટ નાપ’ જ્યારે તાપસી પન્નુ ચશ્મા અને કાળા ડ્રેસમાં જોવા મળી શકે છે. જ્યારે તે ત્યાંથી નીકળે છે, ત્યારે નજીકમાં ઊભેલા સ્વિગી ડિલિવરી એજન્ટ જવાબ આપતા નથી. આ પછી પાપારાઝીએ અભિનેત્રી પાસેથી લગ્નની પાર્ટી માંગવાનું શરૂ કર્યું. તેણે તાજેતરમાં જ ઉદયપુરમાં તેના લાંબા સમયના બોયફ્રેન્ડ મેથિયાસ બોએ સાથે લગ્ન કર્યા. બીજી તરફ, સોશિયલ મીડિયા યુઝર્સ સ્વિગી એજન્ટના ખૂબ વખાણ કરી રહ્યા છે. કારણ કે તેણે બોલિવૂડ સ્ટારને જોવાનું બંધ કર્યું નહીં પરંતુ પોતાનું કામ કરવાનું ચાલુ રાખ્યું. એક યુઝરે કહ્યું, ‘હે સ્વિગી, આ ડિલિવરી પાર્ટનર તેના સમર્પણ માટે પ્રોત્સાહનને પાત્ર છે.’

**શું હજુ લોકો તાપસી પન્નુને નથી ઓળખતા?**

# મિસ યુનિવર્સનો ખિતાબ જીતનાર પ્રથમ ભારતીય મહિલા સુષ્મિતા સેને થ્રોબેક ફોટો સાથે ૩૦ વર્ષની ઉજવણી કરી

અભિનેત્રી સુષ્મિતા સેન લગભગ ૩૦ વર્ષથી ભારતીય છોકરીઓ માટે પ્રેરણારૂપ છે. દેશભરની છોકરીઓ પોતાનું જીવન પોતાની શરતો પર જીવવાના ઉદાહરણ માટે અને તેમના સપનાને અનુસરવાની પ્રેરણા માટે સુષ્મિતા તરફ જુએ છે. પરંતુ સુષ્મિતાએ બરાબર ૩૦ વર્ષ પહેલા આ સ્થાન હાંસલ કર્યું હતું, જેના કારણે તે ભારતમાં એક આઈકોન બની ગઈ હતી. ૨૧ મે, ૧૯૯૪ના રોજ, સુષ્મિતા મિસ યુનિવર્સનો ખિતાબ જીતનાર પ્રથમ ભારતીય મહિલા બની હતી. મંગળવારે સવારે સુષ્મિતાએ આ સિદ્ધિના ૩૦ વર્ષની ઉજવણી કરતી એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટ શેર કરી હતી. ઈન્સ્ટાગ્રામ પર, સુષ્મિતાએ મિસ યુનિવર્સ જીત્યા પછી એક થ્રોબેક ફોટો શેર કર્યો જેમાં એક બાળકી તેના ખોળામાં જોવા મળી રહી છે. તસ્વીર શેર કરતી વખતે સુષ્મિતાએ લખ્યું, ‘આ નાની છોકરી, જે હું અનાથાશ્રમમાં મળી હતી, તેણે




મને ૧૮ વર્ષની ઉંમરે જીવનના સૌથી મીઠા પરંતુ સૌથી ઊંડા પાઠ શીખવ્યા, હું આજે પણ તેમના દ્વારા જીવું છું. આ કેપ્ચર કરેલ ક્ષણ આજે ૩૦ વર્ષની થઈ છે અને મિસ યુનિવર્સ પર ભારતની પ્રથમ જીત પણ છે! તેણીની નોંધમાં, સુષ્મિતાએ આગળ લખ્યું, ‘કેટલી અદ્ભુત સફર રહી છે અને હજુ પણ છે... હંમેશા મારી સૌથી મોટી ઓળખ અને શક્તિ હોવા બદલ ભારતનો આભાર!’ વિશ્વભરમાં તેના ચાહકો, મિત્રો, પરિવાર અને શુભેચ્છકોનો આભાર વ્યક્ત કરતાં સુષ્મિતાએ લખ્યું, ‘જાણો કે તમારામાંથી દરેકે મારું જીવન બદલી નાખ્યું છે અને મને એવી રીતે પ્રેરિત કરી છે જે કદાચ તમે ક્યારેય જાણતા નથી. હું તમારો પ્રેમ અનુભવું છું. આભાર. કેવું સન્માન!’ નોટના અંતમાં સુષ્મિતાએ તેના તમામ ચાહકોને ‘આઈ લવ યુ’ પણ કહ્યું હતું. સુષ્મિતાના વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, તે છેલ્લે ડિઝની પ્લસ હોટસ્ટારની વેબ સિરીઝ ‘આર્ય - લાસ્ટ વોર’ના ફિનાલેમાં જોવા મળી હતી. આ શોમાં તેની સાથે ઈલા અરુણ, સિકંદર ખેર, ઈન્દ્રનીલ સેનગુપ્તા, વિકાસ કુમાર, માયા સરાવ અને ગીતાંજલી કુલકર્ણી જેવા કલાકારોએ કામ કર્યું છે. સુષ્મિતાએ પોતાની વેબ સિરીઝથી એક્ટિંગમાં પુનરાગમન કર્યું છે અને તેના કામને પણ પસંદ કરવામાં આવ્યું છે. પરંતુ જનતા તેને ફરીથી મોટા પડદા પર જોવાની રાહ જોઈ રહી છે.

### નડિયાદમાં થયો જુગારધામનો પર્દાફાશ

# ચાલુ ટ્રકમાં મોટા ટોળા સહીત રમાડાતો હતો જુગાર, અંદરનું ટોળું જોઈને પોલીસ પણ ચોંકી

। (એજન્સી) નડિયાદ, તા.૨૨ ।

મહુધા-ડાકોર રોડની ઉંદરા ફાટક પાસેથી પસાર થતી આઈસર ટ્રકને પોલીસે અટકાવી તપાસ કરતા મોટા જુગારધામનો પર્દાફાશ થયો હતો જેમાં જુગાર રમતા ધોળકાના ૪૨ વ્યક્તિઓ ઝડપાયા, પોલીસે રોકડ સાથે ૪.૭૨ લાખનો મુદ્દામાલ પણ જપ્ત કરવામાં આવ્યો હતો. દિવસે ને દિવસે જુગારીયાઓ પણ પોલીસથી બચવા માટે અવનવા કીમીયા અજમાવે છે. જેમાં ખેડા લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે હરતું ફરતું જુગારધામનો પર્દાફાશ કર્યો હતો. ચાલતી આઈસર ટ્રકમાં જુગારનો અડ્ડો ચલાવી જુગાર રમતા ચાલક સાથે કુલ ૪૨ વ્યક્તિઓને પોલીસે રંગેહાથે ઝડપી લીધા હતા. પોલીસે રોકડ સાથે ૪.૭૨ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને પકડાયેલા તમામ સામે કાર્યવાહી હાથ ધરી છે. ખેડા લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસની ટીમે ગતરાત્રે મહુધા-ડાકોર રોડની ઉંદરા ફાટક પાસેથી પસાર થતુ શંકાસ્પદ આઈસર ટ્રક નંબર ને અટકાવ્યું હતું. પોલીસે આઈસર ચાલક અને સાથે બેઠેલા ઈસમોનુ નામઠામ પુછતી હતી. ત્યારે પોલીસે પાછળ તપાસ આદરતા લોકો ગોળ કુંડાળું કરીને જુગાર રમતા નજરે પડ્યા હતા. જે બાદ તમામ લોકોને નીચે ઉતારી કુલ ૪૨ વ્યક્તિઓનું નામઠામની પૂછપરછ કરી હતી. વિષ્ણુભાઈ સોમાભાઈ રાણા, વિષ્ણુભાઈ માણેકલાલ રાણા, પ્રિતેશભાઈ બાબુભાઈ રાણા, મહેશકુમાર ખોડીદાસ રાણા, સંજયકુમાર જશુભાઈ રાણા, સુરેશભાઈ બાબુભાઈ રાણા, હર્ષદભાઈ રતીલાલ રાણા, કરણભાઈ મહેશભાઈ રાણા, મુકેશભાઈ ચંદુભાઈ રાણા, ભરતભાઈ પ્રવિણચંદ્ર રાણા, મહેન્દ્રકુમાર ગોપાલભાઈ રાણા, રવિભાઈ રાજુભાઈ રાણા, રવિભાઈ હસમુખભાઈ રાણા, કલ્પેશકુમાર શાંતિલાલ રાણા, જલ્પેશ વિનોદભાઈ રાણા, અશોક કનૈયાલાલ રાણા, ધવલભાઈ હસમુખભાઈ રાણા, સુનીલ દિનેશભાઈ



રાણા, આશીષ નરેન્દ્રભાઈ રાણા, તુષારકુમાર ગોપાલભાઈ રાણા, બળદેવભાઈ રમણભાઈ રાણા, સાહિલભાઈ દશરથભાઈ રાણા, ધર્મેશભાઈ વિષ્ણુભાઈ રાણા, ભાવેશભાઈ મનોજભાઈ રાણા, રાજેશકુમાર વિષ્ણુભાઈ રાણા, કૃણાલ અલ્કેશભાઈ રાણા, દશરથભાઈ જેણાભાઈ રાણા, મનીષભાઈ સંજયભાઈ રાણા, મુકેશભાઈ રાજેશભાઈ રાણા, રાકેશભાઈ કનુભાઈ રાણા, દર્શનભાઈ રણછોડભાઈ રાણા, વિજયકુમાર છનાલાલ રાણા, મુકેશભાઈ દિનેશભાઈ રાણા, મિતેષભાઈ ભગવતીભાઈ રાણા, ભરતભાઈ શાંતિલાલ રાણા, જયેશભાઈ હિંમતભાઈ રાણા, જીગ્નેશભાઈ રાજુભાઈ રાણા, કિશનકુમાર રાજેશભાઈ રાણા, રાજેન્દ્રભાઈ રમેશભાઈ, જયેશભાઈ ગોપાલભાઈ રાણા, ધવલભાઈ રમેશભાઈ કાંગસીયા અને મહેશભાઈ ચંદુભાઈ ડબગર પુછપરછમા આ તમામ લોકો ધોળકા- ખેડા- મહેમદાવાદ- મહુધા- ગળતેશ્વર રૂટ પર આઈસર ટ્રકને દોડવતા હતા. પોલીસે ઉપરોકત તમામ જુગારીયાઓ પાસેથી અંગજડતીમાથી રોકડ રૂપિયા ૧ લાખ ૫૫ હજાર ૪૯૦ તેમજ દાવ પરના રોકડ રૂપિયા ૯,૨૩૦ આ સાથે સાથે ૭ નંગ મોબાઈલ ફોન તેમજ ગુનામાં વપરાયેલી આઈસર ટ્રક ૩ લાખ મળી કુલ રૂપિયા ૪ લાખ ૭૨ હજાર ૭૨૦નો મુદ્દામાલ કબજે કરી પકડાયેલા તમામ આરોપીઓ સામે જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



માતર તાલુકાના ઉંઢેલા ગામે MGVCL ખેડા ખાતે કેબલ ફાયરની ઘટનાને લઈને સ્થાનિક લોકો દ્વારા અનેક ફરિયાદો કરવામાં આવી હતી, જે વીજ કંપનીના કર્મચારીઓ દ્વારા ફરિયાદને ધ્યાને ન લેતા જે બાદ સવારના ૪:૩૦ વાગે લાઈટની DPમાં મોટો બ્લાસ્ટ થયો અને આગ લાગી હતી, જોકે કોઈ જાન હાની થઈ નથી, DPમાં બ્લાસ્ટ થયા બાદ MGVCL ના કર્મચારીઓ આવ્યાં ફરી સ્થાનિક લોકોએ સાથે તકરાર થઈ હતી, જે બાદમાં વીજ કંપનીવાળાઓને ભગાડ્યા હતા. સ્થાનિક લોકો લાઈટ વગર છેલ્લા ત્રણ દિવસથી ત્રાહિમમા પોકારી ઉડ્યા છે, હાલ પણ તેમની સમસ્યાનો હલ નથી આવ્યો.

### અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના

# યુ.સી.ડી. વિભાગની સહરાનીય કામગીરી

**હિટ વેવની પરિસ્થિતિને ધ્યાને લઈને યુ.સી.ડી. વિભાગે બપોરના સમયે ખાસ ઝુબેંશ હાથ ધરી રોડ, ફુટપાથ કે સર્કલ પર રહેતા ઘરવિહોણા લોકોને સમજાવી નજીકના આશ્રયગૃહમાં આશરો અપાયો**

। (માહિતી) અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના યુ.સી.ડી. વિભાગ દ્વારા ૩૧ આશ્રયગૃહો ૨૪ કલાક કાર્યરત છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ ઝોન/વોર્ડ વિસ્તારમાં આશ્રયગૃહોમાં કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર ઘર વિહોણા લોકોને આશ્રય આપવામાં આવી આવે છે. તમામ આશ્રયગૃહોની કુલ ક્ષમતા ૨૭૨૭ની સામે હાલમાં અંદાજે ૨૧૦૦ જેટલા ઘરવિહોણા લોકો આશ્રય લઈ રહેલા છે. તાજેતરની હિટ વેવની પરિસ્થિતિને ધ્યાને લઈ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શિકા મુજબ યુ.સી.ડી. વિભાગ દ્વારા બપોરના સમયે ખાસ ઝુબેંશ હાથ ધરી રોડ, ફુટપાથ કે સર્કલ પર રહેતા ઘરવિહોણા લોકોને સમજાવી નજીકના આશ્રયગૃહમાં આશરો આપવામાં આવી રહેલ છે. ઓરેંજ એલર્ટને ધ્યાને લઈ બપોરના સમયગાળા દરમ્યાન શહેરના સાતેય ઝોનમાં કર્મચારીઓની ટીમ બનાવી પોતપોતાના વિસ્તારમાં ડ્રાઈવ કરી ઘર વિહોણા લોકોને નજીકના આશ્રયગૃહમાં ખસેડવામાં આવી રહ્યા છે. વધુમાં ખસેડવવામાં આવતા ઘરવિહોણા લોકો તેમજ આશ્રયગૃહમાં આશ્રય લઈ રહેલ આશ્રીતો માટે આરોગ્ય વિભાગના સહયોગથી ORSના પેકેટ પુરા પાડવામાં આવે છે.

દિવસ દરમ્યાન સવારે, બપોરે અને રાત્રી દરમ્યાન યોજાતી ડ્રાઈવમાં રોડ, ફુટપાથ, બ્રીજ કે ખુલ્લી જાહેર જગ્યાએ આશરો લેતા લોકો



તેમજ જરૂરિયાતમંદ તમામ લોકોને હિટ વેવની પરિસ્થિતિમાં રાહત મળે તે હેતુથી ઓ.આર. એસ.ના દ્રાવણ તથા પેકેટના વિતરણનુ ખાસ આયોજન યુ.સી.ડી. વિભાગ ધ્વારા કરવામાં આવ્યુ છે. વધુમાં જણાવવાનું કે, ઉપરોક્ત તમામ આશ્રયગૃહોમાં જે તે આશ્રયગૃહોની ક્ષમતા મુજબ આશ્રિતો માટે ટુ-ટાયર બેડ વિથ સ્ટોરેજ, ઓઢવા માટે ધાબળા, ઓશિકા, પીવાના પાણીની સુવિધા, શિયાળાની ઋતુમાં ગરમ પાણીની સુવિધા માટે ગીઝર, રસોઈ બનાવવાના, પીરસવાના તથા જમવાના પુરતા સાધનો, ગેસ જોડાણ, શેલ્ટરની સૌથી નજીકના આંગણવાડી કેન્દ્રો, સરકારી શાળા સાથે જોડાણ, ફાયર સેફ્ટી વિ સહિતની તમામ પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં આવે છે.

આ ઉપરાંત આશ્રયગૃહોમાં આશ્રય લેતાં ઘરવિહોણા લોકોનું અ.મ્યુ. કોર્પોરેશનના આરોગ્ય વિભાગ ધ્વારા સમયાંતરે મેડીકલ ચેકઅપ કરાવવામાં આવે છે તથા આશ્રયગૃહમાં રહેતા તમામ ઘરવિહોણા લોકોને અ.મ્યુ. કોર્પોરેશનના ભંડોળમાંથી સ્વ-ખર્ચ પાડી એક ટાઈમ ગુણવત્તાયુક્ત અને આરોગ્યપ્રદ (સાંજનું) ભોજન નિઃ શુલ્ક આપવામાં આવે છે.

### ગુજરાતમાં ખરીફ સીઝનમાં ૨૫ થી ૨૬ લાખ હેક્ટરમાં કપાસની ખેતી થાય છે

# ગુજરાત સરકારે કપાસના ખેડૂતો માટે બહાર પાડી ગાઈડલાઈન

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૨ ।

ગુજરાતમાં ખરીફ સીઝનમાં આશરે ૨૫ થી ૨૬ લાખ હેક્ટરમાં કપાસની ખેતી થાય છે. કપાસનો પાક એટલે ગુજરાતના મુખ્ય પાકો માંથી એક, કપાસની ખેતીમાં ગુજરાતના ખેડૂતોનો ૮ મહિના જેટલો સમય વીતી જાય છે. કપાસના બિયારણની ખરીદી સમયે ખેડૂતો સૌથી વધુ છેતર-ાતા હોય છે કારણકે જો બિયારણ ખરાબ નીકળે તો આખો પાક ખરાબ જાય. કપાસનો પાક ફેલ જાય તો ખેડૂતની ૮ મહિનીની સીઝન ફેલ જાય તેથી ખેડૂતો બિયારણમાં ન છેતરાય તે માટે ગુજરાત સરકારના કૃષિ વિભાગ દ્વારા બિયારણ ખરીદવા માટેની ખાસ મોટી ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે. રાજ્યમાં કપાસ પાકના આગોતરા વાવેતર માટે ખેતી નિયામકની કચેરી દ્વારા માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. રાજ્યના કપાસ પાકના વાવેતર માટે જરૂરી બિટી કપાસના બિયારણોનો-રાસાયણિક ખાતરનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ બિયારણની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ કે પરવાનો ધરાવતી સહકારી મંડળી, સરકારી સંસ્થા વગેરે પાસેથી જ કરવી. ઉત્પાદકનું નામ, સરનામું અને તેના ધારાધોરણો દર્શાવેલ ન હોય તેવા અમાન્ય બિયારણની ખરીદી કરવી નહીં. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યમાં સંભવિત તા. ૧૯ મી જૂનથી ચોમાસું સીઝન શરૂ થઈ શકે છે. ખેતી નિયામકની કચેરીની માર્ગદર્શિકા મુજબ કપાસ પાકના આગોતરું વાવેતર જેમને પીયતની સગવડતા હોય તે ખેડૂતો દ્વારા કરવું અન્યથા પાક ઉત્પાદનમાં અસર થવાની શક્યતા રહે છે. ખેડૂતોએ બિયારણની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ કે પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ કરવાનો આગ્રહ રાખવો જોઈએ. કોઈપણ સંજોગોમાં લાયસન્સ કે પરવાનો ધરાવતા ન હોય તેવા વ્યક્તિ, પેઢી કે ફેરીયાઓ પાસેથી ક્યારેય પણ બિયારણની ખરીદી કરવી નહી.

વધુમાં જણાવ્યાનુસાર, બિયારણની ખરીદી સમયે વેપારી પાસેથી તેનો લાયસન્સ નંબર, પૂરું નામ, સરનામું અને જે બિયારણ ખરીદેલ હોય તેનું નામ, લોટ નંબર, ઉત્પાદન અને તેની મુદત પૂરી થવાની વિગત દર્શાવતું બીલ સહી સાથે લેવાનો આગ્રહ રાખવો જોઈએ. રાજ્યમાં કપાસના પાક વાવેતર માટે જરૂરી બિટી કપાસના બિયારણોનો અને રાસાયણિક ખાતરોનો જથ્થો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. ખેડૂતોએ કપાસની એક જ જાતનું વાવેતર ન કરતા બજારમાં ઉપલબ્ધ વિવિધ જાતોનું વાવેતર કરવુ જેથી સંભવિત જોખમ નિવારી શકાય. આ ઉપરાંત ખેતી નિયામકની કચેરી દ્વારા બિયારણ અને ખાતરનું જરૂરીયાત મુજબ જુદી-જુદી જાત અને જુદા-જુદા ગ્રેડની આગોતરી ખરીદી કરવા અનુરોધ કરવામાં આવ્યું છે. બિયારણના કાળા બજાર, અનઅધિકૃત બિયારણનું વેચાણ તથા રાસાયણિક ખાતરોની સાથે નેનો ખાતરો સીવાયના અન્ય ખાતરો ફરજીયાત આપવામાં આવતા

# ચા અને ચાહ નો અનોખો સંગમ



। અમદાવાદ, તા.૨૨ ।

૨૧ મે એટલે વિશ્વ ચા દિવસની ઉજવણી નિમિત્તે સાહિત્ય કીટલી અને પોઝીટીવ જિંદગીના સભ્યો દ્વારા શ્રી કૌશલ શાહ અને દક્ષેશ રાવલની આગેવાની માં એક સરસ મજાનું કવિ સંમેલનનો આયોજન કરવામાં આવ્યું હતું. પાલડી સ્થિત વાઈબ્રન્ટ સ્ટુડિયોમાં આયોજિત આ કાર્યક્રમમાં ૧૫ જેવા જાણીતા અને ઉભરતા કવિઓ અને ચા રસિકો દ્વારા ગઝલ, કવિતા વાચન, સાહિત્ય, ગીતો અને અનુભવો પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. સુભોજીત સેનના સંચાલનમાં આયોજિત આ કાર્યક્રમમાં દરેક સાહિત્યકાર અને કવિઓ એ મન મૂકીને ભાગ લીધા હતા અને મજા માણ્યા હતા.

### હોસ્પિટલના સ્ટાફે દર્દી સાથે કરી ગેરવર્તણૂંક

# દમોહમાં હોસ્પિટલ સ્ટાફ દ્વારા દર્દી સાથે ગેરવર્તણૂંક કરવામાં આવી

। (એજન્સી) મધ્યપ્રદેશ, તા.૨૨ ।

મધ્યપ્રદેશમાં હોસ્પિટલોમાં દર્દીઓની સારી સારવાર કરાતી હોવાના દાવાનો છેદ ઉડાડતો એક વીડિયો સામે આવ્યો છે. દમોહ જિલ્લા હોસ્પિટલમાં સ્ટાફ દ્વારા દર્દી સાથે ગેરવર્તણૂંક કરવામાં આવી. હોસ્પિટલનો એક વોર્ડ બોય ઘાયલ યુવકને સ્ટ્રેચર પરથી સિમેન્ટની બેંચ પર ફેંકતો જોવા મળે છે. આ ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયો વાઈરલ થયા બાદ સીએમએચઓ એ મામલાની તપાસ કરવાની સૂચના આપી છે. તેમણે કહ્યું કે તપાસમાં જે પણ દોષિત જણાશે તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. કહેવામાં આવી રહ્યું છે કે ઘાયલ યુવક દારૂના નશામાં હતો. હોસ્પિટલનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. સીસીટીવી ફૂટેજમાં એક કર્મચારી ઘાયલ યુવક ભવાની સાહુને સિમેન્ટની બેંચ પર સ્ટ્રેચર વડે ફેંકતો જોવા મળે છે. જ્યારે ઈજાગ્રસ્ત ભવાની સાહુ હોસ્પિટલ પહોંચી ત્યારે હોસ્પિટલના વોર્ડ બોયએ તેની સાથે અત્યાચાર કર્યો અને તેને હોસ્પિટલમાં બનેલી સિમેન્ટની બેંચ પર ફેંકી દીધી. સીએમએચઓએ આ મામલાની તપાસ માટે સૂચનાઓ આપી છે. હોસ્પિટલના વોર્ડ બોય રોહિતે ખુલાસો આપતાં જણાવ્યું હતુ કે ભવાની સાહુ હોસ્પિટલમાં સારવાર માટે આવેલો યુવક દારૂના નશામાં હતો.

# ખેડૂતોએ કપાસના બિયારણની ખરીદી પહેલા અને વાવેતર અગાઉ સાવચેતી રાખવી જરૂરી

**લાયસન્સ/પરવાનો ધરાવતા ન હોય તેમની પાસેથી ક્યારેય પણ બિયારણની ખરીદી કરવી નહીં**

। (માહિતી) અમદાવાદ, તા.૨૨ ।

હવામાન વિભાગની આગાહી મુજબ રાજયમાં સંભવિત ચોમાસાની ઋતુ આગામી તા.૧૯ જૂનથી શરૂ થાય તેમ છે. કપાસ પાકમાં પીયતની સગવડતા હોય તે ખેડૂતો આગોતરું વાવેતર કરવું અન્યથા પાક ઉત્પાદનમાં અસર થવાની શક્યતા રહે છે.

બિયારણની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ/પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ અથવા ખાનગી વિક્રેતા પાસેથી જ કરવાનો આગ્રહ રાખવો જોઈએ.

બિયારણની ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પૂરું નામ, સરનામું અને જે બિયારણ ખરીદેલ હોય તેનું નામ, લોટ નંબર, ઉત્પાદન અને મુદત પૂરી થવાની વિગત દર્શાવતું બિલ સહી સાથે અવશ્ય લેવું જોઈએ. કોઈપણ સંજોગોમાં લાયસન્સ/પરવાનો ધરાવતા ન હોય તેવા વ્યક્તિઓ, પેઢીઓ કે ફેરીયાઓ પાસેથી ક્યારેય પણ બિયારણની ખરીદી કરવી નહીં. જેથી, છેતરપીંડીનો અવકાશ ન રહે. અમદાવાદ જિલ્લામાં કપાસ પાકના વાવેતર માટે જરૂરી બીટી કપાસના બિયારણોનો અને રાસાયણિક ખાતરોનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે. ખેડૂતોએ કપાસની એક જ જાતનું વાવેતર ન કરતા બજારમાં ઉપલબ્ધ વિવિધ જાતોનું વાવેતર કરવું જેથી સંભવિત જોખમ નિવારી શકાય છે.

આમ, બિયારણ અને ખાતરનું જરૂરિયાત મુજબ જુદી જુદી જાત અને જુદા જુદા ગ્રેડની આગોતરી ખરીદી કરવા વિનંતી છે. બિયારણના કાળા બજાર, અનઅધિકૃત બિયારણનું વેચાણ તથા રાસાયણિક ખાતરોની સાથે નેનો ખાતરો સિવાયના અન્ય ખાતરો ફરજીયાત આપવામાં આવતા હોવાની બાબત ધ્યાને આવે તો અમદાવાદ જિલ્લાની ખેતીવાડી ખાતાની ઓફિસનો સંપર્ક કરવા નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) અમદાવાદની અખબારી યાદીમાં જણાવાયું છે.

# દમણ બીચ પર છાકટા બનેલ યુવાનને પ્રવાસીઓ દ્વારા ચખાડવામાં આવ્યો મેથીપાક

। (એજન્સી) વલસાડ, તા.૨૨ ।

વલસાડ પાસે આવેલ કેન્દ્રશાસિત પ્રદેશ દમણના બીચ પર યુવાન દારૂના નશામાં ભાન ભૂલ્યો. છાકટો બનેલ યુવાન દમણના બીચ પર યુવતીની છેડતી કરી રહ્યો હતો. યુવતીની છેડતી કરતા પરિવાર રોષે ભરાયો અને અન્ય પ્રવાસીઓ સહિત તમામે યુવાનને બરાબર મેથીપાક ચખાડ્યો. લોકોએ મેથીપાક ચખાડતા યુવાનની શાન ઠેકાણે આવી. દમણના દરિયા કિનારે રવિવારે આ ઘટના બનવા પામી હતી. અત્યારે ઉનાળાની ગરમીમાં લોકો હિલ સ્ટેશન અને દરિયાકિનારે ફરવા જાય છે. એક પરિવાર દમણના દરિયા કિનારે પ્રવાસનો આનંદ માણી રહ્યો હતો. પરિવારની એક દિકરી દરિયા કિનારે રમતી હતી ત્યારે એક છેલબટાઉ યુવાન તેની છેડતી કરવા લાગ્યો. યુવતીના પરિવારનો લોકો ત્યાં હાજર હતા. તેમણે યુવાનની આ કરતૂત જોઈએ અને તેને આડેહાથ લીધો. દરમ્યાન પરિવારના ધ્યાનમાં આવ્યું કે આ યુવાને નશો કર્યો છે. દારૂના નશામાં ચૂર યુવાન ભાન ભૂલી યુવતીની છેડતી કરી રહ્યો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમારી શક્તિને પુનઃપ્રાપ્ત કરવા સંપૂર્ણ આરામ લો કેમ કે નબળું શરીર મગજને પણ નબળું પાડે છે. તમારે તમરી સાચી ક્ષમતા વિશે સમજવું રહ્યું કેમ કે તમે દઢતામાં પાછળ નથી પડતા પણ ઈચ્છાશક્તિમાં પડો છો. આર્થિક જીવન ની સ્થિતિ આજે સારી નહિ કહી શકાયા જયારે બચત કરવા માં મુશ્કેલી આવી શકે છે. તમારા માતા-પિતાની તબિયત ચિંતા તથા બેચેની જન્માવશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારો આપવાનો, મદદ કરવાનો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. પિતા તરફથી કઠોર વર્તન તમને સંતાપ આપશે. પણ તમારે મગજ શાંત રાખી પરિસ્થિતિને તમારા અંકુશમાં રાખવાની જરૂર છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. જે લોકો વગર વિચાર્યે પૈસા ખર્ચી રહ્યા છે આજે તેમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય. તમારા તરફથી કંઈ વધુ કર્યા વિના અન્યોનું ધ્યાન ખેંચવા માટે આ શ્રેષ્ઠ દિવસ છે. આજે પ્રેમ જીવન ખૂબ જ સુંદર રીતે ખીલશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે. એકબીજાના દષ્ટિકોણ સમજીને તમારી વ્યક્તિગત સમસ્યાઓને ઉકેલો.તેમને જાહેરમાં ન લાવો અન્યથા તમારી પ્રતિષ્ઠાને હાનિ થવાની શક્યતાઓ વધુ છે. પવિત્ર અને નિર્ભેળ પ્રેમને અનુભવો. કામના સ્થળે મામલો ઉકેલવા માટે તમારે તમારૂં બુદ્ધિચાતુર્ય તથા તમારી વગ વાપરવાની જરૂર છે.

**સિંહ (મ,ટ) :**
આજે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે સૌની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે અને એ દેખાડશ કે તમે કેવું સુંદર કામ કર્યું છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે હાથ ધરાયેલું સ્વચ્છતા અભિયાન માનસિક શાંતિ તથા રાહત બક્ષશે. આજ ના દિવસે ધન હાનિ થવા ની સંભાવના છે તેથી લેણદેણ ની સમયે જેટલી સાવચેતી રાખશો તેટલું તમારા માટે સારું રહેશે પારિવારિક જવાબદારીઓ ભૂલશો નહીં. તમારી સામે કોઈ આજે પ્રેમનો પ્રસ્તાવ મૂકે એવી શક્યતા છે. ભૌતિક અસ્તિત્વનું હવે કોઈ મહત્વ નથી, કેમ કે તમે એકમેકને એકબીજાના પ્રેમમાં જ અનુભવો છો.

**તુલા (ર,ત) :**
આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. અંગત બાબતો અંકુશ હેઠળ રહેશે. રચનાત્મક પ્રકારના કામો સાથે સંકળાઓ. તમારું વ્યક્તિત્વ એવું છે કે તમે વધારે લોકો ને મળવા થી પરેશાન થયી જાઓ છો અને પછી તમારા માટે સમય શોધવા નો પ્રયાસ શરૂ કરો છો.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ મુસાફરી મુશ્કેલ તથા થકવનારી પુરવાર થશે. રોકાણ કરવું જોઈએ પણ એ પૂર્વે યોગ્ય સલાહ લો. મિત્રો અને સંબંધીઓ પર તમારા અભિપ્રાય થોપશો નહીં કેમ કે એ તમારા હિતમાં નથી અને વિનાકારણ તમે તેમને ખફા કરશો. આકાશ તમને વધુ તેજસ્વી લાગશે, ફૂલો વધુ રંગીન જણાશે, તમારી આસપાસ બધું જ ઝળકતું હોવાનો આભાસ તમને થશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે ઘરની બહારની પ્રવૃત્તિઓ તમારા માટે વધુ થકવનારી તથા તાણયુક્ત હશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. બાળકો શાળાને લગતા પ્રૉજેક્ટ્સ વિશે સલાહ માગી શકે છે. આજનો દિવસ તમારી આસપાસ ગુલાબની સુગંધ લાવશે. પ્રેમના અતિઆનંદને માણો. અટકી પડેલા પ્રકલ્પો તથા યોજનાઓ અંતિમ સ્વરૂપ લેવા આગળ વધશે.

**મકર (ખ,જ) :**
આજે આનંદથી ભરેલો સારો દિવસ. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપારમાં આર્થિક લાભ થવા ની શક્યતા છે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. તમારો પ્રેમ સંબંધ જાદુઈ થઈ રહ્યો છે, બસ તેની અનુભૂતિને માણો. વ્યાપ ારી ભાગીદારો સહકારપૂર્વક વર્તશે અને તમે સાથે મળીને અધૂરાં કાર્યો પૂરાં કરશો.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે ઘરની ચિંતાઓ તમને બેચેન કરી મુકશે. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. ખોટા સમયે કશુંક ખોટું ન બાલોઈ જાય તેની તકેદારી રાખજો-તમે જેને ચાહો છો તેને ઠેસ ન પહોંચે તેની તકેદારી રાખજો. તમારા રૉમેન્ટિક અભિપ્રાયોને જાહેર ન કરો. આજે કાર્યક્ષેત્ર માં તમારા કોઈ જુના કામ ની પ્રશંસા થયી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે.તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે. બકવાસ કરીને સમય વેડફવા કરતાં શાંત રહેવું વધુ સારૂં છે.

**ન્યૂઝ બ્રિફ**

## ‘હું એ દુર્દશા કરીશ, તમે શાક માર્કેટ સુધીના ભાવ ભૂલી જશો...’



। (એજન્સી) મંડી, તા.૨૨ ।

હિમાચલ પ્રદેશની મંડી લોકસભા સીટ માટે ૧ જૂને મતદાન થવાનું છે. જેમ જેમ મતદાનની તારીખ નજીક આવી રહી છે. આ બેઠક પરથી ચૂંટણી લડી રહેલા બંને મુખ્ય ઉમેદવારો, ભાજપની કંગના રનૌત અને કોંગ્રેસના વિક્રમાદિત્ય સિંહ સતત એકબીજા પર નિશાન સાધી રહ્યાં છે. આ દરમિયાન કંગનાએ ફરી એકવાર વિક્રમાદિત્ય પર પ્રહારો કર્યા છે.કંગનાએ વિક્રમાદિત્યને પડકાર ફેંકતા કહ્યું કે આ લોકો મંડીની દીકરીઓની કિંમત પૂછે છે. તેણે મંડીની દીકરીઓને અશુદ્ધ કહી. બજારમાં છોકરીઓના ભાવ પૂછ્યા. પરંતુ હવે અમે મંડીની દીકરીઓનું અપમાન સહન નહીં કરીએ. હું કહું છું કે પહાડી મહિલાઓમાં ઘણી તાકાત હોય છે. મેં તો ઉદ્ધવ ઠાકરેનું સિંહાસન પણ હલાવી દીધું હતું, તમારી સ્થિતિ શું છે?કંગનાએ વિક્રમાદિત્ય પર પ્રહાર કરતા કહ્યું કે તમે મંડીની દીકરીઓના ભાવ પૂછ્યા. હું તમને એવી પીડા આપીશ કે તમે શાકમાર્કેટમાં શાકભાજીના ભાવ પણ ભૂલી જશો. હું પદ્મશ્રી છું, એક ફિલ્મ નિર્માતા છું, હું મારી રોજીરોટી કમાઉ છું પણ વિક્રમાદિત્યનો કોઈ ફાયદો નથી. તેઓ માત્ર તેમના માતા-પિતાના નામે વોટ બેંક ખાય છે.હિમાચલ પ્રદેશની મંડી લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર કંગના રનૌતનો મુકાબલો કોંગ્રેસના વિક્રમાદિત્ય સિંહ સાથે થશે.



ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખર તેહરાનમાં સ્વર્ગસ્થ રાષ્ટ્રપતિ ડો. સૈયદ ઈબ્રાહિમ રાયસી, સ્વર્ગીય વિદેશ મંત્રી ડો. હુસેન અમીર-અબ્દોલ્લાહિયન અને અન્ય ઈરાની અધિકારીઓને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

### તેના મૃત્યુ બાદ બે લોકોની ધરપકડ કરવામાં આવી

## એક યુવકને તેના ઘરેથી ખેંચી લાવી ખરાબ રીતે માર મારવામાં આવ્યો

### પોલીસે ત્રણેય આરોપીઓ સામે કલમ ૩૦૨ (હત્યા) હેઠળ ગુનો નોંધ્યો અને બાકીના આરોપીઓને પકડવા માટેના પ્રયાસો ચાલી રહ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

દિલ્હીના ઉત્તમ નગર વિસ્તારમાં ૨૬ વર્ષીય યુવકની હત્યાના કેસમાં પોલીસે બે લોકોની ધરપકડ કરી છે જ્યારે એક સગીરને પણ અટકાયતમાં લેવામાં આવ્યો છે. કરણ નામના યુવકને ઢોર માર મારવામાં આવ્યો હતો.તેમણે કહ્યું કે હુમલા પાછળનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી, પરંતુ પોલીસને આરોપી અને પીડિતા વચ્ચે જૂની દુશ્મનાવટની શંકા છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું કે, ‘શનિવારે પીસીઆર પર કોલ આવ્યો હતો કે જેને માર મારવામાં આવ્યા બાદ ગંભીર ઈજાઓ પહોંચી હતી, ત્યારે પીસીઆર ટીમ કરણને સફદરજંગ હોસ્પિટલમાં લઈ ગઈ હતી.’ન્યૂઝ એજન્સી અનુસાર, તેણે જણાવ્યું કે, ત્યાં પહોંચતા જ કરણને મૃત જાહેર કરવામાં આવ્યો. પીડિતાના પરિવારના એક સભ્યએ જણાવ્યું કે આરોપી કરણને ઘરની બહાર ખેંચીને લઈ ગયો અને તેને ખૂબ માર્યો.તેણે કહ્યું, “આરોપીઓએ પહેલા તેને લાકડીઓથી નિર્દયતાથી માર્યો, જ્યારે તે પોતાનો જીવ બચાવવા હાંફવા લાગ્યો.

### અમેરિકામાં ભારતીય ડાયસ્પોરા ચમકતો રહ્યો

## ભારતીય મૂળની મહિલા કેલિફોર્નિયા કોર્ટમાં જજ બની

### કેલિફોર્નિયાના ગવર્નરે ભારતીય મૂળની જયા બડિગાની સેક્રામેન્ટો કાઉન્ટી સુપિરિયર કોર્ટમાં જજ તરીકે નિમણૂક કરી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

અમેરિકાની વસ્તીમાં માત્ર એક ટકા ભારતીય મૂળના લોકો છે. પરંતુ માત્ર આ એક ટકા રાજકારણથી લઈને અર્થતંત્ર અને ન્યાયતંત્ર સુધીની દરેક બાબતમાં નોંધપાત્ર પ્રભાવ ધરાવે છે. હવે ભારતીય મૂળની જયા બદિગાની કેલિફોર્નિયામાં જજ તરીકે નિમણૂક કરવામાં આવી છે. આ બાબત પણ ઘણી મહત્વની છે કારણ કે જયા બદિગા ભારતના તેલુગુ ભાષી રાજ્યમાંથી કેલિફોર્નિયામાં જજ બનનાર પ્રથમ વ્યક્તિ છે. જયા બદિગાને સેક્રામેન્ટો કાઉન્ટી સુપિરિયર કોર્ટમાં જજ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.જયા બડિગાનો જન્મ આંધ્ર પ્રદેશના વિજયવાડામાં થયો હતો. તેણે પોતાનો પ્રારંભિક અભ્યાસ હૈદરાબાદમાં જ પૂર્ણ કર્યો. તેણે હૈદરાબાદની ઓસ્માનિયા યુનિવર્સિટીમાંથી સાયકોલોજી અને પોલિટિકલ સાયન્સમાં બી.એ.ની ડિગ્રી મેળવી છે.તેણે આગળનો અભ્યાસ અમેરિકામાં કર્યો.

## ઘટનાસ્થળે પહોંચેલા ટર્કિશ વ્લોગરે ૬૦ સેકન્ડમાં ક્રેશનું દશ્ય વર્ણવ્યું



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રાયસીનું રવિવારે હેલિકોપ્ટર દુર્ઘટનામાં મોત થયું હતું. રાયસીના મૃત્યુ પર શરૂઆતથી જ શંકા હતી. જે સમયે તેમનું હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. તેઓ કિઝ કલાસી અને ખોડાફરીન ડેમનું ઉદ્ઘાટન કરવા અઝરબૈજાન ગયા હતા.ડેમ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યા બાદ તેઓ તબરેઝ જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં તેમનું હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. પરંતુ આ દરમિયાન, એક ટર્કિશ વ્લોગર તે સ્થળની નજીક પહોંચી ગયો જ્યાં રાયસીનું હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. વ્લોગરે સ્થળ પરથી એક મિનિટનો વીડિયો પણ શૂટ કર્યો છે.ટર્કિશ વ્લોગરે તેના વીડિયોમાં ખુલાસો કર્યો છે કે ઘટનાનું દ્રશ્ય કેવું છે? આ વ્લોગરનું નામ એડમ મેટન છે. વીડિયોમાં એડમ કહે છે કે હેલિકોપ્ટરનો પાછળનો ભાગ અહીં પડ્યો છે જ્યારે બાકીનો ભાગ તે બાજુ છે. તે કહે છે કે અમે ખૂબ જ મુશ્કેલ સંજોગોમાં અહીં પહોંચ્યા છીએ.આ વીડિયોમાં એક ઝાડ પાસે કાટમાળ જોઈ શકાય છે. વ્લોગર આ કાટમાળને ઈરાનના દિવંગત રાષ્ટ્રપતિ રાયસીનું હેલિકોપ્ટર ગણાવે છે. વીડિયોમાં દરેક જગ્યાએ ગાઢ ધુમ્મસ જોઈ શકાય છે. વીડિયોમાં તે જુદી જુદી દિશામાં ઈશારો કરીને કહી રહ્યો છે કે હેલિકોપ્ટરના પાર્ટ્સ અહીં-ત્યાં છે.આ વીડિયોમાં એડમ કહી રહ્યો છે કે તે હેલિકોપ્ટર ક્રેશ સ્થળ પર પહોંચનાર પ્રથમ વ્યક્તિ છે. તે તે વ્યક્તિ છે જે વિશ્વ મીડિયા સમક્ષ ક્રેશ સ્થળ પર પહોંચી ગયો હતો. તે વીડિયોમાં કહે છે કે હેલિકોપ્ટર ત્રણ ભાગમાં તૂટી ગયું છે. હેલિકોપ્ટરનો આગળનો ભાગ બળી ગયો છે.

### હોસ્પિટલોમાં નક્કર વ્યવસ્થા કરવા સૂચના

## રાજસ્થાનમાં ગરમીના કારણે મેડિકલ સ્ટાફની રજાઓ રદ

। (એજન્સી) જયપુર, તા.૨૨ ।

રાજસ્થાનમાં હીટ સ્ટ્રોકના પ્રકોપને ધ્યાનમાં રાખીને, તબીબી અને આરોગ્ય વિભાગે તમામ તબીબી કર્મચારીઓની રજાઓ રદ કરી છે અને તેમને ફક્ત મુખ્યાલયમાં રહેવા માટે પ્રતિબંધિત કરી દીધા છે. ખાસ સંજોગોમાં, કર્મચારીઓ સક્ષમ સ્તરેથી મંજૂરી પછી જ રજા પર જઈ શકશે. રજાની મંજૂરી અંગેની માહિતી ડિરેક્ટોરેટને આપવી પડશે. મેડિકલ અને હેલ્થ ડિપાર્ટમેન્ટના એડિશનલ ચીફ સેક્રેટરી શુભ્ર સિંહના નિર્દેશ પર મેડિકલ એન્ડ હેલ્થ ડિરેક્ટોરેટે આ સંબંધમાં એક પરિપત્ર બહાર પાડ્યો છે. પરિપત્ર મુજબ, ડોકટરો, નર્સિંગ અને પેરામેડિકલ સ્ટાફની રજાઓ રદ કરવામાં આવી છે અને તેમને હીટ સ્ટ્રોકના નિવારણ અને સારવાર માટે જરૂરી વ્યવસ્થા સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી છે.જાહેર આરોગ્ય નિયામક ડૉ. રવિ પ્રકાશ માથુરે જણાવ્યું હતું કે પરિપત્રમાં સૂચના આપવામાં આવી છે કે તબીબી સેવાઓ સંબંધિત





કચેરીઓમાં કંટ્રોલ રૂમ ૨૪ કલાક કાર્યરત રહેશે. ઈમરજન્સીના કિસ્સામાં નાગરિકો ટોલ ફ્રી નંબર ૧૦૮, ૧૦૪ અને હેલ્પલાઈન નંબર ૧૦૭૦ પર પણ સંપર્ક કરી શકે છે. આ હેલ્પલાઈન નંબરોનો વ્યાપકપણે પ્રચાર કરવા સૂચનાઓ આપવામાં આવી છે. પરિપત્રમાં, તમામ તબીબી સંસ્થાઓમાં હીટ સ્ટ્રોકના દદીઓ માટે પથારી અનામત રાખવા, જરૂરી દવાઓ અને પરીક્ષણ સુવિધાઓ અને પર્યાપ્ત માત્રામાં આઈસ પેક, આઈસ ક્યુબ્સ વગેરેની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા સૂચના આપવામાં આવી છે.

### હડતાલ અને હંગામા બાદ કાર્યવાહી કરવામાં આવી

## AIIMSના ઓપરેશન થિયેટરમાં મહિલા ડોક્ટરની છેડતી કરવામાં આવી, બે ડોક્ટરોની ધરપકડ કરવામાં આવી

। નવી દિલ્હી, તા.૨૨ ।

ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ ઋષિકેશ (ઋષિકેશ AIIMS) માં ગંભીર કેસ નોંધાયા છે. અહીં એમડીની મેડિકલ તપાસમાં છેતરપિંડી કરવા બદલ AIIMSના બે ડોક્ટરોની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે હવે એક નર્સિંગ ઓફિસર પર મહિલા ડૉક્ટર પર શારીરિક શોષણ કરવાનો આરોપ લાગ્યો છે. પોલીસે નર્સિંગ ઓફિસરને કસ્ટડીમાં લીધા છે.આ મામલો ૧૯ મેનો જણાવવામાં આવી રહ્યો છે.

પીડિત ડોક્ટરે પોલીસને લેખિત ફરિયાદ આપી છે. ઓપરેશન થિયેટરની અંદર મહિલા ડોક્ટરની છેડતી કરનાર આરોપીની ધરપકડની માંગ સાથે ડોક્ટરો હડતાળ પર ઉતરી ગયા હતા. મહિલા તબીબની ફરિયાદના આધારે આરોપી સામે કેસ નોંધવામાં આવ્યો હતો. આ પછી ભારે સુરક્ષા વ્યવસ્થા વચ્ચે પોલીસે તેને કસ્ટડીમાં લીધો હતો. સ્થિતિ જોતા પોલીસે ઈમરજન્સી



વોર્ડની અંદરથી વાહન હટાવવું પડ્યું હતું.આરોપ છે કે ૧૯ મેની સાંજે નર્સિંગ ઓફિસર સતીશ કુમારે એઈમ્સ ઋષિકેશના ઓપરેશન થિયેટરમાં જ્યારે સર્જરી ચાલી રહી હતી ત્યારે મહિલા ડૉક્ટરની છેડતી કરી હતી. આ ઘટનાના વિરોધમાં એઈમ્સના તબીબો હડતાળ પર ઉતરી ગયા હતા અને ડીનની ઓફિસનો ઘેરાવ કર્યો હતો. મહિલા તબીબ વતી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી.પોલીસનું કહેવું છે કે આરોપી નર્સિંગ ઓફિસર સતીશ કુમાર મૂળ રાજસ્થાનનો છે. તેની સામે સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે અને તેને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. કેસની તપાસ કરવામાં આવી રહી છે. આ મામલાની નોંધ લેતા, ઉત્તરાખંડ મહિલા આયોગના અધ્યક્ષ કુસુમ કંડવાલે AIIMS વહીવટીતંત્રને મળ્યા હતા અને આ મામલે તપાસ અને આરોપીઓ સામે કાર્યવાહીની માંગ કરી હતી અને એક સમિતિ બનાવવાનું પણ કહ્યું હતું.આ કેસમાં પોલીસે કહ્યું છે કે ૨૧ મેના રોજ પીડિત ડોક્ટરે કોતવાલી ઋષિકેશમાં લેખિત ફરિયાદ આપી હતી કે ૧૯ મેના રોજ ટ્રોમા ઓટી કોમ્પ્લેક્સ એઈમ્સના નર્સિંગ ઓફિસર સતીશ કુમારે તેને શારીરિક રીતે હેરાન કરી અને ધમકી આપી હતી. ફરિયાદના આધારે તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવી છે અને કેસ નોંધવામાં આવ્યો છે. આરોપીઓ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે.

### ભાજપ-કોંગ્રેસને ચૂંટણી પંચે આપી ચેતવણી

## સ્ટાર પ્રચારોને ધાર્મિક-સાંપ્રદાયિક આધાર પર ચૂંટણી પ્રચાર નહીં કરવાના નિર્દેશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

રાજકીય પાર્ટી ચૂંટણીમાં જનતાને પોતાના પક્ષમાં ખેંચવા માટે અવનવી તરકીબો અપનાવતા હોય છે. આરોપ-પ્રત્યારોપની જંગમાં મનફાવે તેના નિવેદનો આપી દેતા હોય છે. રાજકીય હિત સાધવા માટે ઘણી વાર મર્યાદા ઓળંગી જતાં હોય છે. તેને લઈને ચૂંટણી પંચે કડકાઈ દેખાડી છે. જાતિ, ભાષા, ધર્મ, સેના અને સંવિધાન પર નિવેદન આપવાના મામલામાં ભાજપ અને કોંગ્રેસને ચેતવણી આપી છે. ભાજપ અને કોંગ્રેસ અધ્યક્ષને મર્યાદા બનાવી રાખવા માટે ઔપચારિક નોટિસ જાહેર કરીને નિર્દેશ આપી દીધા છે. ચૂંટણી પંચે ભારતીય જનતા પાર્ટી અને તેના સ્ટાર પ્રચારોને ધાર્મિક અને સાંપ્રદાયિક આધાર પર ચૂંટણી પ્રચાર નહીં કરવાના નિર્દેશ આપ્યા છે. કોંગ્રેસને પણ કહ્યું છે કે તેમના નેચા એવા નિવેદન ન આપે, જેનાથી ખોટી ધારણા બને કે ભારતના સંવિધાનને ખતમ કરવામાં આવી શકે છે. સ્ટાર પ્રચારકો તરફથી સમાજના ભાગલા પાડતા કોઈ નિવેદન ન આપવા. અન્યથા આયોગ પ્રચાર કરવા પર પ્રતિબંધ લગાવી દેશે. ધર્મ સાથે જોડાયેલ વિવાદિત નિવેદન સ્ટાર પ્રચારકો આપી શકશે નહીં. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેને ચૂંટણી પંચે કહ્યું કે, ડિફેન્સ ફોર્સેસને સ્ટાર કેંપેનરોના પાયાવિહોણા નિવેદન દ્વારા બદનામ ન કરવા જોઈએ.

## આંધ્રપ્રદેશમાંથી સોફ્ટવેર એન્જિનિયર સોહેલની ધરપકડ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) એ આંધ્રપ્રદેશમાંથી સોફટવેર એન્જિનિયર સોહેલની ધરપકડ કરીને રામેશ્વરમ કાફે બ્લાસ્ટ કેસમાં તેની ચાલી રહેલી તપાસમાં એક મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. તપાસ દરમિયાન, સોહેલની નાણાકીય પ્રવૃત્તિઓ, ખાસ કરીને તેની બેંક થાપણોની સંપૂર્ણ તપાસ કર્યા પછી તેને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. મહત્ત્વપૂર્ણ છે કે, સોહેલના પિતા અબ્દુલ ગફૂર, જે એક નિવૃત્ત હેડમાસ્ટર છે, તેમની પણ આ કેસના સંબંધમાં પૂછપરછ કરવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ, રાયદુરગામ શહેરમાં નિવૃત્ત પ્રિન્સિપાલનું રહેઠાણ NIAની તપાસનું કેન્દ્ર બન્યું હતું. કલાકોની શોધખોળ બાદ આચાર્યનો નાનો પુત્ર સોહેલ કે જે બેંગલુરુમાં સોફટવેર એન્જિનિયર તરીકે કામ કરે છે તેને આ કેસમાં પૂછપરછ માટે કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. અહેવાલમાં સૂત્રોને ટાંકીને જણાવ્યા મુજબ, સોહેલના બેંક ખાતામાંથી મોટી રકમ મળી આવી છે, જેનાથી તેના આતંકવાદી સંગઠનો સાથેના સંભવિત સંબંધો અંગે વધુ તપાસ શરૂ થઈ છે. NIAને ૧ માર્ચે આ કેસની તપાસમાં નોંધપાત્ર પ્રગતિ મળી છે. તાજેતરની ધરપકડમાં આંધ્રપ્રદેશના એક ટેકનિકલ નિષ્ણાત અને તેલંગાણામાં ટ્રાન્ઝિટમાં ભૂતપૂર્વ દોષિતનો સમાવેશ થાય છે. ૧ એપ્રિલના રોજ, કુંડલાહલ્લીમાં રામેશ્વરમ કાફેમાં વિસ્ફોટ થયો હતો, જેના કારણે આગ લાગી હતી. જેમાં NIAએ માસ્ટરમાઈન્ડ મુસાવીર હુસૈન શાજીબ અને અબ્દુલ મતીન તાહાની ધરપકડ કરી હતી. અહેવાલો સૂચવે છે કે તેઓ આસામ અને પશ્ચિમ બંગાળમાં છુપાયેલા હતા. આ ધરપકડો તપાસના વિસ્તૃત અવકાશને રેખાંકિત કરે છે, કારણ કે કાયદા અમલીકરણ એજન્સીઓ બેંગલુરુના કુંડલાહલ્લીમાં પ્રખ્યાત કાફેમાં થયેલા દુઃખદ વિસ્ફોટ બાદ ન્યાય અને જવાબદારીની શોધમાં કોઈ કસર છોડી રહી નથી. એજન્સીની કાર્યવાહી કોઈમ્બતુર સુધી લંબાવવામાં આવી હતી, જ્યાં બે ડોકટરોના રહેઠાણોની તપાસ કરવામાં આવી હતી. મૂળ કર્ણાટકના ઝફર ઈકબાલ અને નઈમ સિદ્દીકી નામના આ ડોક્ટરો છેલ્લા બે વર્ષથી કોઈમ્બતુરની એક ખાનગી હોસ્પિટલમાં તાલીમ લઈ રહ્યા છે. વિસ્ફોટો પાછળના માસ્ટરમાઈન્ડ તરીકે ઓળખાયેલા મુસાવીર હુસૈન શાજીબ અને અબ્દુલ મતીન તાહાની પૂછપરછ દરમિયાન એકત્રિત કરવામાં આવેલી માહિતીના આધારે ૧૧ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા સાથે ડ્રેંછ ઓપરેશનનો વ્યાપ સમગ્ર દેશમાં વિસ્તર્યો. આ દરોડા દરમિયાન, મોબાઈલ ફોન અને સિમ કાર્ડ જપ્ત કરવામાં આવ્યા હતા.

## ભયંકર ગરમી, ઝાડ પરથી પડી રહેલા દુર્લભ વાંદરા

। (એજન્સી) મેક્સિકો સિટી, તા.૨૨ ।

ઉનાળામાં માત્ર માણસોની હાલત જ બગડે છે એવું નથી પ્રાણીઓ પણ પરેશાન થાય છે. હીટવેવ કે હીટસ્ટ્રોકને કારણે માત્ર માણસો જ નહીં પ્રાણીઓ પણ મૃત્યુ પામે છે.

મેક્સિકોના દક્ષિણપૂર્વમાં કોમલકાલ્કો વિસ્તારના જંગલમાં હાઉલર વાંદરા મરી રહ્યા છે. કારણ ભયંકર ગરમી અને વધેલું તાપમાન છે. હાઉલર મંકી મેક્સિકોમાં વાનરની એક લુપ્તપ્રાય પ્રજાતિ છે. પરંતુ હાલની ગરમી અને લાંબા દુષ્કાળને કારણે આ વાંદરાઓની હાલત ખૂબ જ ખરાબ છે. સમગ્ર દેશમાં ભારે ગરમી પડી રહી છે. આ અઠવાડિયે ટાબાસ્કો રાજ્યમાં તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયું છે. જેના કારણે અત્યાર સુધીમાં ૮૫ હાઉલર વાંદરાઓના મોત થયા છે. આ સિવાય ૧૭ માર્ચથી ૧૧ મે સુધી હીટવેવને કારણે ૨૬ લોકોના મોત થયા છે. ટાબાસ્કો સિવિલ પ્રોટેક્શન એજન્સીએ જણાવ્યું કે આ વાંદરાઓ ડિહાઈડ્રેશનને કારણે મૃત્યુ પામ્યા છે. ટાબાસ્કો રાજ્યની ત્રણ નગરપાલિકાઓમાં વાંદરાઓના મૃત્યુના સમાચારને સમર્થન મળ્યું છે. કોમલકલકોના જંગલોમાં મોટાભાગના વાંદરાઓ મૃત્યુ પામ્યા છે. વન વિભાગના કર્મચારીઓ હાલમાં આ વાંદરાઓના મૃતદેહ એકત્ર કરી રહ્યા છે. આ સાથે તંત્રે વાંદરાઓને બચાવવા માટે પાણીના મોટા ટબ અને ખાવા માટે ફળોની વ્યવસ્થા કરી છે.

## સચિન ખિલારીએ ભારત માટે પાંચમો ગોલ્ડ મેડલ જીત્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ ।

સચિન ખિલારીએ પુરુષોની શૉટ પુટ F46 ઈવેન્ટમાં ૧૬.૩૦ મીટરના થ્રો સાથે સારું પ્રદર્શન કર્યું. સચિન ખિલારીએ તે થ્રો સાથે કોબેમાં યોજાઈ રહેલી પેરા એથ્લેટિક્સ વર્લ્ડ ચેમ્પિયનશિપ ૨૦૨૪માં ભારત માટે ૫મો ગોલ્ડ મેડલ જીત્યો હતો. સચિન ખિલારીએ પણ તેના મેન્સ શૉટ પુટ F46 વર્લ્ડ ટાઈટલનો બચાવ કર્યો હતો. ભારતે પેરા એથ્લેટિક્સ વર્લ્ડ ચેમ્પિયનશિપ ૨૦૨૪ના છઠ્ઠા દિવસનો અંત ગોલ્ડ મેડલ સાથે કર્યો. ભારત હવે કુલ ૧૧ મેડલ સાથે ત્રીજા સ્થાને છે. ભારત પાસે પાંચ ગોલ્ડ મેડલ, ચાર સિલ્વર મેડલ અને કેટલાક બ્રોન્ઝ મેડલ છે. બીજી તરફ ભારતના સચિન સર્જેરાવ ખેલાડીએ વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં પુરૂષોના શોટ પુટ F46 કેટેગરીમાં એશિયન રેકોર્ડ સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો અને ભારતે પણ ટુર્નામેન્ટમાં અત્યાર સુધીનું તેનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. ભારત પાસે હવે પાંચ ગોલ્ડ સહિત ૧૧ મેડલ છે. અગાઉ ભારતે ૨૦૨૩માં પેરિસમાં ત્રણ ગોલ્ડ સહિત દસ મેડલ જીત્યા હતા. સચિને ૧૦.૩૦ મીટરનો થ્રો કરીને ૧૬.૨૧ મીટરનો પોતાનો રેકોર્ડ સુધાર્યો હતો જે તેણે ગયા વર્ષે પેરિસમાં વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં બનાવ્યો હતો. ગોલ્ડ જીત્યા બાદ સચિને કહ્યું હતું કે "હું આની અપેક્ષા રાખતો હતો અને હું ખૂબ જ ખુશ છું." હું પેરિસ પેરાલિમ્પિક માટે ક્વોલિફાય થઈ ગયો છું.

# ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ગરમીને લઈને રેડ એલર્ટ આપવામાં આવ્યું




ગાંધીનગર એસટી ડેપો ખાતે આરોગ્ય વિભાગ દ્વારા એસટી વિભાગના કર્મચારીઓ, મુસાફરોને ORS આપવામાં આવ્યું. એસટી વિભાગ દ્વારા ગરમીને ધ્યાનમાં લઈને તમામ વ્યવસ્થાઓ કરવામાં આવી.

## બીટ ધ હીટ ના કેમ્પેઈન થી ચાર રસ્તા પર કરેલ આયોજન નિષ્ફળ

। અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદ શહેરમાં ઉનાળાની સિઝન દરમ્યાન હાલ આભમાંથી અગનવર્ષા વરસી રહી છે હાલ શહેરમાં છેલ્લા ૪ દિવસથી ૪૫ ડીગ્રી જેટલું તાપમાન રહેવા પામેલ છે જેને અનુલક્ષીને ભાજપના સત્તાધીશોએ સમગ્ર શહેરમાં વિવિધ જગ્યાઓ પર સ્પ્રીંક્લર મશીન દ્વારા પાણીનો છંટકાવ કરી હીટ ને બીટ કરવાનું અભિયાન ચલાવવાનું આયોજન કરેલ હતું પરંતુ તે આયોજન માત્ર કાગળ ઉપર રહેવા પામેલ હોય તેવું જણાઈ રહ્યું છે હાલ માત્ર દક્ષિણ ઝોનમાં કાંકરીયા, આવકાર હોલ શાહઆલમ જેવી થોડીક જગ્યાઓ પર માત્ર એક જ વાર સ્પ્રીંક્લર મશીન દ્વારા પાણીનો છંટકાવ કરવામાં આવેલ હતો તેમજ ચાર રસ્તાના સીગ્નલ પાસે ઉભેલા વાહનચાલકોને ગરમીના કારણે લુ ના લાગે તે માટે ઉપર લીલા કલરની નેટ નાખવાની પણ વાતો કરેલ હતી પરંતુ એક પણ જગ્યાએ તે લીલા કલરની નેટ નાખેલ નથી જે કડવી વાસ્તવિકતા છે એક તરફ મ્યુ.કોર્પો.ગરમીના તાપમાન બાબતે રેડ એલર્ટ જાહેર કરે છે અને બીજી તરફ ભારતીય જનતા પાર્ટી માત્ર બણગાં ફૂંકે છે જે સત્તાધારી ભાજપના સત્તાધીશો માટે શરમજનક

**બાબત છે**

હાલ નગરજનો અગનવર્ષાની આગમાં શેકાઈ રહ્યાં છે મોટી સંખ્યામાં લોકો ડી-હાઈડેશન થવાના તથા ગરમીથી લુ લાગવાના બનાવોમાં ધણો વધારો જોવા મળી રહયો છે ત્યારે હીટ ને બીટ કરવાનું અભિયાન માટેનું આયોજન માત્ર કાગળ પર ના રહેવું જોઈએ નાગરિકોનું આરોગ્ય જાળવવા હીટ વેવને રોકવા માટે તાકીદે યોગ્ય વ્યવસ્થા ગોઠવવા કોંગ્રેસ પક્ષની માંગણી છે.

### દરોડા પાડવા ગયેલા પીએસઆઈને ઈજા

## ગોમતીપુરમાં ધાર્મિક યંત્ર પર જુગારનો ખેલ,૧૧ની ધરપકડ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

ગોમતીપુર વિસ્તારમાં છેલ્લા એક મહિનાથી દેવ-દેવીના ફોટા, ધાર્મિક યંત્રને દર્શાવવા આધારિત ચાલતા જુગારધામ પર ઝોન-૫ LCB સ્ક્વોડે દરોડા પાડીને કુલ ૧૧ ખેલીની ધરપકડ કરી છે. દેવ-દેવીના ફોટા, શ્રી યંત્રો પર જુગાર રમાડવાની નવી વિચિત્ર મોડેસ ઓપરેન્ડી જોવા મળી છે. ગોમતીપુરમાં બંધ માર્સડન મિલની જગ્યામાં આ જુગાર રમાડવામાં આવતો હોવાની બાતમી ઝોન-૫ LCB સ્ક્વોડના PSI દીપક કુમાવત મળી હતી. પોલીસે દરોડા પાડતા જ નાસભાગ મચી હતી. સ્ક્વોડે જુગારધામ ચલાવનાર મુખ્ય આરોપી કફીલ અહેમદ શેખ સહિત ૧૧ લોકોની ધરપકડ કરી હતી. ઓનલાઈન યંત્રો વેચવાની જાહેરાત કરીને રૂ.૧૧ની બદલામાં દસ ગણા રૂપિયા આપવાની લાલચ આપીને હારજીતનો જુગાર રમાડવામાં આવતો હતો. જુગારધામમાં કોમ્પ્યુટર મૂકવા આવ્યું હતું જેમાં ભગવાનના ફોટા હતા. રમવા આવેલા લોકોએ કોઈપણ એક ભગવાનના ફોટા પર રૂ.૧૧નું ટોકન લેવાનું હોય છે.

### દરિયાપુરની મદરેસોઓમાં સરવેનો મામલો

## શિક્ષક પર હુમલો કરનારા વધુ ૪ લોકોની ધરપકડ કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

ગુજરાત સહિત સમગ્ર દેશની મદરેસાઓમાં સરવેકરવાની શરૂઆત થઈ હતી. ત્યારે અમદાવાદના દરિયાપુરની મદરેસામાં તાજેતરમાં સરવે કરવા માટે ગયેલા શિક્ષક પર ટોળાએ હૂમલો કર્યો હતો. આ મામલે દરિયાપુર પોલીસે ગુનો નોંધીને તપાસ શરૂ કરી હતી. પોલીસે હૂમલો કરનારા આરોપીઓ પૈકી બે આરોપીઓને ઝડપી પાડ્યા હતાં. આ કેસની વધુ તપાસમાં વધુ ચાર આરોપીઓને પકડી પાડવામા આવ્યાં છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદના દરિયાપુરની મદરેસામાં સરવે કરવા ગયેલા શિક્ષક પર ટોળાએ હૂમલો કર્યો હતો. શિક્ષક પર હુમલો કરનાર આરોપીઓ પૈકી બે આરોપીઓની દરિયાપુર પોલીસે ધરપકડ કરી છે. આ ઉપરાંત અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની સાથે સ્થાનિક પોલીસે સર્ચ ઓપરેશન પણ હાથ ધર્યું હતું.

### અમદાવાદમાં બે દિવસ રેડ એલર્ટ

## અમદાવાદમાં પાંચ દિવસ માટે ૪૪થી ૪૫ ડિગ્રી તાપમાન રહે તેવી શક્યતા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

આખું ગુજરાત હાલ અગનભઠ્ઠીમાં ફેરવાયું હોય તેમ મોટાભાગના વિસ્તારોમાં તાપમાનનો પારો વધી રહ્યો છે. ત્યારે હવામાન વિભાગે આજની આગાહીમાં અમદાવાદમાં આગામી પાંચ દિવસ માટે ૪૪થી ૪૫ ડિગ્રી તાપમાન રહે તેવી શક્યતા દર્શાવવામાં આવી છે. જ્યારે આ સપ્તાહમાં ગરમીમાંથી કોઈ રાહત નહીં મળે તેમ પણ જણાવ્યુ છે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના મોસમ વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે ગુજરાતમાં પાંચ દિવસ કેવું વાતાવરણ રહેશે તે અંગેની આગાહી કરી છે. જેમા તેમણે જણાવ્યુ છે કે, ગુજરાતમાં હાલ હવામાન શુષ્ક રહેશે. ઉત્તર ગુજરાતમાં આગામી પાંચ દિવસ હીટવેવની આગાહી છે. જેમા અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા,સાબરકાંઠા, પાટણ અને મહેસાણા માટે પાંચ દિવસ માટે હીટવેવ વોર્નિંગ આપવામાં આવી છે. આ વિસ્તારોમાં તાપમાન ૪૪થી ૪૫ ડિગ્રી રહેવાની શક્યતા છે. આ સાથે મોસમ વૈજ્ઞાનિકે જણાવ્યુ છે કે, સૌરાષ્ટ્રમાં રાજકોટ, જૂનાગઢ, ભાવનગર, અમરેલીમાં આગામી બે દિવસ માટે અને કચ્છમાં ત્રણ દિવસ હીટવેવની આગાહી છે. સુરેન્દ્રનગરમાં ત્રણ દિવસ માટે અને પાટણમાં એક દિવસ માટે હીટવેવની આગાહી આપવામાં આવી છે. અમદાવાદમાં ગરમી અંગેની આગાહી કરતા તેમણે જણાવ્યુ છે કે, છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં ૪૫.૨ ડિગ્રી, ગાંધીનગરમાં ૪૫ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. જ્યારે રાજ્યમાં સૌથી વધુ તાપમાન સુરેન્દ્રનગરમાં ૪૫.૪ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. આ સાથે છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ, ગાંધીનગર, સુરેન્દ્રનગર, અમરેલી અને કચ્છમાં ૪૫ ડિગ્રીની ઉપર તાપમાન નોંધાયુ છે.

## ગુજરાત યુનિવર્સિટીએ લાઇબ્રેરીમાં ફરજ બજાવતાં કર્મચારીને ઘરેબેઠાં એક વર્ષ પગાર ચૂકવ્યો

### તાકીદે પગલાં લેવામાં ન આવે તો જાહેરહિતની અરજી કરવા સસ્પેન્ડેડ પ્રોફેસરની ચીમકી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

ગુજરાત યુનિવર્સિટીમાં ફરજ બજાવતાં એક અધિકારીના પત્નીને સરસપુર વાંચનાલય ખાતે નોકરી કરતાં હતા તે દરમિયાન વર્ષ ૨૦૨૨થી વર્ષ ૨૦૨૩ સુધી સળંગ એક વર્ષ સુધી નોકરીના સ્થળે હાજર ન હોવાછતાં પગાર ચુકવવામાં આવ્યો હોવાની ફરિયાદ સસ્પેન્ડ કરાયેલા પ્રોફેસરે કરી હતી. આ કિસ્સાં અધિકારીના પત્ની સામે આજસુધી કોઈ કાર્યવાહી કરવામાં ન આવતાં ફરિયાદ પીએમઓ સુધી પહોંચી હતી. આગામી દિવસોમાં આ મુદ્દે ભારે વિવાદ ઉભો થાય તેવી પણ શક્યતા છે. યુનિવર્સિટીમાં હાલમાં સમાજવિદ્યા ભવનના પ્રોફેસર મુકેશ ખટ્ટીકને મહિલા પ્રોફેસરની કથિત જાતિય સતામણીના કિસ્સામાં હાલમાં સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ અધ્યાપકે પીએમઓ પોર્ટલ સહિતની જુદી જુદી જગ્યાએ ત્રણ માસ પહેલા ફરિયાદ કરી હતી. આ ફરિયાદમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે, સરસપુર વાંચનાલય ખાતે જે તે સમયે ફરજ બજાવતાં કર્મચારી શ્રીમતી આર.યુ.પારઘી પોતાની ફરજના સ્થળે ફેબ્રુઆરી ૨૦૨૨થી ૧૫મી ફેબ્રુઆરી ૨૩ સુધી ગેરહાજર રહ્યા હતા. આ સમયે તેઓએ કોઈપણ પ્રકારની રજાઓ પણ મુકી નહોતી આમછતાં તેઓ નિયમિત પગાર મેળવતાં હતા. આ અંગેની ફરિયાદ તેમના વિભાગના વડા દ્વારા યુનિવર્સિટી સત્તાધીશો સમક્ષ કરવામાં આવી હતી પરંતુ તેમની સામે કોઈપણ પ્રકારના પગલાં લેવામાં આવ્યા નહોતા. ફરિયાદમાં એવો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે કે, આ મહિલા કર્મચારી સામે જે પ્રકારની ફરિયાદ હતી તેમાં કાયદાકીય કાર્યવાહી કરવાના બદલે તેમના પતિ રાજેશ ડામોર કે જેઓ યુનિવર્સિટી ટાવરમાં ફરજ બજાવે છે તેમને સૌથી સંવેદનશીલ ગણાતા મહેકમ વિભાગના વડા તરીકેની જવાબદારી સોંપી દેવામાં આવી હતી. આમ, જે અધિકારીના પત્ની ઓફીસમાં આવ્યા વગર જ એક વર્ષ સુધી સળંગ પગાર મેળવ્યો તેમની સામે કાર્યવાહીના બદલે તેના પતિને જે તે સમયે મહેકમ વિભાગના વડા બનાવી દેવામાં આવતાં સમગ્ર કિસ્સામાં જાણી જોઈને બચાવવા માટે પ્રયાસ થતાં હોવાના આક્ષેપ પણ કરાયા છે. જોકે, હાલ તો અધિકારીને મહેકમમાંથી દૂર કરવામાં આવ્યા છે. પરંતુ તેમના પત્ની મહિલા કર્મચારી પર હજુ સુધી કોઈ કાર્યવાહી કરાઈ નથી. આ મુદ્દે પગલાં લેવામાં ન આવે તો જાહેરહિતની અરજી કરવાની ચીમકી પણ ઉચ્ચારી છે.

### બોપલ પોલીસે દિક્ષીત ઉર્ફે મોન્ટુ સોની સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી

## લોન કરી આપવાનું કહી ગઠિયાએ નાણાં મેળવીને ફોન ખરીદીને લોન ક્લોઝ કરી નાખી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૨ ।

પાલડીમાં રહેતા એક યુવકે ફેસબુક પર ઈન્સ્ટાકેશ નામના પેજ પર એક જાહેરાત જોઈ હતી. બાદમાં લોન કરાવવા માટે તેને એક ફોન આવ્યા બાદ તેણે પ્રોસેસ કરી હતી. બોપલમાં આવેલા ફોનવાલે શોપમાં તે ગયો ત્યારે એક શખ્સે લોન પ્રોસેસ પણ કરી હતી. જોકે બાદમાં સામે આવ્યુ કે ફોનવાલેમાં મળેલા શખ્સે લોન લઈને તે નાણાંનો ફોન ખરીદીને લોન ક્લોઝ કરાવી હતી. જો કે આરોપીએ હપ્તા ન ભર્યા હોવાથી યુવક સાથે છેતરપિંડી થઈ હતી. જે મામલે બોપલ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પાલડીમાં રહેતા ભાવિક વાઘેલાએ ફેસબુક પર ઈન્સ્ટાકેશ નામના પેજ પર લોનની જાહેરાત જોઈ હતી. તેમાં તેમણે નામ અને નંબરની વિગતો ભરી હતી. જે બાદ તેમને એક મહિલાનો ફોન આવ્યો હતો. આ મહિલાએ આધારકાર્ડ પાનકાર્ડ સહિતના ડોક્યુમેન્ટ માંગતા ભાવિકભાઈએ વોટ્સએપ પર તમામ ડોક્યુમેન્ટ મોકલી આપ્યા હતા. બાદમાં એક શખ્સે ફોન કરીને લોકેશન મોકલતા ભાવિકભાઈ તેમના પત્ની સાથે બોપલમાં ફોનવાલે દુકાન પર ગયા હતા. ત્યાં મોઈન નામના માણસને મળ્યા હતા જેણે લોન પ્રોસેસ શરૂ કરી હતી. ત્યારબાદ ભાવિકભાઈ ત્યાંથી નીકળી ગયા હતા પરંતુ તેમને ફરીથી બોલાવીને બેંક એકાઉન્ટ નંબર સહિતની વિગતો શખ્સોએ મેળવી હતી. ભાવિકભાઈને માત્ર ૨૫ હજારની જ લોનની જરૂર હોવા છતાંય આરોપીઓએ રૂ. ૫૦ હજારની લોન કરી નાખી હતી.












માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨